
સર્વ સત્યનું છેવટ નું સત્ય
પ ર મા ત્મા
લેખક : અનુપ પી શાહ

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

ૐ

## ઋણ સ્વીકાર

આ પુસ્તક લખવા માટે મેં ઘણા ધર્મસાહિત્ય નો ઉપયોગ કર્યો છે. ઘણા લેખકોના વિચારોને સંકલિત કર્યા છે. આ તબક્કે આ સર્વેનું હું ઋણ સ્વીકાર કરુ છું.

સરળ ભાષામાં લખાયેલ આ પુસ્તકનો ઉપયોગ સમાજસેવા માટે વિનામુલ્યે ઉપલબ્ધ કરાવવા માટે નો મારો નમ્ર પ્રયાસ છે. આ પુસ્તક નો હેતુ સામાન્ય માનવી પણ આધ્યાત્મિક ઉત્થાન પામે તે જ છે. આ પુસ્તક નો કોઈ કોપીરાઇટ નથી.

પુસ્તક વાંચ્યા અને સમજ્યા પછી જો ઉપયોગી લાગે તો અન્ય મિત્રોને અને અન્ય ગ્રુપને જરૂરથી મોકલશો.

પુસ્તકની હાર્ડ કોપી પણ થોડા વખતમાં ઉપલબ્ધ થશે. કોઈને પણ રસ હોય તો જણાવશો. વિના મુલ્યે ઉપલબ્ધ થશે.

આપના તરફથી જો કોઈ સુધારા વધારા જરૂરી જણાતા હોય તો જરૂરથી સૂચવશો.

આભાર

અનુપ શાહ

## પ્રકરણ – ૧

## પ્રસ્તાવના

!! કેવલમ શાસ્ત્રમાશ્રીત્ય  ન  કર્તવ્યો હિ નિર્ણય:

યુક્તિહીન વિચારે તુ ધર્મહાનિ: પ્રજાયતે  !!

" કેવળ શાસ્ત્રોના વચન પર આશ્રિત રહી, યુક્તિ વડે વિચારીને (સાચો અર્થ સમજીને) નિર્ણય નથી કરતા તે પ્રજાના ધર્મની હાનિ થાય છે."

મારા અગાઉ ના પુસ્તક "પુરાણો સમજવાની પૂર્વભૂમિકા" વાંચ્યા પછી ઘણા વાચકોએ ચર્ચા કરી સૂચવ્યું કે બધા ઉપનીષદો અને પુરાણોના સાર રૂપ આપ એવું કંઈક સમજાવો કે જેથી શાસ્ત્રોના તથ્યો સાચી રીતે સમજી શકાય. ધર્મ – સંપ્રદાય સંબંધી જે વાડા છે, જે માર્ગો છે તેમાં  મુખ્ય કોણ છે?  પરમાત્મા કોણ છે? વિષ્ણુ કોણ છે? શિવ કોણ છે? શ્રી કૃષ્ણ કોણ છે? આદ્ય શક્તિ શું છે? પ્રકૃતિ શું છે? માયા શું છે? વગેરે ઘણા સવાલો ને કારણે સમાજમાં જે ભ્રમણાઓ અને માન્યતાઓ છે તેના પર પ્રકાશ પડી શકે અને જેને સત્ય સમજવાની તાલાવેલી છે, તેને સત્ય સમજાય તથા 'પરમાત્મા' ની સાચી ઓળખ પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા ધરાવતા થાય.

મેં ઘણા વ્યક્તિઓને મારું સ્પષ્ટ મંતવ્ય સમજાવ્યું કે પુરાણોમાં કોઈ વિવાદ નથી. એમાં તો સર્વ સુંદર સંવાદ છે. જેને સમજવા માટે તેનો ખરો અર્થ જાણવો પડે. પ્રભુના (નારાયણના) મુખેથી ઉચ્ચારાયેલા વેદ ને પ્રશ્ન રૂપે સમજવા માટે ઉપનીષદો ( શ્રુતિ) ની રચના થઇ. જે પણ સામાન્ય માનવી માટે અઘરું હોવાથી તેના મુખ્ય સિદ્ધાંતો અને તથ્યોને પુરાણોમાં કથા,વાર્તા રૂપે સમજાવવાનો પ્રયત્ન થયો.  જેને સમજતા પહેલા હું કોણ છું ? આ જગત કેવીરીતે ઉત્પન્ન થયું? આનો કરનાર કોણ? આમાં મૂળ કારણ કયું? આ બધા પ્રશ્નો  દરેક વ્યક્તિએ પોતાને પૂછવા  જોઈએ. ગીતાજી ની થોડી પણ સમજણ કેળવી હોય તો પહેલા એ સમજવું જરૂરી છે કે " જે આ દેહ છે તે હું નથી. હું તો આત્મા છું. જે જીવાત્મા ત્રણ ગુણોથી યુક્ત (સત્વ, રજ, તમો) અને ફળને માટે કર્મ કરનારો છે તે જ કરેલા કર્મોને ભોગવનારો છે. અને આ તમામ જીવોનું સંચાલન પરમાત્મા દ્વારા થાય છે". બ્રહ્માંડ નું ચોક્કસપણે સંચાલન થવું, પૃથ્વીનું નિયમિત ધરી પર ફરવું, રાત દિવસ ખુબજ ચોક્કસપણે થવા, નિયમિત ઋતુઓ થવી, જમીનમાંથી અનાજ, ફળ-ફૂલ, તેલીબીયા વગેરે ઉગવા

વગેરે અસંખ્ય બાબતો આ સૃષ્ટિના સંચાલનમાં આધિપત્ય રહેનાર પરમાત્માને સમજવા માટેની જીજ્ઞાસા ઉત્પન્ન કરે છે.

પરમાત્મા ને સમજવાની તીવ્ર ઈચ્છા અને કોઈ અલોકિક પ્રેરણા મને આ પુસ્તકના સંકલન તરફ લઇ ગઈ. જેના સંકલન માટે મેં ઉપનીષદના તથ્યો, પુરાણો, ગીતા પર લખાયેલ ટીકાઓ, પરમાત્મા પર વિચાર કરાયેલ પુસ્તકો વગેરેનો અભ્યાસ કર્યો. અને અંતે આ પુસ્તકનું  સંકલન કરવાનો પ્રયત્ન કર્યો. હું જિજ્ઞાસુ અને તત્વજ્ઞાન ને ખોળનારો છું. આથી મારા અભ્યાસ દ્વારા મને જે સાચું લાગ્યું તે આ પુસ્તક રૂપે સંકલિત કરવાનો પ્રયાસ કર્યો છે.

આ પુસ્તકનો અભ્યાસ કરતા પહેલા નીચે દર્શાવેલ મુદ્દાઓ અત્યંત ધ્યાનપૂર્વક વાંચીને એને અનુસરીનેજ આગળ સમજ વધારશો એવી મારી નમ્ર વિનંતી છે.

૧. આ પુસ્તક નો હેતુ કોઈપણ ધર્મ-સંપ્રદાય ના પ્રચાર-પ્રસાર માટે નથી કે કોઈ ધર્મ-સંપ્રદાયની ટીકા માટે નથી. પરંતુ એ દરેકનું તથ્ય ભેગું કરી માત્ર "પરમાત્મા" તરફ આપણું લક્ષ્ય દોરવાનો છે.

૨. તમે જે ધર્મ-સંપ્રદાયમાં છો ત્યાં યોગ્યજ છો. તમારામાં કોઈ સંપ્રદાય પ્રત્યે આસ્થા છે, એનો અર્થ એજ છે કે તમે શ્રદ્ધાવાન છો. શ્રીકૃષ્ણ ભગવાને ગીતાજી (૪-૩૯) માં કહ્યું છે કે *"શ્રદ્ધાવાળો પુરૂષ જ્ઞાન પામે છે. અને તે પ્રાપ્ત કર્યા પછી તરતજ પરમ અધ્યાત્મિક શાંતિ પામે છે"*

વળી એક સુભાષિત માં પણ કહ્યું છે,

શ્રધ્ધયાબુધ્ધને બુદ્ધિ: શ્રધ્ધયા શુધ્ધ્તે મન: !
શ્રધ્ધયા પ્રાપ્ય્તે બ્રહ્મ શ્રધ્ધા પાપ વિનાશિની !!

અર્થાત *"શ્રધ્ધા વડે બુદ્ધિ જાગ્રત થાય છે. શ્રધ્ધા વડે મન પવિત્ર થાય છે અને શ્રધ્ધા વડે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. શ્રધ્ધા પાપનો વિનાશ કરનારી છે."*
મંદિરમાં જતા પહેલા જેમ મંદિરના દરવાજામાંથી પસાર થવું પડે છે, ટ્રેઈનમાં બેસતા પહેલા પ્લેટફોર્મ પર જવું પડે છે તેમ પરમાત્માની સમજ માટે ધર્મ-સંપ્રદાયની જરૂરિયાત અવશ્ય છે.

૩. માત્ર પરમાત્માંને જ  સમજવાનો પ્રયત્ન આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. જેની સ્પષ્ટ સભાનતા પછી જ આ પુસ્તક વાંચવાની શરૂઆત કરવી અને પુસ્તક પૂર્ણ કર્યા સુધી કોઈ ગ્રંથી બાંધવી નહિ.

૪. આ પુસ્તક સેવા રૂપે છે. રજુ કરેલ કોઈ પણ વિચાર પર સંવાદ અવશ્ય કરવો જોઈએ પરંતુ મિથ્યા વિવાદમાં નહિ પડવું જોઈએ. શ્રદ્ધા રાખી રજુ કરેલ વિચાર પર મનન કરવું જોઈએ.

૫. કોઈપણ વિચાર સમજવા માટે વિચારકની અંતઃકરણની વૃત્તિ પારખવાની શક્તિ કેળવવી જરૂરી છે. સાચું શું છે? એ સમજવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

૬. એ સમજવું ખુબ જરૂરી છે કે આપણે **"સર્વ સત્યોનું છેવટનું સત્ય"** સમજવાનું છે. લાંબા શુભ ચિંતન પછી જ ચિત્ત શુદ્ધિ થાય છે, અને ચિત્ત શુદ્ધિ થયા પછી જ કંઇક પોતાના પ્રયાસથી અને કંઇક પરમાત્માની કૃપાથી જીવનનું તત્વ સમજાય છે.

*("પવિત્રતા તો ચિત્ત ની શુદ્ધિ અને વાસનાઓના નાશથી જ થાય છે." મૈત્રયી ઉપનિષદ )*

આશા છે કે આ સુલભ પુસ્તક વડે પરમાત્માની સમજ કેળવીને આ ક્ષણભંગુર દેહમાંથી આસ્થા છોડી વેદ , ઉપનિષદ, પુરાણો તથા ગીતાજીમાં દર્શાવેલ માર્ગે પ્રયાણ કરી, સંસારમાં રહીને જ ચિત્ત અને મનને સંકોચીને ફક્ત પરમાત્મામાં મન લગાડી પહેલા આપણે પોતાનું અસલ સ્વરૂપ ઓળખી શકીએ જેમ કે

૧. અહં ભ્રહ્માસ્મી ! (હું બ્રહ્મ છું – યજુર્વેદ), ૨. અયમાત્મા બ્રહ્મ ! (આ આત્મા બ્રહ્મ છે-અથર્વવેદ), ૩. તત્વમસી ! ( તુ જીવ તે બ્રહ્મ છે- સામવેદ), ૪. પ્રજ્ઞાનમ બ્રહ્મ! (પ્રાણ બ્રહ્મ છે-ઋગ્વેદ).

અને પછી મુક્તિ અને મોક્ષ સુધીની યાત્રા આપણું જીવન ધ્યેય બની રહે.

*નોંધ : અહિ મુક્તિ અને મોક્ષ અલગ શબ્દ રૂપે બતાવ્યા છે. ઘણા વ્યક્તિ મુક્તિ અને મોક્ષ ને એકજ માને છે. જેમ આગળ વધશું તેમ આ બંને વચ્ચેનો ભેદ ખબર પડશે. ભાગવતમાં મુક્તિ અને મોક્ષ ને નીચે મુજબ સમજાવ્યા છે.*

*૧. અજ્ઞાન – કલ્પિત કર્તાપણું, ભોક્તાપણું વગેરે અનાત્મભાવ નો પરિત્યાગ કરીને પોતાના વાસ્તવિક સ્વરૂપ માં સ્થિત થવું એ મુક્તિ છે. (ભા: ૨.૧૦.૭)*

*૨. જીવ જયારે લાકડામાં વ્યાપ્ત અગ્નિની જેમ સમસ્ત પ્રાણી પદાર્થોમાં પરમાત્માંને જ જુએ છે ત્યારે તે અજ્ઞાન રૂપી મળથી મુક્તિ પામે છે.(ભા: ૩.૯.૩૨)*

*૩. જયારે જીવ પોતાને ભૂતો, ઇન્દ્રિયો, ગુણો અને અંત:કરણ થી રહિત તથા સ્વરૂપથી મારાથી અભિન્ન (એકરૂપ) જુએ છે ત્યારે તે મોક્ષ મેળવે છે. (ભા: ૩.૯.૩૩) (ભૂતો,ઇન્દ્રિયો, ગુણો, વગેરે આગળના અધ્યાયમાં સમજશું.)*

*૪. પરમાત્માના શરણથી જ મોક્ષ છે. (ગીતા-૧૮/૬૨)*

*૫. આજ ગુહ્યમાં ગુહ્ય જ્ઞાન છે. આજ મોક્ષ પદ છે. આથી માત્ર પરમાત્માંને જ વશ થવું. (ગીતા-૧૮/૬૩)*

## પ્રકરણ – ૨

# ધર્મ-સંપ્રદાય વિષે થોડું ચિંતન

આ જગતમાં ઘણા પ્રકારના ધર્મ સંબંધી મત ચાલે છે. દરેક ધર્મોમાં અનેક માન્યતા વાળા સંપ્રદાયો અથવા વાડા અથવા પંથો અસ્તિત્વમાં છે. આપણા દેશના ધર્મવાદો અને સર્વે સંપ્રદાયોનું નિરિક્ષણ કરશું તો જણાશે કે તેમાં ઘણા ખરા વેદ, વેદાંગ, દર્શન, શાસ્ત્ર ઈત્યાદી ગ્રંથોને સ્વીકૃત ગણવા સંબંધી એકમત છે. તેઓ વેદને સ્વત: પ્રમાણ સ્વીકારી મૂલાધાર માને છે. આમ છતાંપણ પ્રત્યેક સંપ્રદાય કે ધર્મની શાખામાં ભિન્નતા જોવામાં આવે છે. આનું વાસ્તવિક કારણ શું?

ધારોકે આપણે માની લઈએ કે કોઈ એક  પંથ  કે સંપ્રદાય સાચો અને સંપૂર્ણ  છે. હવે પ્રશ્ન એ છે કે, જો આ સંપ્રદાયના સ્થાપક-આચાર્યશ્રીએ  સમગ્ર જગતમાં પોતાના જે ધર્મ મતની સ્થાપના કરી તે સર્વને સ્વીકાર્ય હોત તો જગતમાં જુદા જુદા મત અને ધર્મ ચાલતે જ નહિ. આનો સાદો અર્થ એમ છે કે      , દરેક ધર્મ કે સંપ્રદાયમાં કંઇક ઉણપ અથવા અધુરપ છે જે બીજા સંપ્રદાયની ઉત્પત્તિ માટે કારણભૂત છે.

હવે ધારીલો કે મૂળ ધર્મ સ્થાપકનો હેતુ સંપૂર્ણ હતો, તો વિચારવાનું એ છે કે તે ધર્મ કે સંપ્રદાયના મૂળ સિદ્ધાંતો અને સમજ આજ સુધી સચવાયેલા છે? સ્થાપકના મૂળ રચનારૂપ કાર્યો આજે અસ્તિત્વમાં છે? જો અસ્તિત્વમાં હોય તો તેમના ધર્મ સંબંધી વિચારો અત્યારે ચલણ માં છે?

ઘણા ધર્મ-સંપ્રદાય, પરમાત્માનું અસ્તિત્વ માનતા નથી. વળી ઘણા ધર્મગુરુ જ સર્વસ્વ છે અથવા ધર્મગુરુ જ ભગવાન છે એવું માને છે. ઘણા સંપ્રદાયોએ પરમાત્માની ઉપાસનાના શુદ્ધ જ્ઞાનમય ચેતન સ્વરૂપનું વિસ્મરણ કરી એવી ભક્તિને પ્રાધાન્ય આપ્યું કે જેમાં અંધશ્રદ્ધા, છલરૂપ પ્રેમ, જડતા વગેરેના કારણે ભક્તિ શું? જ્ઞાન શું? ધર્મનું રહસ્ય શું? વગરેનું  અર્થપૂર્ણ વિવેચન રહ્યું નહિ.

અહિ પ્રશ્ન એ છે કે શું આ ધર્મ  – સંપ્રદાય કે પંથની સ્થાપના પહેલા અન્ય કોઈ ધર્મ અસ્તિત્વમાં નહોતો? ભગવાન નહોતા? હતા તો ત્યારે લોકો કોને અનુસરતા હતા?

ખરેખર તો સંપ્રદાય એ સમય અને પરિસ્થિતિ મુજબ અપનાવવામાં આવેલ ધર્મની એક વ્યવસ્થા છે. જેના સિદ્ધાંતો તે સંપ્રદાયના  સ્થાપના સમયની દેશકાળની  પરિસ્થિતિ મુજબના હોય છે. પરંતુ દરેક સંપ્રદાયનો

મૂળ હેતુ તો આત્માને પરમાત્માનું જ્ઞાન કરાવવાનો છે. બધા સંપ્રદાયના સ્થાપકોએ પોતપોતાના વિચારો કે ભાવોને અનુરૂપ કોઈક સુવ્યવસ્થિત રીતે ચિંધેલા માર્ગ મુજબ પરમાત્મા પ્રાપ્તિનો વિચાર કર્યો છે, એમાં કોઈપણ કલહ કે ઊંચનીચ નો પ્રશ્ન નથી. જેવીરીતે બધી નદીઓ કોઈ પૂર્વમાં, કોઈ પશ્ચિમમાં, કોઈ ઉત્તરમાં, તો કોઈ દક્ષિણમાં જાય છે છતાંપણ સરવાળે બધી સમુદ્રને જ મળે છે તેમ બધા માર્ગ અંતે પરમાત્મા તરફ કોઈકને કોઈક દિશાથી લઇ જનારા હોય છે. આવી સમજ રાખવાને બદલે પોતાને ગમતા સંપ્રદાય સિવાય બીજા સંપ્રદાયમાં ત્રુટી કે ન્યૂનતા શોધવાની કુટેવથી એવો દુરાગ્રહ જોવા મળે છે કે અમારી માન્યતાઓ, સિદ્ધાંતો અને રીતી રીવાજો સાચા છે. અમારાથી અલગ માન્યતાવાળા બધા ખોટા છે. શું આ પ્રકારની સમજ ઈશ્વર કૃત હોઈ શકે?

જે જે પંથો ઈશ્વરના નામ થી ચાલે છે તે દરેક ઈશ્વરના પંથો છે. તે દરેક ખરા છે. એકપણ ખોટા નથી એવું મારૂં સ્પષ્ટ મંતવ્ય છે.

કયો માર્ગ સ્વીકારવો તે આપણા અધિકાર વિવેકની વાત છે. અધિકારની જુદી જુદી કક્ષાઓ છે. એની સૌરભ પણ જુદીજુદી હોય છે.

પુષ્ટિમાર્ગ સ્થાપક શ્રી મહાપ્રભુજીએ પણ કહ્યું છે,

**" સ્વધીકારાનુંસારેણ માર્ગ સ્ત્રેધા ફલાય હિ"**

અર્થાત, *"પોતપોતાના અધિકાર મુજબ દરેક માર્ગ સફળ છે."*

આ સૌરભને વૈચારિક રીતે માણતા શીખવું જોઈએ. કેમકે અંતે તો એક જ  પરમાત્માની દેખાતી અનેકરૂપતા ને અનુરૂપ અનેક સંપ્રદાયો કે માર્ગો પ્રગટ થયા હોઈ શકે. તેથી આપણો માર્ગ સર્વોત્તમ છે અને તે બધા માટે પણ માન્ય હોવો જોઈએ તેવી ભ્રમણા કે ઘેલછા કોઈ દિવસ સેવવી ન જોઈએ.

આને અનુલક્ષીને એક સુંદર ઉદાહરણ રૂપ વાર્તા છે.

પાંચ  આંધળા મિત્રો હતા. દરેક ને હાથીના સ્વરૂપ વિષે જાણકારી પ્રાપ્ત કરવાની ઈચ્છા હતી. એક દિવસ એક પ્રસંગ આવ્યો જયારે હાથી એમના ઘર પાસે આવ્યો હતો. તેમણે મહાવતને વિનંતી કરી કે અમારે હાથીના સ્વરૂપને સમજવું છે. મહાવતે સમજાવ્યું કે તમે જોઈ શકતા નથી તો પછી હાથીને સ્પર્શ કર્યા વગર તમે હાથીના સ્વરૂપને કેવી રીતે સમજી શકશો? દરેકે હાથીને સ્પર્શ કરીને હાથીના સ્વરૂપ વિષે સમજણ કેળવવાનું નક્કી કર્યું.

આ પાંચ મિત્રોએ હાથીને સ્પર્શ કર્યો. બાદમાં મહાવતે પૂછ્યું કે તમને હાથી કેવો જણાયો? પહેલા મિત્રએ હાથીનો પગ પકડ્યો હતો આથી કહ્યું કે હાથી તો થાંભલા જેવો છે. બીજાએ હાથીનો કાન પકડી કહ્યું કે હાથી સુપડા જેવો છે. ત્રીજાએ સુંઢ પકડીને કહ્યું કે હાથી સાંબેલા જેવો છે. ચોથાએ દાંત પકડીને કહ્યુ કે હાથી કપડા ધોવાના પાયા જેવો છે. પાંચમાએ પૂંછડી પકડીને કહ્યુ કે હાથી ઝાડું કાઢવાના સાવરણા જેવો છે.

બસ, દરેક સંપ્રદાયોનું લગભગ આવુ જ છે. સંપ્રદાય કોઈપણ ખોટો કે ખરાબ નથી, પણ દરેક સંપ્રદાયે પોતાની સમજ પ્રમાણે પરમાત્માના સ્વરૂપ વિષે જે અલગ અલગ નિર્ણયો કર્યા, તેને  સંવાદથી સમજવાને બદલે વિવાદિત બનાવી દીધા. અને પરીસ્થિતિ એ થઇ કે દરેક સંપ્રદાયો વચ્ચે  લક્ષ્મણ રેખા દોરાઈ ગઈ. આનાથી ઉત્પન્ન થયેલ જડતાએ પરિસ્થિતિ એટલી હદે ગંભીર બનાવી દીધી કે એક સંપ્રદાયના ચુસ્ત અનુયાયીઓ બીજા સંપ્રદાય નું નામ લેવામાં પણ પાપ સમજવા લાગ્યા. હાથીની વાર્તાની જેમ જ કોઈ સંપ્રદાયે પરમાત્માને નિરાકાર કહ્યો, કોઈએ સાકાર કહ્યો, કોઈએ નિર્ગુણ કહ્યો, કોઈએ સગુણ કહ્યો, કોઈએ કર્તા કહ્યો, કોઈએ અકર્તા કહ્યો, કોઈએ કર્મ માર્ગથી પરમાત્માને પ્રાપ્ત કરવાની રીત બતાવી, તો કોઈએ જ્ઞાનમાર્ગથી અને કોઈએ ભક્તિમાર્ગથી પરમાત્માની સમીપ જલ્દી જવાય તેવું સમજાવ્યું...  વગેરે.

ગીતા ફક્ત નિર્ગુણ નિરાકાર બ્રહ્મ ( પરમબ્રહ્મ ) નું પ્રતિપાદન નથી કરતી પરંતુ સગુણ સાકાર બ્રહ્મ (પર બ્રહ્મ) નું પણ પ્રતિપાદન કરે છે. ગીતામાં જ્ઞાનનું વર્ણન છે તો સાથે જ કર્મનો, ભક્તિનો, વૈરાગ્યનો અને સન્યાસનો પણ ઉપદેશ છે.

શ્રુતિ માં કહ્યું છે,

**સર્વે વેદા યત્પદમામનંતિ !**

અર્થાત *"બધા વેદો ભગવાનના પદનું જ વર્ણન કરે છે."*

આ પદ પણ સ્પષ્ટ કરે છે કે કયા માર્ગે પરમાત્માની ઉપાસના કરવી તે મહત્વનું નથી કારણકે દરેક માર્ગો પરમાત્માની દ્રષ્ટીએ સરખા જ છે.

આમ છતાં પણ દરેકે પોતાની મમત પકડી રાખી વિવાદ ચલાવ્યા રાખ્યા અને આથી જ પરમાત્માની સાચી સમજણ કેળવવાને બદલે આપણે સંપ્રદાયોના લેબલ લગાવી ફરતા રહ્યા. જો વિવિધ સંપ્રદાયોની સમજણને સારીરીતે અને સાચીરીતે સમજી શક્યા હોત તો પરમાત્મા પ્રત્યેની આપણી સમજણ દઢ થઇ શકી હોત અને વિવાદ નું કોઈ કારણ જ ન હોત.

***<u>પ્રમાણ:</u>***

- *(જગતનું પરમ કારણ હું જ છું. બ્રહ્મા અને શિવ પણ હું જ છું. હું સૌનો આત્મા, ઈશ્વર અને સાક્ષી છું. ત્રિગુણાત્મક માયાને અપનાવીને હું જ જગતની રચના, પાલન અને સંહાર કરતો રહું છું તથા મેં તે કર્મોને અનુસાર બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ નામો ધારણ કર્યા છે. આવો ભેદરહિત વિશુદ્ધ પરબ્રહ્મ સ્વરૂપ જે હું છું તેમાં જ અજ્ઞાની મનુષ્ય બ્રહ્મા, રુદ્ર તથા અન્ય સઘળા જીવોને વિભિન્ન રૂપથી જુવે છે.  -ભા.-૪.૭.૫૦-૫૨ )*
- *( જેમ રૂપ, રસ, ગંધ વગેરે ગુણોનો આશ્રય ભૂત પદાર્થ ભિન્ન ભિન્ન ઈન્દ્રીઓ વડે ભિન્ન ભિન્ન રૂપે અનુભવાય છે તેવી જ રીતે શાસ્ત્રોના વિભિન્ન માર્ગ વડે એકજ ભગવાનની અનેક પ્રકારે અનુભૂતિ થાય છે.. - ભા. ૩.૩૨.૩૩)*
- *( જયારે પરમેશ્વર પોતાના માટે શરીરોનું નિર્માણ કરવાની ઈચ્છા કરે છે ત્યારે પોતાની માયાથી રજોગુણ નું અલગ સર્જન કરે છે. જયારે તેઓ ચિત્ર-વિચિત્ર યોનીઓમાં રમણ કરવાની ઈચ્છા કરે છે ત્યારે સત્વગુણ નું સર્જન કરે છે અને જયારે તેઓ વિશ્વનો વિનાશ કરવાની ઈચ્છા કરે છે ત્યારે તમોગુણ ને વધારી દે છે. -ભા. ૭.૧.૧૦)*
- *( આપ જયારે સમસ્ત પ્રપંચથી ઉપરત થઈને પોતાના સ્વરૂપમાં સ્થિત થઇ જાઓ છો ત્યારે તે સ્થિતિ નું નામ "શિવ" પડે છે. વાસ્તવમાં તે જ સ્વયં પ્રકાશિત પરમાર્થ તત્વ છે:-ભા. ૮.૭.૨૯)*

રામ નો  ધર્મ, વિષ્ણુ પંથ, શિવ પંથ, શક્તિ માર્ગ વગેરે ઈશ્વર સંબંધી જે પંથો અને સંપ્રદાયો છે તે સઘળા પરમેશ્વરના અંગ છે. જે સંપ્રદાય ફક્ત એક ભાગ ગ્રહણ કરે છે તે પોતાની માન્યતાની મમતમાં છે. અન્યોને પોતાની મમત છે. અહીં સવાલ એ છે કે કૃષ્ણાવતાર દ્વાપરયુગમાં થયો તો ત્રેતાયુગમાં લોકો કયા ઈશ્વર ને ભજતા હતા? રામાવતાર ત્રેતાયુગમાં થયો તો સતયુગમાં લોકો કયા ઈશ્વરને ભજતા હતા? આપણને હમેશા સમજાવવામાં આવે છે કે સતયુગના જીવો તો સત્યવાદી, સદા દુખની નિવૃતિની અને અખંડ સુખની ભાવના વાળા હતા તો ત્યારે પરમેશ્વર નહોતા?

*( ત્રેતાયુગ પહેલા સતયુગમાં એકમાત્ર પ્રણવ જ વેદ હતો. બધા વેદ શાસ્ત્રો તેના જ અંતર્ભુત હતા. દેવતા એકમાત્ર નારાયણ જ હતા. બીજું કોઈ નહોતું.  -ભા. ૯.૧૪.૪૮)*

આ બધી ચર્ચા પછી લાગે છે કે આપણે પરમાત્મા-પરમેશ્વર ની સાચી સમજ કેળવવાની જરૂર છે. જો કે એ પણ સ્પષ્ટ છે કે પરમાત્મા કોઇથી કળી શકાતા નથી. સામાન્ય મનુષ્ય ને એમ પણ કહેતા સાંભળી શકો કે "હું જોવું તો વાત માનું" અથવા એમ પણ સંભળાય કે "પરમાત્મા જગતકર્તા છે એમ તમે સમજાવો છો તો પ્રત્યક્ષ દેખાતો કેમ નથી?". આ બધાનું કારણ એ છે કે સામાન્ય મનુષ્યના વિચારમાં પરમાત્મા કોઈ મહાન "વ્યક્તિ" હશે એવી કલ્પના હોય છે. આવો પૂર્વગ્રહ પરમાત્માની પ્રત્યક્ષતા કે સાત્સત્કાર સમજવામાં અવરોધરૂપ હોય છે. માટે જ પરમાત્માને સમજવાનો વ્યવસ્થિત પ્રયાસ આપણે કરવો   જ જોઈએ તો જ આપણું અધ્યત્મિક ઉત્થાન શક્ય છે, **<u>અને આજ આ પુસ્તકનો હેતુ છે</u>**.

હવે સવાલ એ છે કે પરમાત્મા વિશેની સાચી સમજણ કેવી રીતે થાય? શુ સાધુ બની બધું ત્યાગી દેવાથી થાય? તો આવા ત્યાગથી શું થાય? બાપને તરછોડીને ગુરુને બાપ કરવાના? છોકરાઓને તરછોડીને શિષ્યોને છોકરા બનાવવાના? મકાન છોડીને મઠ માં વસવાટ કરવાનો? શું માયાને ધીક્કારીને માયા દ્વારા સર્જન થયેલ દસે ઇન્દ્રિયોના કાર્યોનો ત્યાગ શક્ય છે? લઘુશંકા બંધ, ગુરુશંકા બંધ, બોલવાનું બંધ, હલનચલન બંધ, જીભથી કોઈ સ્વાદ નહિ લેવાનો, ચામડીથી કોઈ સ્પર્શ નહિ કરવાનો, આંખોથી કશું જોવું નહિ. શું આ બધું શક્ય છે??? આવા ત્યાગથી ત્યાગી થવાય કે પરાવલંબી થવાય? શું આ ઇન્દ્રિયો આપણે બનાવી છે કે પરમાત્માએ આપી છે? જો પરમાત્માએ આપી છે તો પરમાત્મા પ્રાપ્તિ માટે ઉપયોગમાં લેવાની છે કે ત્યાગવાની છે?

આવા ઘણા પ્રશ્નોની હારમાળા ઉત્પન્ન થાય છે. તો મૂળ સવાલ ફરી કરીએ કે પરમાત્મા પ્રાપ્તિની સમજણ કેવી રીતે થાય? આ પુસ્તકમાં પરમાત્માને સમજવા માટે વિસ્તારથી હવે પછીના પ્રકરણોમાં ચર્ચા કરવામાં આવી છે. આ બધું સમજતા પહેલા સંપૂર્ણ **“કાળ”** ની સમજણ ઊંડાણથી સમજવી પડશે. કયા દેવ ક્યાં સુધી આધિપત્ય (અધિકાર) ભોગવે છે તે સમજવું પડશે. શ્રુષ્ટિ ઉત્પન્ન કેવી રીતે થઇ અને તેનું સંચાલન કેવી રીતે થાય છે તેની જાણકારી પ્રાપ્ત કરવી પડશે. આપણું શરીર કેવી રીતે બને છે? આત્મા શું છે? વગેરે અનેક બાબતોની જાણકારી પ્રાપ્ત કરવી પડશે. ચાલો આપણે શરૂઆત **“કાળ”** ને સમજવાથી કરીએ.

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

## પ્રકરણ – ૩

# "કાળ" ની વિસ્તૃત સમજ

"કાળ" ની સમજ વગર કોઈપણ ધર્મ કે સંપ્રદાયનું જ્ઞાન અધૂરું છે. બધા પુરાણો અને ઉપનીષદોએ કાળનો મહિમા ગાયો છે. મહર્ષિ વેદ વ્યાસે તમામ ૧૮ પુરાણોની રચના કરી તેમનો પણ મુખ્ય ભાર કાળ ને સમજાવવા પર રહ્યો છે. આજ વેદ વ્યાસે ભાગવત પુરાણમાં કૃષ્ણના ગુણગાન ગાયા, શિવપુરાણમાં શિવના ગુણગાન ગાયા, દેવી ભાગવતમાં શક્તિના ગુણગાન ગાયા. આનાથી પુરાણોમાં ખુબ મોટી વિસંગતતા ઉભી થઇ. કેટલાક મહાન વ્યક્તિઓએ પુરાણો પર ટીકાઓ લખી. ટીકા પર પણ ટીકા લખાઈ. જેનો યથાર્થ ભાવ સમજ્યા વગર અણસમજુ વ્યક્તિઓએ વિવાદો ઉભા કર્યા. શું વેદ વ્યાસને એટલી સમજણ નહોતી કે અલગ અલગ પુરાણોમાં એમના વિચારો અલગ પડે છે? પ્રખર જ્ઞાની વ્યક્તિ કે જેઓ વિષ્ણુના અંશાવતાર ગણાય છે તેમણે શું આવી મોટી ભૂલ કરી હોય એમ માની શકાય?

માટે જ આપણે પહેલા કાળની સમજ કેળવવી પડે. કયા ભગવાન તિરોધાન(લય) પામતા પહેલા કયા કાળ સુધી આધિપત્ય ભોગવે છે તેની જાણકારી પ્રાપ્ત કરવી પડે. યુગ, મન્વન્તર, કલ્પ, પરાર્ધ, વિવિધ પ્રલયો વગેરેને વિસ્તૃત સમજવા પડે.

મારા અગાઉના પુસ્તકમાં કાળ વિષે થોડી ચર્ચા કરી હતી. અહિ આપણે કાળને વિસ્તૃત સમજવાનો પ્રયત્ન કરીએ.

આમ તો દરેક પુરાણોએ કાળને સમજાવ્યો છે. આપણે આધાર તરીકે ભાગવત પુરાણ અને દેવી ભાગવત લઈશું.

- *"આ કાળ જ ભગવાનનું ચક્ર છે. જે પ્રાણીઓ ને ભયભીત કરતુ રહી તેમના આયુષ્યને ક્ષીણ કરતુ રહે છે." (ભા: ૩.૮.૨૧)*
- *" જેમની પ્રેરણાથી પ્રકૃતિમાં ગતિ (સંચાર) ઉત્પન્ન થાય છે તે ભગવાનને જ કાળ કહેવામાં આવે છે. આ કાળ ભગવાન, પ્રાણીઓની અંદર જીવરૂપે અને બહાર કાળરૂપ વ્યાપેલા છે." (ભા: ૩.૨૬.૧૭)*
- *"કાળની આ ચેષ્ટાજ અદભુત છે. એ કાળ પહેલા પુરુષને રાજા બનાવે છે અને પછી રંક કરે છે. દાતાને યાચક, બળવાનને નિર્બળ, પંડિતને પાગલ અને શુરવીરને અત્યંત કાયર કરે છે." (દે. ભા. ૫.૨૨.૫૬,૫૭)*
- *" કાળ, પુરુષને ધર્મિષ્ઠ તથા જ્ઞાની કરે છે અને પાછો તે જ પુરુષને અતિશય પાપી અને થોડા પણ જ્ઞાનથી રહિત કરે છે. કાળની આ ચેષ્ટા માં વિસ્મય ન કરવો કેમકે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરેને પણ આવા કષ્ટો પ્રાપ્ત થાય છે. અતિશય બળવાન એ કાળને લીધેજ વિષ્ણુ સૂકર વગેરે યોનિઓમાં અવતાર પામે છે. અને શંકર રૂંઢમાંલાઓ ને ધારણ કરે છે." (દે. ભા. ૫.૨૨.૫૯-૬૧)*

લેખક : અનુપ પી. શાહ મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

પુરાણોમાં આપેલી સમજણ પ્રમાણે કાળના બે સ્વરૂપ બતાવી શકાય. જેમાંનો એક "અખંડ કાળ" કહેવાય છે. આ અખંડ કાળમાં કોઈ ઘડી, પળ કે ક્ષણ ની કલ્પના નથી. આને જ ઘણા "મહાકાલ" તરીકે પણ ઓળખે છે. આજ કાળ ભગવાનની આંખ ખુલવી તે સર્જન, આંખની સ્થિરતા તે જ સ્થિતિ અને આંખ બંધ કરવી તે જ પ્રલય.

ગીતાજી (૧૧.૩૨-૩૩) માં શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને પોતાનું વિશ્વરૂપ દર્શન કરાવ્યું ત્યારે એ વિરાટ દર્શનથી અર્જુન ગભરાઈ ગયા હતા. તેમણે ભગવાનના કાળ સ્વરૂપને ઓળખ્યું ન હતું. જયારે અર્જુને તે વિરાટ સ્વરૂપ વિષે પૂછ્યું ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું:

- *" હે અર્જુન ! હું લોકોનો નાશ કરવાવાળો વૃદ્ધિ પામેલો કાળ છું. આ વખતે લોકોનો નાશ કરવા માટે પ્રવૃત થયો છું. એટલા માટે તારા પ્રતિપક્ષ ની સેનામાં જે સ્થિત યોદ્ધાઓ છે તેઓને તુ નહિ મારે તોપણ તારા પ્રવૃત થયા વિના પણ તેઓ નહિ રહે. ખરેખર તો તેઓ મારાથી પહેલેથી જ મરાઈ ચુક્યા છે. તુ નિમિત માત્ર થા"*

બીજો "ખંડ કાળ" કહેવાય છે જેમાં ઘડી, પળ વગેરેની કલ્પના છે.

ભાગવત પુરાણમાં (૩.૧૧.૧ થી ) તથા દેવી ભાગવત, શિવ પુરાણ અને અન્ય પુરાણોમાંથી સંકલિત કરેલી "ખંડ કાળ "ની સમજણ નીચે મુજબ છે.

*(<u>નોંધ: આ સાથે પાના નંબર ૧૩ પર આપેલ ચાર્ટ -૧ પણ સમજતા જવું ખુબજ જરૂરી છે.</u>)*

પૃથ્વી વગેરેનો જે સુક્ષ્મતમ અંશ છે કે જેનું વિભાજન થઇ શકતું નથી તેને "પરમાણું" કહે છે.

૨ પરમાણું = ૧ અણુ

૩ અણુ=૧ ત્રસરેણું (ઝરૂખામાંથી થઈને આવેલ સૂર્યકિરણના પ્રકાશમાં આકાશમાં ઉડતો કણ)

આવા ૩ ત્રસરેણું ને પાર કરવામાં સૂર્યપ્રકાશને જે સમય લાગે તેને "ત્રુતિ" કહેવાય.

૧૦૦ ત્રુટી = ૧ વેધ


૩ વેધ = ૧ લવ

૩ લવ = ૧ નિમેષ (આંખના પલકારા જેટલો સમય)

૩ નિમેષ = ૧ ક્ષણ અને ૫ ક્ષણ = ૧ કાષ્ઠા (કષ્ઠ)

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

# ચાર્ટ-૧



૧૫ કાષ્ઠા = ૧ લઘુ, ૩૦ કાષ્ઠા = ૧ કળા

૧૫ લઘુ= ૧ નાડીકા(દંડ)

૨ નાડીકા = ૧ મૂર્હુત (બીજી રીતે ૩૦ કળા = ૧ મૂર્હુત )

૬ અથવા ૭ નાડીકા = ૧ પ્રહર (યામ), (મનુષ્યના રાત્રી અથવા દિવસનો ચોથો ભાગ)

૩૦ મૂર્હુત = ૨૪ કલાક = મનુષ્યનો ૧ દિવસ + ૧ રાત્રી

૧૫ દિવસ = ૧ પખવાડિયું (અથવા પક્ષ )

૨ પક્ષ (શુક્લ અને કૃષ્ણ ) = ૧ માસ

૬ માસ = ૧ અયન ( ઉત્તરાયણ અને  દક્ષિણાયન )

૨ અયન = ૧ મનુષ્ય વર્ષ (૩૬૫ દિવસ) , સંવત્સર

*(નોંધ : ગ્રહો, નક્ષત્રો અને  તારા મંડળના અધિસ્થાતા, કાળ સ્વરૂપ ભગવાન સૂર્ય, પરમાણું થી માંડીને સંવત્સર સુધીના કાળમાં નિરંતર પરિક્રમા કર્યા કરે છે. સૂર્ય, બૃહસ્પતિ, ચંદ્ર અને નક્ષત્ર મહિનાઓના ભેદને લીધે આ વર્ષ જ સંવત્સર , પરીવત્સર, ઇડાવત્સર, અનુવત્સર અને વત્સર કહેવાય છે.)*

૧ મનુષ્ય વર્ષ= ૧ દેવ અહોરાત્ર (દેવોનો ૧ દિવસ + ૧ રાત્રી)

૩૬૦ દેવ અહોરાત્ર = ૧ દેવ વત્સર (દેવોનું વર્ષ)

૧૨૦૦૦ દેવ વત્સર = ૧ ચતુર્યુગ (સતયુગ ૪૮૦૦+ ત્રેતાયુગ ૩૬૦૦+ દ્વપર્યુગ૨૪૦૦+ કલિયુગ૧૨૦૦ )

૭૧ ચતુર્યુગ = ૧ મન્વન્તર (જેને "**નિત્ય પ્રલય**" કહેવાય જ્યાં ધરતીના જીવો નો અંત અને પ્રારંભ થાય અને જેનો અધિપતિ મનુ હોય છે. દરેક મન્વન્તર ના મનુ અલગ હોય છે.)

૧૪ મન્વન્તર = ૧ કલ્પ= બ્રહ્માનો ૧ દિવસ (આમ ૧ કલ્પમાં ૧૪ મનુ હોય છે.)

બ્રહ્મા ના ૩૬૦ દિવસ=બ્રહ્માનું ૧ વર્ષ(જેને "**નૈમિતિક પ્રલય**" કહેવાય. દેવોનો અંત અને આરંભ થાય. જેનો અધિપતિ ઇન્દ્ર હોય છે)

બ્રહ્મા ના ૫૦ વર્ષ = ૧ પરાર્ધ

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

૨ પરાર્ધ (બ્રહ્મા ના ૧૦૦ વર્ષ ) = બ્રહ્મા નું આયુષ્ય, બ્રહ્માનો લય અને આરંભ, અધિપતિ બ્રહ્મા(“**પૃથ્વી પ્રલય**”)

બ્રહ્મા ના ૧૦૦ વર્ષ = વિષ્ણુ નો ૧ પહોર (વિષ્ણુ ના દરેક પહોરમાં બ્રહ્મા અલગ હોય છે)

વિષ્ણુ ના ૮ પહોર = વિષ્ણુનો ૧ દિવસ

વિષ્ણુના ૩૬૦ દિવસ = વિષ્ણુનું ૧ વર્ષ

વિષ્ણુના ૧૦૦ વર્ષ= શિવની ૧ ઘડી ( જે “**મહાપ્રલય**” તરીકે ઓળખાય છે, વિષ્ણુનો અંત અને આરંભ. અહિ સુધી “વિષ્ણુ કલ્પ” કહેવાય જ્યાં વિષ્ણુ નું આધિપત્ય હોય છે જે વિષ્ણુ પુરાણ માં દર્શાવેલ છે.)

શિવની ૬૦ ઘડી = શિવનો ૧ દિવસ (શિવ ની દરેક ઘડી માં વિષ્ણુ વારંવાર પ્રગટ થાય છે)

શિવના ૩૬૦ દિવસ = શિવનું ૧ વર્ષ

શિવના ૧૦૦ વર્ષ = પરબ્રહ્મની(નારાયણ+નારાયણી અથવા શિવ+શક્તિ) ની  ૧ પળ (જે શિવ પુરાણમાં દર્શાવેલ છે)

પરબ્રહ્મનું ૧ વર્ષ = પરબ્રહ્મ ની ૧ વિપળ = મહાકલ્પ (જેને “**આત્યંતિક પ્રલય**” કહેવાય છે.)

અહિ  સર્વ માયા સંકેલાય છે. અને પરબ્રહ્મ, પરમબ્રહ્મ માં બીજ રૂપે સમાય છે.

*(બે પરાર્ધની સંખ્યાથી મપાયેલ કાળ આવે છે ત્યારે પોતે જગતકર્તા હોવા છતાં બ્રહ્માના એક દિવસમાં ચાર યુગો થઇ જાય  છે. ચૌદ ઇન્દ્રો સ્વર્ગલોકમાંથી પડી જાય  છે. તે જ પ્રમાણે બ્રહ્માથી બે ગણા કાળે વિષ્ણુ મરવા તૈયાર થાય છે અને તેના બે ગણા કાળે શંકર શાંતિ પામે છે. -દે. ભા. ૫.૩૧.૧૦-૧૨)*

*(સૃષ્ટી નો ક્રમ બધા કલ્પોમાં એકસરખો છે. જુદાપણું છે તો માત્ર એટલુજ કે “મહા કલ્પ” ના પ્રારંભમાં*

*પ્રકૃતિ માંથી ક્રમશ: મહતત્વ વગેરેની ઉત્પત્તિ થાય છે અને “કલ્પો” ના પ્રારંભમાં પ્રાકૃત સૃષ્ટી તો જેમની*

*તેમજ રહે છે, ચરાચર પ્રાણીઓની વૈકૃત સૃષ્ટી નવા રૂપે થાય છે.-ભા. ૨.૧૦.૪૬)*

*( જે સમયે બ્રહ્માનું પૂરું આયુષ્ય – બે પરાર્ધ સમાપ્ત થઇ જાય  છે ત્યારે કાલશક્તિના પ્રભાવથી બધા લોક નષ્ટ થઇ જાય છે. પંચભૂતો અહંકારમાં, અહંકાર મહતત્વ માં અને મહતત્વ પ્રકૃતિમાં લીન થઇ જાય  છે. તે સમયે એકમાત્ર આપજ શેષ રહો છો. તેથી જ આપનું એક નામ શેષ પણ છે. -ભા. ૧૦.૩.૪૭)*

*નોંધ:*

*૧. કોઈપણ સમજુતીને વારંવાર વાંચીને, દરેક શબ્દને સાચી રીતે સમજવા પ્રયત્ન કરવો અને તેનો સાચો અર્થ ગ્રહણ કરવો. દા.ત. "પરબ્રહ્મ"(સગુણ) અને "પરમબ્રહ્મ" (નિર્ગુણ) વગેરે.*

*૨. દીર્ઘ દ્રષ્ટીએ વિચારીએ તો વિષ્ણુ, શિવ, શક્તિ, પરબ્રહ્મ, પરમબ્રહ્મ વગેરે એક જ પરમાત્માના નામ છે.  (ભગવાન જગતના ધારણ-પોષણ માટે ધર્મમય વિષ્ણુ રૂપે દેવતા, મનુષ્ય, પશુ-પંખી વગેરે રૂપોમાં અવતાર લે છે. પ્રલયનો સમય આવતા તે જ ભગવાન કાલાગ્ની રૂપ "રુદ્ર"નું રૂપ લઈને પોતેજ બનાવેલા આ વિશ્વને પોતાનામાં લીન કરી દે છે -ભા. ૨.૧૦.૪૨,૪૩)*

*૩. અહીં આત્યંતિક પ્રલય વખતે પરબ્રહ્મ **"ૐ સો અહમ"** ( હું અનેક રૂપે છું તે એક રૂપ થાઉં) એમ કહે છે અને માયા સંકેલાય છે. અહીં માયા તત્વ રૂપે (એટલે કે પહેલા જે પુરૂષ+ પ્રકૃતિ હતા તે બીજ રૂપે)  પરમાત્મામાં (પરમબ્રહ્મ માં ) સમાય છે. અને ૧૦૦ વર્ષ સુધી "કુંભક" ની સ્થિતિ માં રહે છે. ત્યાર પછી ફરી "રેચક" ની સ્થિતિ થાય છે ત્યારે **"ૐ એકોહમ બહુસ્યામ"** ( હું એક રૂપે છું તે બહુ રૂપે થાઉં) ની વેદ નારાયણ (પરબ્રહ્મ) ઈચ્છા કરે છે (જે વેદમાં મૂળ વાક્ય છે)  અને ફરીથી વિશ્વના સર્વ જીવાત્માઓનો જન્મ તેમના પહેલાના કર્મ અનુસાર થાય છે.*

*૪. પરમાત્માથી સામાન્ય જીવો સુધીનો વિસ્તાર ટૂંકમાં સમજીએ તો*

*પરમાત્મા (પરમબ્રહ્મ, નિર્ગુણ) →પર બ્રહ્મ (સગુણ વિગ્રહ, અવિનાશી બ્રહ્મ, સૃષ્ટી ઉત્પન્ન થતી વખતે નારાયણ અથવા વેદ નારાયણ અથવા વિરાટ પુરુષ+મૂળ પ્રકૃતિ ઉભય સ્વરૂપનું યુગ્મ સ્વરૂપમાં પરિવર્તન અથવા પ્રલય વખતે શિવ) → ઈશ્વર લોક  (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈશ્વરના અવતારો  અને શક્તિના અવતારો)   → દેવ લોક (સ્વર્ગ લોક વગેરે જેમાં ઇન્દ્ર, વરૂણ, દિકપાલ, અશ્વનીકુમાર, અગ્નિદેવ, સૂર્ય, ચંદ્ર વગેરે )     → પૃથ્વી લોક (જેમાં વનસ્પતિ વગેરે "જડાયુંજ", પાણી માં ઉત્પન્ન થનારા "જલાયુજ", પૃથ્વી પર ઉત્પન્ન થનારા જીવોમાં ગર્ભમાંથી ઉત્પન્ન થનાર "જરાયુજ", માટી માં ઉત્પન્ન થનાર "ઉદભીજ" , ઈંડા માં ઉત્પન્ન થનારા "અંડજ", પરસેવાથી ઉત્પન્ન થનારા "સ્વેદજ" વગેરેનો સમાવેશ થાય છે). આ દરેક જીવોમાં "અભિનિવેશ" નામનો કલેશ હોય છે જેનો અર્થ છે દરેક જીવોને જીવવાનો આગ્રહ હોય છે. મનુષ્ય જરાયુજ વિભાગમાં આવે છે. જરાયુજ થી બીજા જીવો નિમ્ન કક્ષા ના છે. તેઓ ભોક્તા માત્ર છે. મનુષ્ય નવા નવા કર્મ કરી શકે છે અને ભોગવી પણ શકે છે.*

*(વિસ્તૃત ચર્ચા હવે પછીના પ્રકરણોમાં આવશે.)*

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

## પ્રકરણ – ૪

## "બ્રહ્માંડ" ની ઉત્પત્તિ

"બ્રહ્માંડ" ની ઉત્પત્તિ સમજતા પહેલા પરમાત્માને સમજવા જરૂરી છે. પરમાત્માની સમજ આ પુસ્તકને અંતે થોડા ઘણા પ્રમાણમાં આપના અધ્યાત્મિક ઉત્થાન અનુસાર આપ મેળવી શકશો. કારણકે પરમાત્માને સંપૂર્ણ રીતે કોઈ સમજી શક્યું નથી.

બૃહદારણયક ઉપનિષદ અધ્યાય – ૫ માં જણાવ્યા મુજબ

||ॐ **પૂર્ણમદ: પૂર્ણમિદમ પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે**

**પૂર્ણસ્ય પૂર્ણમાંદાય પૂર્ણમેવાવશિસ્યતે** ||

"ॐ એ પૂર્ણ બ્રહ્મ છે. આ જગત પૂર્ણ છે. એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે. એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ તો પૂર્ણ બ્રહ્મજ બાકી રહે છે."

કેન ઉપનિષદ ખંડ-૧, શ્લોક-3 માં જણાવ્યા મુજબ *"એ પરમાત્મા તત્વ આપણે જેટલું જાણીએ તેનાથી જુદું છે. અને જે નથી જાણતા તેનાથી પણ પર છે."*


અત્યારે અલ્પ સમજણથી માની લઈએ કે આ સમગ્ર સંસારને ચલાવવાવાળો કોઈક ધણી છે. જેને આપણે "પરમાત્મા" અથવા "પરમેશ્વર" અથવા "પરમબ્રહ્મ" કહીશું. જેમને માટે વેદ અને ઉપનિષદ માં અનાદિ, અનંત, અજર, અમર, અવિનાશી, અવિચળ, અદ્વેત, અભેદ, અકર્તા, અખંડાનંદ, સ્વયંપ્રકાશ, નિરામય, કૂટસ્થ, સર્વશક્તિમાન, સર્વેશ્વર, અનુશાસક, અનુપમ, અવર્ણનીય, સર્વાત્મા, નિરંજન, નિરાકાર, નિર્લેપ, નિર્દોષ, નિશ્ચલ, સર્વરી, સર્વવ્યાપી, ગુણાતીત, માયાતીત, અક્ષરાતીત, પરમાનંદ, સનાતન, જેવા વિશેષણ વાપરવામાં આવ્યા છે.

આ પરમાત્માતત્વથી જ સમગ્ર બ્રહ્માંડ છે. સમગ્ર બ્રહ્માંડમાં પરમાત્મા જાતે પ્રવેશ કરે છે. અને સર્વ વસ્તુમાં વ્યાપ્ત છે.

***નોંધ: આ સાથે પાના નંબર ૧૮ પર આપેલ "ચાર્ટ- ૨" સમજવો ખુબ જરૂરી છે.***

લેખક : અનપ પી. શાહ મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

# ચાર્ટ-૨



હવે ધારો કે ચારે બાજુ અંધકાર છે. આ સૃષ્ટીમાં કંઇ જ નથી. ન સૂર્ય, ન ચંદ્ર, ન નક્ષત્રો, ન અન્ય ગ્રહો, ન દિવસ, ન રાત. અગ્નિ, પૃથ્વી વાયુ, જળની પણ સત્તા નથી. બીજા કોઈ તેજની પણ ઉપલબ્ધી નથી. દિશાનું પણ ભાન નથી. અને આ સમયે કાળની સમજ (પ્રકરણ-૩) માં આપણે સમજ્યા તેમ પરમાત્મા નવી સૃષ્ટી ઉત્પન્ન કરવાની ઈચ્છાથી રેચકની સ્થિતિમાં છે. આ સમયે શ્રુતિમાં દર્શાવેલ “તત્સદબ્રહ્મ” માં નું એકમાત્ર “તેજ” કે “સત” જે શેષ છે તે એમની નાભીમાંથી (અહિ નાભી એક કલ્પના રૂપ શબ્દ છે) બીજરૂપે અથવા એકાકાર “**મહતત્વ**” રૂપે ઉત્પન્ન થાય છે. ( જે આંત્યતિક પ્રલય વખતે બીજ રૂપે સમાયું હતું.) આ મહતત્વ ઉભય (એકાકાર બીજ)  સ્વરૂપે હોય છે અને પછીથી તે બે ભાગમાં (યુગ્મ) વહેચાય છે.

***(આ સાથે ચાર્ટ-૨ સમજતા જવું)***

## ***પહેલો ભાગ તે પુરૂષ તત્વ અથવા અવિનાશી બ્રહ્મ :***

( જેને આપણે શ્રુષ્ટિ ઉત્પન્ન થતી વખતે “નારાયણ” તરીકે  અથવા લય પામતી વખતે  “શિવ” તરીકે ઓળખીએ અને અહિ સમજ માટે “પરબ્રહ્મ” તરીકે ઓળખીએ કે જે પરમાત્માનું “સાકાર સ્વરૂપ” છે. ).

આ અવિનાશી બ્રહ્મ ની ગતિ બે પ્રકારની છે.

પહેલી  **“જ્ઞાન ગતિ”** ( વેદમાં જેને “ પ્રજ્ઞાનમ બ્રહ્મ”, અથવા બ્રહ્મ શુદ્ધ જ્ઞાનમય તત્વ છે તે રીતે દર્શાવ્યું છે).

બીજી ગતિ  **“ચૈતન્ય ગતિ”**. (આ ચૈતન્ય ગતિ સૂર્યના જેવી છે. તેજ થી તે વ્યાપ્ત છે. આ જ ગતિથી દરેક સ્થૂળ દેહમાં ચૈતન્ય અથવા આત્માનું સ્થાપન થાય છે. જેમ સૂર્ય ખુબ તપતો હોવા છતાં વચ્ચે ના વાતાવરણમાં તેજ પાથર્યા સિવાય પૃથ્વી પર જ્યાં પડે છે ત્યાં તેજ પાથરે છે તેમ ચૈતન્ય ગતિ સ્થૂળ દેહમાં “આત્મા” નું સ્થાપન કરી તેના સીધા સંપર્કમાં રહે છે.).

આ બંને ગતિ સયુંકત રીતે  **“પરમગતિ”** તરીકે ઓળખાય છે.

## ***બીજો ભાગ નારી તત્વ*** :

(જેને મૂળ પ્રકૃતિ, આદ્યશક્તિ, નારાયણી કે પરમાત્માની શક્તિ તરીકે ઓળખીએ).

આમાં જે પુરુષ તત્વ છે (નારાયણ) તે “**એકોહમ બહુસ્યામ**” ( હું એકરૂપે છે તે બહુરૂપે થાઉં, વેદ નો મૂળ

મંત્ર) ની ઈચ્છા કરે છે અને પ્રથમ તેમાંથી **"અહંકાર"** ઉત્પન્ન થાય છે. અને જે "મૂળ પ્રકૃતિ" તત્વ છે તેમાંથી **"નિર્ગુણ માયા"** ઉત્પન્ન થાય છે.

*પ્રમાણ:*

- *(હું પુરુષ છું અને પુરુષના સ્વભાવવાળી છું. અવિનાશી બ્રહ્મ સ્વરૂપ મારામાં પુરુષ-પ્રકૃતિ ઉભય પણે વસેલા છે. -દે. ભા. ૫.૧૦.૩૨)*
- *(મારો પતિ સગુણ વિગ્રહે સર્વ કર્તા, સર્વ સાક્ષી અને નિર્ગુણ વિગ્રહે અકર્તા, નિસ્પૃહ, નિર્ગુણ, મમતા રહિત, અનંત, નીરાશ્રય, સર્વવ્યાપી, પૂર્ણ, સર્વ દ્રષ્ટા અને સર્વનું રક્ષણ કરનાર એક પરમાત્મા  જ છે. -દે. ભા. ૫.૧૨.૭-૮)*
- *(હું તે પરમેશ્વરની ઈચ્છા રૂપ છું. અને સમગ્ર જગતને રચું છું. એ વિશ્વાત્મા મને જોયા કરે છે, અને હું તેની કલ્યાણમયી પ્રકૃતિ છું. તેના સમીપ્યને લીધેજ મારામાં હમેશા ચેતન્ય રહે છે. હું તો જડ છું. જેમ લોહચુંબકના સામીપ્યથી લોખંડમાં ચેતના જણાય છે તેમ પરમેશ્વરના સંયોગથી હું સચેતન થાઉં છું. -દે.ભા. ૫.૧૬.૩૫-૩૮)*

ઉપર આપણે પરબ્રહ્મની પરમગતિ વિશે સમજ્યા તેમાંથી જે "જ્ઞાનગતી" છે તે "નિર્ગુણ માયા"ના સંપર્કમાં આવવાથી તેની ત્રિગુણાત્મક ગ્રંથિ (સત્વ, રજો, તમો) પડે છે. અને હવે તે "પ્રકૃતિ",  "ભૌતિક પ્રકૃતિ", "નીકૃસ્ત પ્રકૃતિ" અથવા "મહદબ્રહ્મ પ્રકૃતિ" તરીકે ઓળખાય છે.  અહિ એ સમજવું ખુબ જરૂરી છે કે પુરુષની અહંકૃત ભાવનાથી જ મૂળ પ્રકૃતિની સામ્યાવસ્થા નો ભંગ થાય છે.

આ "ભૌતિક પ્રકૃતિ" અથવા "સગુણ માયા" જ ભલભલા જ્ઞાનીઓના ચિતને આકૃષ્ટ કરીને મોહમાં નાખી દે છે. (ઘણા વ્યક્તિઓ  **"મૂળ પ્રકૃતિ"** અને  **"ભૌતિક પ્રકૃતિ"** વચ્ચે નો ભેદ સમજતા નથી અને બધી પ્રકૃતિને માયા તરીકે ગણે છે. હકીકતમાં મૂળ પ્રકૃતિ "નિર્ગુણ" છે અને ભૌતિક પ્રકૃતિ "ત્રિગુણાત્મક" છે.)

*પ્રમાણ:*

- *(હે અર્જુન ! મારી મહદબ્રહ્મ પ્રકૃતિ, ત્રિગુણાત્મક માયા દરેક ભૂતોની યોની છે. તે ગર્ભાધાનનું સ્થાન છે અને હું એ યોનીમાં ચેતનરૂપ બીજને સ્થાપન કરુ છું. તે ચેતનાના સંયોગથી દરેક જીવોની ઉત્પતિ થાય છે. -ગીતા ૧૪.૩-૪)*
- *(જે ત્રિગુણાત્મક, નિત્ય અને કાર્ય –કારણ રૂપ છે તથા પોતે નીરવીસેશ હોવા છતાં પણ વિશેષ ધર્મો નો આશ્રય છે તે પ્રધાન તત્વ ને પ્રકૃતિ કહે છે– ભા.-૩.૨૬.૧૦ )*
- *(ભૌતિક પ્રકૃતિ ત્રણ ગુણોની બનેલી છે. સત્વગુણ, રજોગુણ તથા તમોગુણ. જયારે સનાતન જીવ આ પ્રકૃતિ ના સંસર્ગમાં આવે છે ત્યારે તે આ ગુણો થી બદ્ધ થઇ જાય  છે. -ગીતા ૧૪.૫)*
- *(ઘણા પ્રકારની યોનીઓમાં જેટલા શરીરો ઉત્પન્ન થાય છે તેને ત્રિગુણાત્મક માયા દ્વારા શક્ય બનાવાય છે અને હું તેમનો બીજ પ્રદાન કરનાર પિતા છું. -ગીતા ૧૪.૪)*
- *(પરમાત્માની વિર્યરૂપી ચિત-શક્તિ થી ઉત્પન્ન થયેલા "મહતત્વના વિકૃત થવાથી" તેમાંથી ક્રિયા-શક્તિ પ્રધાન "અહંકાર" ઉત્પન્ન થયો, તે વૈકારીક, તેજસ અને તામસ એવા ત્રણ પ્રકારનો છે. -ભા.-૩.૨૬.૨૫)*

- *(આ સત્વ, રજ અને તમોમયી શક્તિઓ ક્યારેક "પરબ્રહ્મ" માંથી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તેમનામાજ લીન થઇ જાય છે. -ભા. ૪-૩૧-૧૭)*
- *(સર્વવ્યાપી પરમાત્મા કે જે પ્રાણી માત્રના આત્મા છે, આ સૃષ્ટી ના નિર્માણ પૂર્વે એકમાત્ર તે જ હતા. પરમાત્માએ સંકલ્પ કર્યો કે " હું અનેક થઇ જાઉં" ત્યારે એમની ઈચ્છાનું અનુસરણ કરતુ એમનું સ્વરૂપ અનેક રૂપોમાં થઇ ગયું. તે જ પરમાત્મા દ્રષ્ટા રૂપે (સાકાર રૂપે) અનેક રૂપોમાં થયા. આ પ્રમાણેના સંકલ્પ થી ભગવાનની કાર્ય-કારણરૂપ અને ભગવાનના સંકેતને જીલનારી શક્તિએ આ જડ-ચેતનાત્મક વિશ્વનું નિર્માણ કર્યું. -ભા: ૩.૫.૨૫)*
- *(બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઇન્દ્ર, વરુણ, વાયુ, સર્વ દેવો, મનુષ્યો, ગંધર્વો વગેરે એ સર્વ માયાને વશ થઇ બંધન તથા મોક્ષ ને પાત્ર બને છે. તે મહામાયાએ સ્થાવર જંગમ આ સર્વ જગતને સર્જ્યું છે. જ્ઞાન હોવા છતાં બ્રહ્મા, વિષ્ણુ અને શંકર વગેરે પણ પ્રારબ્ધ કર્મના ભોગ પર્યંત માયા બાકી રહેલ હોવાથી જન્મ મરણના ફેરામાં ભમ્યા કરે છે. -દે. ભા. ૫.૩૩.૯-૧૪)*

આ ત્રિગુણાત્મક પ્રકૃતિ થી અંડ(ઈંડું) ઉત્પન્ન થાય છે જે બ્રહ્માંડ ( બ્રહ્મ+અંડ) કહેવાય છે. ત્રિગુણાત્મક પ્રકૃતિના ના રજોગુણ થી બ્રહ્મા, સત્વગુણ થી વિષ્ણુ અને તમો ગુણ થી મહેશ (રુદ્ર)  સર્વપ્રથમ ઉત્પન્ન થાય છે. ***(ચાર્ટ-૨ બરાબર સમજવો)***

**ખાસ નોંધ:**

ઉપર દર્શાવેલ સમજુતીમાં  શુદ્ધ બ્રહ્મવાદી માન્યતાવાળા કદાચ સંમત નહિ થાય કારણકે તેઓ મૂળ પ્રકૃતિ ના અસ્તિત્વમાં માનતા નથી અથવા તેઓ મૂળપ્રકૃતિને પણ ફક્ત માયા તરીકેજ ઓળખે છે. પરંતુ નીચે દર્શાવેલ સમજુતીથી આ વાત સ્પષ્ટ થશે.

થોડી વિસ્તારથી ચર્ચા કરીએ તો "ભારતીય દર્શન શાસ્ત્રો" માં છ પ્રકારના શાસ્ત્રો બતાવ્યા છે. (દર્શન નો સામાન્ય અર્થ છે જોવું. પણ અહિ વિશિષ્ઠ અર્થ થાય છે આંતર અથવા દિવ્ય ચક્ષુ વડે જોવું. ઋષિઓની સમાધિ અવસ્થામાં આંતર ચક્ષુ દ્વારા પ્રાપ્ત થયેલ સિદ્ધાંતોનું સંકલન આ ગ્રંથોમાં છે.)

૧. સાંખ્ય દર્શન ( કપિલ મુની)

૨. યોગ દર્શન  (પતંજલિ મુની)

૩. ન્યાય દર્શન  (ગૌતમ મુની)

૪. વૈશેષિક દર્શન ( કણાદ મુની અથવા કણ્વ મુની)

૫. પૂર્વ મીમાંસા દર્શન (જૈમિની મુની)

૬. ઉત્તર મીમાંસા દર્શન (બાદરાયણ મુની અથવા વ્યાસજી )

અહિ સાંખ્ય દર્શનમાં કપીલમુની કે જેઓ વિષ્ણુના અંશાવતાર કહેવાય છે તેમણે "પ્રકૃતિ" ને જગત નું કારણ માન્યું છે. સાથે જ ત્રીજા અધ્યાયમાં લખ્યું છે કે પરમાત્મા ભલે આ જગતનું ( સૃષ્ટી રચનાનું) " ઉપાદાન કારણ" ન હોય પણ "નિમિત કારણ" જરૂર છે.

આના પરથી એટલું સમજી શકાય કે "પ્રકૃતિ" એ આ જગતની રચના "પરમાત્મા" ની પ્રેરણાથી કરી છે.

સાંખ્ય દર્શન માં પુરુષ અને પ્રકૃતિના ભેદ પડેલા છે આથી તે "દ્વૈત દર્શન" કહેવાય છે. આમ સાંખ્ય દર્શન એ "દ્વૈતવાદ" છે. દ્વૈત એટલે બે. પુરુષ અને પ્રકૃતિ.

ઉત્તર મીમાંસા દર્શનમાં "બ્રહ્મસૂત્ર"માં અદ્વૈત સિદ્ધાંત રજુ થયો છે. આ સિદ્ધાંત મુજબ જગતનું કારણ એક જ છે "બ્રહ્મ" (આ બ્રહ્મ એટલેજ પરબ્રહ્મ, પુરુષ+પ્રકૃતિ ઉભય સ્વરૂપ)

સાંખ્ય દર્શન અને બ્રહ્મસુત્રના સંસ્કૃત શ્લોકોને જો યથાર્થ રૂપે સમજવામાં આવે તો બંનેમાં એ રજૂઆત થયેલ છે કે જગતની ઉત્પત્તિમાં પરમાત્મા સીધા "કર્તા" નથી . પરંતુ પરમાત્માની પ્રેરણાથી પ્રકૃતિએ જગતની રચના કરી છે ( ફરી જુઓ ચાર્ટ-૨). ગીતાજી અને ભાગવતમાં પણ આ જ વાત લખી છે. જેના અસંખ્ય પ્રમાણ મળે છે. કેટલાક અહિ ટાંક્યા છે.

*પ્રમાણ:*

- *"હે પરમાત્મા! તમે અકર્તા છો અને માયાના આવરણથી રહિત છો, તો પણ જગતની ઉત્પતિ સ્થિતિ અને પ્રલય એ તમારા જ કર્મ માનવામાં આવ્યા છે કારણકે સર્વાત્મ રૂપે તમેજ સઘળા કાર્યોના કારણ છો અને પોતાના 'શુદ્ધ સ્વરૂપમાં' આ કાર્ય કારણ ભાવ થી સર્વથા પર છો (ભા. ૫.૧૮.૫) "*
- *"તે જ સમયે નંદ પત્ની યશોદાના ગર્ભથી તે યોગમાયાનો જન્મ થયો, જે પરમાત્માની શક્તિ હોવાના કારણે તેમના જેવીજ જન્મ રહિત છે. (ભા. ૧૦.૩.૪૭)"*
- *"આ વિરાટ પુરુષ ( નારાયણ) જ પ્રથમ જીવ હોવાને કારણે સમસ્ત જીવોનો આત્મા, જીવરૂપ હોવાને કારણે પરમાત્માનો અંશ અને પ્રથમ અભિવ્યક્ત (પ્રગટ) થવાને કારણે ભગવાનનો આદિ અવતાર છે. ( ભા. ૩.૮.૮) "*

હવે જો આપણે પરબ્રહ્મ(ઉભય સ્વરૂપ, એકાકાર બીજ) નું અસ્તિત્વ ન માનીએ અને પરમાત્માને જો સીધા "કર્તા" (જગત કર્તા) માનીએ તો તેમને ઘણા દોષ લાગે છે. ઉદાહરણ તરીકે સમજીએ:

૧. વેદોમાં પરમાત્માને "ગુણાતીત" કહ્યા છે. હવે જો સૃષ્ટી ના સીધા કર્તા પરમાત્માને માનીએ તો ત્રિગુણાત્મક સૃષ્ટી માં પરમાત્માના ગુણો સમાયા છે એમ પ્રતિપાદિત થાય અને તો વેદ નું વિશેષણ "ગુણાતીત" ખોટું પડે જે શક્ય નથી.

૨. વેદોમાં પરમાત્માને "નિરાકાર" કહ્યા છે. વળી ઉપનિષદ અને પુરાણોમાં "વિરાટ પુરુષ" નું વર્ણન છે કે જેનાથી સૃષ્ટી ઉત્પન્ન થઇ છે. આ વર્ણન નો ગુજરાતી અર્થ નીચે મુજબ છે.

" તેને હજારો મસ્તક છે, હજારો નેત્રો અને પગ છે તે વિશ્વ વ્યાપ્ત છે પણ વિશ્વથી દસ આંગળી ઉંચો છે"

હવે જો વિરાટ પુરુષને (પરબ્રહ્મને) પરમાત્મા(પરમબ્રહ્મ) માનીએ તો તેમના અવયવોના વર્ણન ને કારણે વેદનું "નિરાકાર" વિશેષણ ખોટું પડે જે શક્ય નથી. માટે જ આ વિરાટપુરુષ, પ્રકૃતિની સાથે ઉભય સ્વરૂપે પરમાત્માની નાભીમાંથી ઉત્પન્ન થાય તે સમજુતી માની શકાય.

૩. અદ્વૈત મતમાં બ્રહ્મ સિવાય કોઈ વસ્તુ નથી. આ સઘળું દેખાય છે તે બ્રહ્મ છે. હવે જો વેદ એમ કહે કે "સર્વ જગત બ્રહ્મ" છે તો સર્વ નો અર્થ ઘણા એવો થાય તો બ્રહ્મ ઘણા છે એવું પ્રતિપાદિત થાય જે શક્ય નથી.

૪. વેદમાં બ્રહ્મ ને "આનંદરૂપ " કહ્યા છે. જો બ્રહ્મ સીધા "કર્તા" હોય તો બધા પ્રાણીઓ ચિંતિત કેમ છે? સામાન્ય જીવોની વાત જવા દો, ઈશ્વર ના અવતારોની વાત લઈએ તો શ્રીકૃષ્ણે દ્રૌપદીની, શ્રીરામે સીતાની ચિંતા શું કામ કરી?

૫. પરમાત્માને વેદે "માયાતીત" વિશેષણ આપ્યું છે. તો પરમેશ્વરના સીધા અવતારો પણ માયાતીત હોવા જોઈએ એટલે કે માયા નું બંધન હોવું ન જોઈએ. તો પછી લક્ષ્મીજી, મોરમુગટ, કુંડળ, હીરામોતીના હારો, કુંડળ, ચમકતા આભૂષણો વગેરે શું માયારૂપ નથી?

૬. વેદમાં પરમાત્માને સર્વ શક્તિમાન કહ્યા છે, અને પરમાત્માના વશ માં સર્વ જગત છે એમ કહ્યું છે. હવે જો પરમાત્મા સીધા કર્તા હોય તો આ જગત ના એક ભાગ રૂપ આપણે કેટલા શક્તિમાન છીએ? અરે આપણા વશમાં આપણું શરીર પણ નથી. ૫ દિવસ અખંડ જાગરણ કરી જુઓ તો ખબર પડે કે નિંદ્રા પણ આપણા વશમાં નથી.

૭. પરમેશ્વરે ઈચ્છા કરી એટલે જગત થયું એમ માનીએ અને પરબ્રહ્મનું અસ્તિત્વ ન માનીએ તો, પરમેશ્વરે ઈચ્છા કરી એટલે "કર્તા"  થયા અને "કર્તા" થયા એટલે વેદમાં બતાવેલા ચાર દોષ જેવાકે

- "**નૈધ્રુણ્યા**" ( એટલે નિર્દયપણું: દા.ત. જીવોને ઉત્પન્ન કરી તેને ભય, નિંદ્રા, રોગ, પીડા વગેરે આપી દુઃખમાં નાખી નિર્દય પણું કર્યું ),

- "**વૈષમ્ય**" ( એટલે ઓછુંવત્તું, અથવા સમ વિષમ ભાવ: : દા. ત. એકને નિર્બળ બીજાને બળવાન બનાવ્યો, એક ને રાજા બીજાને રંક, મોટી માછલી નાનીનું ભક્ષણ કરે વગેરે),
- "**કૃત નાશ**" ( એટલે કર્મ નાશ: દા. ત. જયારે વિશ્વ પ્રલય થાય ત્યારે પાપી ને પુણ્યશાળી બધાજ સાથે નાશ પામે , અહિ સારા કર્મોનું ફળ પણ નાશ પામે),
- "**અભ્યાગમ**" ( એટલે કર્મો કર્યા વગર કર્મોના ફળ આપવા. દા. ત. પહેલી સૃષ્ટી રચાય ત્યારે પહેલીવાર જન્મેલા જીવોએ કર્મ ન કર્યા હોવા છતાં કોઈને માણસ, કોઈને પશુ વગેરે બનાવ્યા)

આવા ચાર દોષ લાગે તો પછી પરમાત્મા નું વેદ માં દર્શાવેલ "નિર્દોષ" વિશેષણ શક્ય નથી.

૮. બ્રહ્મવાદમાં "અહં બ્રહ્માસ્મિ" એટલે કે "હું બ્રહ્મ છું" અને બીજાને "તત્વમસી" એટલે કે "તે તુ છે" એમ કહેવાયું છે. તો શું બંને બ્રહ્મ અલગ છે? બ્રહ્મ તો એક જ છે તો બીજાને બ્રહ્મ કહેવાની શું જરૂર?

૯. પુષ્ટિમાર્ગ આચાર્ય શ્રી મહાપ્રભુજી કે જેમણે બ્રહ્મસૂત્ર, વેદ, ગીતા અને  ભાગવત ને પ્રમાણ તરીકે સ્વીકાર્યા છે તેમનો સિદ્ધાંત જગત અને જગદીશ વચ્ચે "શુદ્ધાદ્વૈત" હોવાનો છે. "શુદ્ધાદ્વૈત"  નો સિધ્ધાંત એટલે "સર્વ ખલુ ઇદં બ્રહ્મ". જે કઈ છે તે બધું બ્રહ્મ છે. આવા અર્થ થી સામાન્ય માણસને સ્વાભાવિકપણે પ્રશ્ન થાય કે જો બધું બ્રહ્મ હોય તો તમે પણ બ્રહ્મ, હું પણ બ્રહ્મ, ભૌતિક જડરૂપ અને જીવરૂપ સૃષ્ટી પણ બ્રહ્મ તો પછી પુરુષ, પુરુષોત્તમ, પરબ્રહ્મ, પરમબ્રહ્મ વગેરેનું સ્થાન કેવીરીતે સંભવી શકે? આને આ રીતે સમજાવી શકાય. "જે સમુદ્ર છે તેમાં જે લહેર કે તરંગ ઉઠે છે તે પણ દરિયો જ છે. સાગરમાં સામર્થ્ય છે તરંગો બનવાનું પણ લહેરોમાં સામર્થ્ય નથી દરિયો બનવાનું. માટે દરેક પુરુષ બ્રહ્મ કે બ્રહ્મનો અંશ  હોવા છતાં પુરુષોત્તમ, પરબ્રહ્મ કે પરમબ્રહ્મ ન બની શકે."

૧૦. ભાગવતના દશમ સ્કન્દ ( કે જેના પર શ્રી મહાપ્રભુજીએ સુબોધિની નામની ટીકા લખી છે) ના ૧૯ માં અધ્યાયમાં ગોપીજનો જે "**કાત્યાયની**" ની સેવા કરે છે તે કાત્યાયીની સ્ત્રી રૂપ છે, તેમાં જ સ્ત્રી તત્વ રૂપી ગુણો છે અને તે જ ભગવાનની પ્રસાદરૂપ શક્તિ છે. ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ કરવાને માટે ભગવાનની આ પ્રસાદરૂપ શક્તિનું – કાત્યાયનીનું સેવન કરવામાં આવે છે. જેમ દિવ્ય દ્રષ્ટીથી જ બધા દિવ્ય પદાર્થો જોઈ શકાય છે અને જેમ ભગવદીય ચક્ષુ થી જ ભગવાનના દર્શન થાય છે ; તેમ ભગવદીય સ્ત્રીત્વ થી જ ભગવાન ભોગ્ય બને છે.

૧૧. ભાગવતના લગભગ બધા ટીકાકારો માને છે તે પ્રમાણે રાસલીલા ને રૂપક તરીકે સ્વીકારીને તેનું રહસ્ય ભાગવતમાં સમજાવવામાં આવ્યું છે. ગોપી એ પ્રકૃતિ છે, અંત: કરણની વૃત્તિ છે એમ બધા સ્વીકારે છે.

મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર સર્વ શ્રુતિ અને સ્મૃતિઓ રૂપી શબ્દોનો મુખ્ય અર્થ ભગવાન છે. ભગવાનની રાસલીલાનું આ જ તાત્પર્ય કે ગોપીજનો એ શ્રુતિ અને સ્મૃતિ છે. વળી કૃષ્ણોપનીષદ, સામ રહસ્યોપનીષદ વગેરે ઉપનિષદોમાં ગોપીઓને (પ્રકૃતિને) ઋચા તરીકે જ ઓળખવામાં આવી છે.

૧૨ . પુરાણોમાં દરેક જગ્યાએ "પરબ્રહ્મના અંશાવતાર" નો જન્મ અને લય બતાવ્યો છે, પરંતુ મૂળ પ્રકૃતિ (આદ્યશક્તિ) માટે "પ્રગટ થયા" અને "અંતર્ધ્યાન થયા" એમજ લખવામાં આવ્યું છે. આથી જ "મૂળ પ્રકૃતિ એ બ્રહ્મ ના ઉભય સ્વરૂપનો એક ભાગ જ છે". જ્યાં સુધી ઉભય સ્વરૂપ રહે છે ત્યાં સુધી અદ્વૈત હોય છે અને યુગ્મ સ્વરૂપમાં દ્વૈત હોય છે.  દ્વૈત અને અદ્વૈત બંનેની સમજ આ રીતે બિન વિવાદિત સમજી શકાય.

૧૩. ગાયત્રી વેદમાતા છે અને ત્રણે વેદના અર્થનું પ્રતિપાદન કરે છે. શ્રીમદ ભાગવત પણ વેદ્તુલ્ય જ  છે. જેના પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયના પ્રથમ શ્લોકમાં જ વ્યાસજી એ **"સત્યમ પરમ ધીમહિ"** પદ મૂકી ગાયત્રીમંત્ર ભાગવતનું બીજ છે એમ પ્રતિપાદન કર્યું. વસ્તુતઃ ગાયત્રી બીજ છે, વેદ વૃક્ષ છે અને શ્રીમદ ભાગવત ફળ છે.

માટે જ અહિ પરમાત્માના વેદમાં દર્શાવેલા વિશેષણો ધ્યાનમાં રાખીને સમજણ કેળવી છે કે "પરમબ્રહ્મ" ની નાભીમાંથી "વેદનારાયણ" એટલે કે "પર બ્રહ્મ" એટલે કે "પુરુષ+પ્રકૃતિ" ઉભય સ્વરૂપ (એકાકાર બીજ સ્વરૂપ) નીકળે છે. અહિ પરમબ્રહ્મ "અદ્વૈત" છે જયારે પરબ્રહ્મ શરૂઆતમાં (ઉભય સ્વરૂપમાં) "અદ્વૈત" અને "અહંકાર" બાદ "દ્વૈત" (પુરુષ+પ્રકૃતિ, યુગ્મ ) છે.  બીજી રીતે સમજીએ તો આ જ વેદનારાયણ(પરબ્રહ્મ) વેદ સ્વરૂપે બોલે છે કે હું બ્રહ્મ છું. અને આ બ્રહ્મ સાકાર, સગુણ દ્વૈત, ચૈતન્યરૂપ છે. આ જ પરબ્રહ્મના ચૈતન્યથી ઉભય પણે રહેલી પ્રકૃતિમાં ક્ષોભ થાય છે. આ પ્રકૃતિ મૂળરૂપે પુરુષ સાથે ઐક્ય માં છે અને  જડ છે. એટલે પહેલા તે "અવ્યક્ત" (ઉભય) તરીકે રહે છે અને પોતે કશું કરી શકવા શક્તિમાન નથી. પરંતુ પુરુષની ચેતન શક્તિના સંસર્ગથી તે પ્રવૃતિમય થાય છે, "વ્યક્ત" (યુગ્મ) થાય છે  અને જગતની ઉત્પત્તિ થાય છે. આને જ **"સર્ગ"** કહેવાય છે.

આ સમજણ અનુકુળ એટલા માટે લાગે છે કે આમાં વેદે સમજાવેલા પરમાત્માના વિશેષણો સચવાય છે. અદ્વૈત સિદ્ધાંત તથા બ્રહ્મસૂત્ર પ્રમાણે પરમાત્માથી આ સૃષ્ટી રચાય છે તે પણ સચવાય છે. કારણ કે બધા વિકારો પુરુષમાં ( પરબ્રહ્મમાં, કે જે સાકાર બ્રહ્મ છે) રહે છે. તેનો નાશ થતો નથી ફક્ત બીજરૂપે સમાય છે અને પાછા એજ વિકારો, ગુણધર્મો સાથે બીજરૂપે બહાર આવે છે અને જીવો પણ પોતાના કર્મ અનુસાર જન્મ લે છે, પરંતુ પરમબ્રહ્મ (પરમાત્મા, પરમેશ્વર) તેનાથી અલિપ્ત રહે છે. શુદ્ધાદ્વૈત ની સમજ પણ અહિ પ્રતિપાદિત થાય છે.

અહિ દર્શાવેલ સમજુતી મારી સમજણ મુજબની છે. કોઈને ન માનવાનો પુરેપુરો અધિકાર છે. આપણું લક્ષ તો ફક્ત પરમાત્મા ને સમજવાનું છે. જો આનાથી સારી સમજણ કોઈ પાસે હોય તો તેઓ તે રીતે પણ સમજીને વેદ – ઉપનિષદ માં સમજાવેલ મૂળ પરમાત્મા તત્વને સમજી ને વાંચન આગળ વધારી શકે છે.

*પ્રમાણ:*

- *" સૃષ્ટિના ઉપાદાન કારણ રૂપે રહેલું બ્રહ્મ ક્ષર બ્રહ્મ છે. તેના નિમિત કારણ  તરીકે રહેલું બ્રહ્મ અક્ષર બ્રહ્મ છે. અને સૃષ્ટી થી પર રહેલું અસંગ એવું બ્રહ્મ અવ્યય અથવા પર બ્રહ્મ છે. આ ત્રણે થી પર એવું "પરાત્પર" (પર થી પણ પર, પરમબ્રહ્મ) છે. (સ્વેતાસ્વતર ઉપ. પહેલો અધ્યાય શ્લોક-૯)"*
- *" મને પુણ્ય અને પાપ નથી. જન્મ અને મરણ નથી. મને શરીર અને ઇન્દ્રિય હોય તેવી કલ્પના પણ નથી. આ પ્રમાણે છુપાઈ રહેલા અખંડ અને અદ્વિતીય પરમાત્મ સ્વરૂપને જે જ્ઞાનથી જાણે છે તે બધાના સાક્ષી, સત અને અસતથી રહિત અને શુદ્ધ એવા પરમાત્માને પામે છે. (કૈવલ્ય ઉપ. શ્લોક ૨૬-૨૭)"*

## પ્રકરણ – ૫

# પાંચ મહાભૂત અને વિવિધ દેહોની ઉત્પત્તિ વિષે સમજ:

***નોંધ: આ સાથે પાના નંબર ૨૮ પર આપેલ "ચાર્ટ-૩" સમજતા જવો***

પ્રકરણ-૪ માં સમજ્યા તેમ ત્રિગુણાત્મક ભૌતિક પ્રકૃતિના  રજોગુણ થી બ્રહ્મા, સત્વગુણ થી વિષ્ણુ અને તમો ગુણ થી મહેશ (રુદ્ર)  સર્વપ્રથમ ઉત્પન્ન થાય છે.

હવે શ્રુષ્ટિ ઉત્પન્ન કરવાનું કાર્ય  બ્રહ્મા કરે છે. જેઓ ત્રિગુણાત્મક ગ્રંથીનો ઉપયોગ કરી "વાસનીક જીવાત્માઓ" ( ઈચ્છાથી અથવા માયાથી ) ઉત્પન્ન કરે છે. આ તે જ જીવો છે  કે જેઓ વાસના અને કર્મોને લઈને આત્યંતિક પ્રલય વખતે પરમાત્માની નાભિમાં સમાયા હોય છે. આ "વાસનીક જીવાત્માઓ" ને "મહાકારણ દેહ" કહેવામાં આવે છે.

મહાકારણ દેહ: ઉપર સમજ્યા તેમ  મહાકારણ દેહ ફક્ત વાસનાનો (ઈચ્છા, કામના, માયા) બનેલો હોય છે.

નારાયણની ઈચ્છાથી ઉત્પન્ન થયેલ " અહંકાર", પ્રકૃતિમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે અને પ્રકૃતિની સામ્યાવસ્થાનો ભંગ થાય છે પરિણામે  ચાર કરણો (સાધનો) મન, બુદ્ધિ, ચિત અને અહંકાર ઉત્પન્ન થાય છે. જેને "અંત:કરણ" કહેવાય છે. આમ મન, બુદ્ધિ, ચિત અને અહંકાર એ "ચાર અંત:કરણ" કહેવાય છે.


વળી આ જ "અહંકાર" પાંચ મહાભૂત તત્વો અને તેના પાંચ વિષયોને પણ ઉત્પન્ન કરે છે. તમોગુણથી શબ્દ, શબ્દથી આકાશ, આકાશમાંથી સ્પર્શ , સ્પર્શમાંથી હવા, હવાથી રૂપ, રૂપમાંથી અગ્નિ, અગ્નિમાંથી સ્વાદ, સ્વાદમાંથી  પાણી, પાણીમાંથી સુગંધી દ્રવ્ય અને સુગંધી દ્રવ્યમાંથી ધરતી ઉત્પન્ન થાય છે.

*પ્રમાણ:*

- *(વૈકારીક અહંકારના વિકૃત થવાથી મન ઉત્પન્ન થયું, જેના સંકલ્પ-વિકલ્પોથી કામનાઓની ઉત્પત્તિ થાય છે. તેજસ અહંકારમાં વિકાર થવાથી બુદ્ધિ તત્વ ઉત્પન્ન થયું. ઈન્દ્રીઓ પણ તેજસ અહંકારનું કાર્ય છે. તામસ અહંકાર વિકૃત થવાથી શબ્દ તન્માત્રા નો પ્રાદુર્ભાવ થયો. વગેરે.....-ભા.-૨.૨૬.૩૦ થી ૪૭)*
- *(હરિ, હર, બ્રહ્મા આદિની ઉત્પત્તિ મૂળ પ્રકૃતિમાંથી થઇ છે. તેમજ પ્રકૃતિના તામસ અહંકારથી જ આ સ્થાવર જંગમ જગત ઉત્પન્ન થયું છે. -દે. ભા. ૫.૧.૩૫-૩૬)*

લેખક : અનુપ પી. શાહ મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

# ચાર્ટ-3



આમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ “પાંચ વિષયો” કહેવાય છે અને આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી આ “પાંચ મહાભૂત” અથવા “સુક્ષ્મ મહાભૂત” કહેવાય છે.

બ્રહ્માજી એ ઉત્પન્ન કરેલા પ્રથમ વાસનીક જીવાત્મા (મહાકારણ દેહ) ચાર અંત: કરણ ના સંપર્કમાં આવવાથી “કારણ દેહ” બંધાય છે.

કારણ દેહ: ઉપર સમજ્યા તેમ “કારણ દેહ” ચાર અંત:કરણ + વાસના એમ પાંચ તત્વોનો બનેલો હોય છે.

આ “કારણ દેહ” પાંચ વિષયો ના સંપર્કમાં આવવાથી “શુક્ષ્મ દેહ” બંધાય છે.

સુક્ષ્મ દેહ: ઉપર સમજ્યા તેમ “સુક્ષ્મ દેહ” પાંચ વિષયો+ચાર અંત:કરણ + વાસના એમ દસ તત્વો થી બંધાય છે.

આ “સુક્ષ્મ દેહ” ના દસ તત્વોમાં માં પાંચ મહાભૂત (આકાશ વગેરે), પાંચ જ્ઞાનેન્દ્રિય (આંખ, કાન, નાક, જીભ, ચામડી) અને પાંચ કર્મેન્દ્રિય (હાથ, પગ, વાણી, પ્રજનન ઇન્દ્રિય, મળ ઇન્દ્રિય) મળવાથી કુલ પચ્ચીસ તત્વોનો “સ્થૂળ દેહ” બંધાય છે.

સ્થૂળ દેહ: ઉપર સમજ્યા તેમ  “સ્થૂળ દેહ” કુલ ૨૫ તત્વોનો બનેલો હોય છે. **(ચાર્ટ-૩ સમજવો)**

આ “સ્થૂળ દેહ” ગર્ભમાં નવ માસે પૂર્ણ બને છે. અને પાંચ માસે તેમાં પરમાત્માની ચૈતન્ય ગતિ રૂપ જીવ (આત્મા) પ્રવેશ કરે છે.

- *(હે ભગવતી, આપજ સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓને ભોગ આપનારા છો. કારણકે પોતાના અંશરૂપ ચોવીસ તત્વોથી આપજ દરેકને જીવન આપો છો. -દે. ભા. ૫.૧૯.૮)*

*આ જ વાતને ચાર્ટ-૩  દ્વારા સમજાવી છે.*

આ જ ક્રમને વિસ્તૃત જાણકારી માટે ઉંધી રીતે વિચારીએ.

જયારે મૃત્યુ થાય છે ત્યારે સૌ પ્રથમ “સ્થૂળ દેહ” છૂટે છે. આ સ્થૂળ દેહ ને જ આપણે  “મડદું” કહીએ છીએ. અહિ પંદર તત્વો છૂટે છે. જેને અગ્નિદાહ આપી આપણે તે પંચમહાભૂતમાં મળી ગયો તેમ કહીએ છીએ.

હવે સ્થૂળ દેહ છોડી ગયેલ દસ તત્વોનો બનેલો “સુક્ષ્મ દેહ” જો પાંચ વિષયો છોડી દે તો “કારણ દેહ” બાકી રહે છે અને તેને દેવલોક અથવા સ્વર્ગમાં પ્રવેશ મળે છે. જે પાંચ વિષયો છૂટે છે તેમાં દેવલોકમાં રહેલ “દિક્પાલ” માં “શબ્દ” ભળી જાય છે, “અશ્વનીકુમાર” માં “ગંધ” ભળી જાય છે, “સ્પર્શ,” “વાયુદેવ” માં સમાય

છે, "રસ" વરુણદેવ માં સમાય છે અને "રૂપ" અગ્નિદેવ માં સમાય છે. **"સ્વર્ગ પ્રવેશ એ મુક્તિ નથી"** કારણકે હજુ પણ ચાર કરણ અને વાસના નો બનેલો "કારણદેહ" બાકી રહે છે.

આ "કારણદેહ" જો ચાર કરણ (મન, બુદ્ધિ, ચિત, અહંકાર) છોડી શકે તો "ઈશ્વર લોક" માં ઈશ્વર પાસે પ્રવેશે છે. અહિ "ચિત" શક્તિમાં સમાય  છે, "અહંકાર" શિવમાં સમાય  છે, "બુદ્ધિ" વિષ્ણુમાં સમાય છે અને "મન" બ્રહ્મામાં સમાય છે.

હવે બાકી રહેલ "મહાકારણ દેહ" જે "વાસના દેહ", "ઈચ્છા દેહ" અથવા "માયાદેહ" થી પણ ઓળખાય છે તે પૂર્ણ રીતે માયાનો હોય છે. તે માયા જો પૂર્ણ રીતે છૂટે તો તે "પર બ્રહ્મ" અથવા અવિનાશી બ્રહ્મ માં સમાય છે અને અંતે આત્મા શુદ્ધ થઇ પરમાત્મામાં વિલીન થઇ જાય  છે.

*પ્રમાણ:*

- *(પ્રભુ! આપજ અદ્વિતીય આદિ પુરુષ છો. સૃષ્ટી પૂર્વે આપની માયાશક્તિ સુષુપ્ત રહે છે. પછી તેના થકી જ સત્વ, રજ અને તમ રૂપ ગુણોનો ભેદ થાય છે. અને પછી તે જ ગુણોથી મહતત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, દેવતાઓ, ઋષિઓ, અને સમસ્ત પ્રાણીઓથી યુક્ત આ જગતની ઉત્પત્તિ થાય છે. પછી આપ પોતાનીજ માયાશક્તિથી રચેલા આ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદભીજ ભેદે ચાર પ્રકારના શરીરોમાં પ્રવિષ્ટ થઇ જાઓ છો. આપનો તે અંશ તે શરીરોમાં રહીને ઈન્દ્રીઓ વડે આ તુચ્છ વિષયોનો ભોગ કરે છે. આપના તે અંશને જ જીવ કહે છે. -ભા.- ૪-૨૨-૬૩,૬૪ તથા ઐતરેય ઉપનિષદ અધ્યાય-૩, ખંડ-૧, શ્લોક-૨)*
- *(બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ તો માત્ર નીમીતભુત જ છે. એ દેવીએ જ ઉત્પન્ન કરેલા તે દેવો લીલા માટે જ પોતપોતાના કાર્યોમાં તે દેવીથી પ્રેરાયેલા છે. અને તેઓમાં પોતાનો અંશ સ્થાપી તેઓને મહાબળવાન કર્યા છે. વળી તે દેવોને સાવિત્રી, લક્ષ્મી તથા પાર્વતી નામની શક્તિઓ પણ તે દેવીએ આપી છે.  -દે. ભા. ૫.૩૪.૬૨-૬૪)*
- *(સ્થૂળ ઇન્દ્રિયો કરતા તેને ઉત્પન્ન કરનારા સુક્ષ્મ પંચ મહાભૂતો ચડિયાતા છે. સુક્ષ્મ મહાભૂતો કરતા મન ચડિયાતું છે. મન કરતા બુદ્ધિ ચડિયાતી છે. બુદ્ધિ કરતા અહંકાર ચડિયાતું છે. અહંકાર કરતા મહત્તત્વ ચડિયાતું છે. મહતત્વ કરતા અવ્યક્ત પ્રકૃતિ ચડિયાતી છે. અવ્યક્ત પ્રકૃતિ કરતા પરમાત્મા ચડિયાતો છે. એ કરતા કઈ પણ ચડિયાતું નથી. - કઠ ઉપનિષદ, પહેલો અધ્યાય, ત્રીજી વલ્લી, શ્લોક-૯)*
- *(જયારે મનુષ્યના હૃદયમાં રહેલી બધી વાસનાઓ દુર થઇ જાય  છે ત્યારે હૃદયની બધી ગાંઠો તૂટી જાય  છે અને ત્યારે તે અમર બને છે.  -કઠ. ઉપ. અધ્યાય-૨, બીજી વલ્લી, શ્લોક-૧૫)*

નોંધ: દેહ ૨૫ તત્વોનો બનેલો છે તે સામાન્ય સમજ દ્વારા આપણે  સમજ્યા. ખરેખર દેહ (શરીર) આ પાંચ સુક્ષ્મ મહાભૂતોના (આકાશ વગેરે) પંચીકરણ દ્વારા બનેલા હોય છે જે  હવે પછીના પ્રકરણમાં "શરીર"ની સમજુતી વિભાગમાં સમજશું.

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

## પ્રકરણ – ૬

## બ્રહ્મ, આત્મા અને શરીર

### ૬.૧. "બ્રહ્મ" (અવિનાશી બ્રહ્મ અથવા કારણ બ્રહ્મ અથવા પરબ્રહ્મ ) વિષે સમજણ:

અગાઉ પ્રસ્તાવનામાં હું કોણ? એ પ્રશ્નને અનુસરતા બ્રહ્મને લગતા વેદના ચાર વાક્યો આપણે વાંચ્યા જેને ફરી તાજા કરી લઈએ અને તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

૧. અહં ભ્રહ્માસ્મી !  (હું બ્રહ્મ છું – યજુર્વેદ), ૨. અયમાત્મા બ્રહ્મ ! (આ આત્મા બ્રહ્મ છે-અથર્વવેદ),

૩. તત્વમસી ! ( તુ જીવ તે બ્રહ્મ છે- સામવેદ), ૪. પ્રજ્ઞાનમ બ્રહ્મ! (પ્રાણ બ્રહ્મ છે-ઋગ્વેદ).

યજુર્વેદના વાક્ય "હું બ્રહ્મ છું" થી ઘણા એવી સમજણ કેળવે છે કે હું જ એટલે કે આ આત્મા જ કે જીવ પોતે બ્રહ્મ છે. વળી સામવેદમાં "તુ (જીવ) તે (બ્રહ્મ) છે". એમ કહ્યું છે. અથર્વવેદ કહે છે "આત્મા બ્રહ્મ છે" અને ઋગ્વેદ કહે છે " પ્રાણ બ્રહ્મ છે". વળી ઉપનિષદ કહે છે "સર્વ ખલ્વીદમ બ્રહ્મ" એટલે કે આ સઘળું જગત બ્રહ્મ છે.

હવે જો સામાન્ય અર્થમાં દરેક જીવ એમ સમજે કે પોતે બ્રહ્મ છે તો બ્રહ્મ કેટલા ? વિદ્વાનોને પણ આ જ પ્રશ્ન ગુંચવે છે અને મતમતાંતર કરાવે છે. કારણકે વેદ પ્રમાણે તો બ્રહ્મ એક જ અને અવિનાશી છે અને તે જ સૃષ્ટીના કારણરૂપ છે.

વેદ એ પ્રભુની પોતાની વાણી છે. નારાયણ દ્વારા ઉચ્ચારણ કરાયેલ વાણી છે. માટે આ વાણી ખોટી તો હોય જ નહિ. કઈ જો ખોટું હોય તો તે છે આપણી સમજણ અને આ સમજણ પાછળ જોડાયેલ જડતા.

ઉપરના દરેક વાક્યો સાચા છે. **અહિ યજુર્વેદમાં નારાયણ પોતે કહે છે કે હું બ્રહ્મ છું. એટલે કે જે નારાયણ છે તે પોતે અવિનાશી બ્રહ્મ છે. કે જે રેચક વખતે પરમાત્માની નાભીમાંથી નીકળી આત્યંતિક પ્રલય વખતે ફરી બીજ બની પરમાત્મામાં સમાય છે.**

આપણે અગાઉ બ્રહ્મની પરમગતિ વિષે સમજ્યા, જેમાં એક ચૈતન્ય ગતિ છે. આ ગતિને સૂર્ય ના ઉદાહરણ દ્વારા સમજ્યા. વધુ એક આધુનિક સમજુતી મોબાઇલ ટાવર અને તેના સિગ્નલો વડે જોડાયેલા મોબાઇલ થી આપી શકાય. આ મોબાઇલ અને ટાવર વચ્ચે જે કોર્ડલેસ જીવંત સંચાર છે અથવા સૂર્ય વચ્ચેના વાતાવરણને સ્પર્શ્યા વગર જેમ જ્યાં પડે ત્યાં પ્રકાશ અને ગરમી  પાથરે છે તેમ બ્રહ્મ પણ દરેક આત્મા

(જીવ) સાથે આવા જીવંત સંચારથી જોડાઈ તેનું સંચાલન કરે છે. ટૂંકમાં ઉપરના દરેક વાક્યોને એ રીતે સમજવા  કે **"દરેક આત્મામાં જે ચૈતન્ય છે તે બ્રહ્મના કારણે છે અથવા તે જ બ્રહ્મનો અંશ છે અથવા તે જ બ્રહ્મ  છે".**

આજ વાતને કર્તા, કારણ અને કાર્યના સિદ્ધાંતથી પણ સમજી શકાય.

દા.ત. માટી માંથી ઘડો બનાવવાની પ્રક્રિયા. માટીનો ઘડો બને ત્યારે માટી કારણ કહેવાય. ઘડો એ કાર્ય કહેવાય એને બનાવનાર કર્તા કહેવાય પરંતુ એ બનાવવા સાધનની જરૂર તો પડી જ હોય.

આ કારણ  એજ પરમાત્મા, આ સાધન એજ બ્રહ્મ, ઘડો એ જગત. બીજી રીતે જગતનું કારણ બ્રહ્મ અને જગતને  કાર્ય પણ કહી શકાય.

**સર્વ ચર્ચાથી એમ સમજાય કે આત્મા કે જીવ કે પ્રાણ એ બ્રહ્મ નથી પરંતુ બ્રહ્મના ચૈતન્ય રૂપ અંશ  છે.**

*(એ બ્રહ્મ તત્વ એક જ અને ગતિ વિનાનું છે, છતાંપણ મન કરતા વધુ વેગવાળું છે. પહેલેથી જ બધે રહેલા તે તત્વને ઈન્દ્રીઓ પહોચી શક્તિ નથી. તે તત્વ ગતીવાળું અને ગતિ વિનાનું પણ છે. તે દુર છે અને પાસે પણ છે. તે બધાની અંદર અને બધાની બહાર પણ છે. -ઈશ ઉપનિષદ-શ્લોક ૫,૬)*

હવે "શ્વેતાસ્વતર ઉપનિષદ" અધ્યાય પહેલો શ્લોક ૧ થી ૫ માં  બ્રહ્મને વિશેષ રૂપે એક "ચક્ર" તરીકે વર્ણવ્યું છે તેને સમજીએ.

*"બ્રહ્મ આત્માથી જુદો છે. બ્રહ્મની આત્મશક્તિ પોતાના સત્વ-રજો-તમો નામના ગુણો વડે ઢંકાયેલી છે. આ જ બ્રહ્મ કાળ, જીવાત્મા વગેરે પર અમલ ચલાવે છે.*

*આ બ્રહ્મ*

*-એક પરીઘવાળું (નેમી) છે. જે અવ્યય પુરુષ (પરબ્રહ્મ) કહેવાય છે.*

*-તેના ત્રણ પાટા છે. (અવ્યય,અક્ષર, ક્ષર).*

*-સોળ છેડા વાળું છે (પાંચ જ્ઞાનેન્દ્રિય + પાંચ કર્મેન્દ્રિય +પાંચ મહાભૂત + મન)*

*-પચાસ આરા વાળું છે. જેમાં ૧. પાંચ વિપર્યય (તમ, મોહ, મહામોહ, તામીસ્ર, અન્ધતામિસ્ર ) ૨. અઠાવીસ અશક્તિ (અગિયાર ઇન્દ્રિયોની અશક્તિ + નવ તુષ્ટિ ના પ્રતિબંધ રૂપ અશક્તિ + આઠ સિદ્ધિના પ્રતિબંધ રૂપ અશક્તિ) ૩. નવ તુષ્ટિ (પ્રકૃતિ, ઉપાદાન, કાળ, ભાગ્ય, અર્જન, રક્ષણ, ક્ષય, ભોગ, હિંસા) ૪. આઠ સિદ્ધિ (અણીમાં, મહિમા, લધીમાં, ગરિમા, પરહિત, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ) આમ કુલ પચાસ આરા.*

*-વીસ નાના આરા વાળું છે. (મોટા આરાને દ્રઢ કરવા માટે દશ ઇન્દ્રિયો અને દસ તેના વિષયો)*

*-છ અષ્ટકો વાળું છે. જેમાં ૧. પ્રકૃતિ અષ્ટક (પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અહંકાર) ૨. ધાતુ અષ્ટક (ત્વચા, ચામડી, માંસ, લોહી, ચરબી, હાડકા, મજ્જા, વીર્ય) ૩. ઐશ્વર્ય અષ્ટક (ઉપર બતાવેલ આઠ સિધ્ધીઓ ) ૪. ભાવ અષ્ટક (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અભિનિવેશ, મોહ, આસક્તિ, અસ્મિતા) ૫. દેવ અષ્ટક (બ્રહ્મા, પ્રજાપતિ, દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિતૃ, પિશાચ) ૬. ગુણ અષ્ટક (દયા, શાંતિ, શૌચ, અનાયાસ, મંગલ, અકાર્યન, અનસુય, અસ્પૃહા )*

*- એક પાશ વાળું છે (અક્ષર બ્રહ્મ રૂપ એક પાશ)*

*- ત્રણ માર્ગ વાળું છે. (કર્મ, ઉપાસના અને જ્ઞાન માર્ગ)*

*- બે નિમિત વાળું છે (તમોમય અવિદ્યા અને કામમય મન, તેમાંથી ઉત્પન્ન થયેલ અવિવેક રૂપ મોહ)*

*- પાંચ ઝરણ ના જળ વાળું છે ( આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ અને વાક  )*

*- પાંચ યોનીવાળું છે (બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર, અગ્નિ અને સોમ)*

*- પાંચ પ્રાણ વાળું છે (પ્રાણ, અપાન, સમાન, વ્યાન , ઉદાન )*

*- પાંચ ધુમરીઓ વાળું છે (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ)*

*- પાંચ કલેશો વાળું છે (અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વૈષ, અભિનિવેશ)*

## ૬.૨. આત્મા (દેહી, જીવ, જીવાત્મા):

આપણે ધણીવાર સાંભળીયે છીએ કે આત્મા અમર છે. મૃત્યુ થાય ત્યારે આત્મા (દેહી) ઉડી જાય  છે. અને શરીર (દેહ) રહી જાય  છે. આજ અવિનાશી આત્માને જીવાત્મા તરીકે પણ આપણે ઓળખીએ છે. હવે સવાલ એ છે કે આત્મા શું છે? આ અવિનાશી આત્મા આપણા શરીરમાં ક્યાં રહે છે?  આખા શરીરનું સંચાલન કેવી રીતે કરે છે?  જીવાત્માનો પરમાત્મા સાથે શું સંબંધ છે?

૬.૨.૧ : પહેલા પ્રશ્ન ને સમજીએ કે આત્મા શું છે?

આત્માને અગાઉ આપણે સમજવાનો પ્રયત્ન કર્યો. જેમાં સૂર્યના અને મોબાઇલ ના ઉદાહરણ દ્વારા બ્રહ્મ અને આત્માનો જીવંત સંચાર કેવીરીતે હોય છે તે સમજવાનો પ્રયત્ન કર્યો. હજુ વિગતવાર સમજવાનો પ્રયત્ન કરીએ કારણકે આ સમજણ ખુબ જરૂરી છે.

ઘટાકાશ – મહાકાશ દ્વારા પહેલી સમજુતી:

માટીનો એક ખાલી ઘડો લઈએ તો અંદરના પોલાણ માં પણ આકાશ જેવો ખુલ્લો ભાગ હોય છે જેને ઘટાકાશ કહેવાય. અને આપણી ઉપર ખુલ્લા આકાશને મહાકાશ કહેવાય.

અહિ માટીના આવરણ થી ઘટાકાશ, મહાકાશ થી અલગ પડે છે. જો માટીનું આવરણ તૂટી જાય તો આ ઘટાકાશ પણ મહાકાશમાં મળી જઈને એકજ બની જાય  છે. આ જ રીતે ચૈતન્ય રૂપ આત્મા ઘટાકાશ માં છે અને મહાકાશ બ્રહ્મથી ઓળખાય છે. શરીરરૂપ આવરણથી તે અલગ હોય તેમ લાગે છે પરંતુ અંતે તો આત્મા બ્રહ્મમાં જ વિલીન થાય છે. આમ જુદા જુદા ઘડાઓમાં એક જ આકાશ રહે છે પરંતુ તે જુદા જુદા ઘટાકાશ તરીકે અલગ દેખાય છે તેમ જુદા જુદા શરીરોમાં રહેલ આત્મા પણ જુદો જણાય છે.

- *"ભગવાનના ઉદરમાં આ સઘળું બ્રહ્માંડ રહેલું છે. તેથી અહિ રહેનારા જ્ઞાનીજનો સર્વાત્મા હરિથી પોતાનો કોઈ તફાવત જોતા નથી. બલ્કે મહાકાશમાં ઘટાકાશની જેમ તેમનામાં પોતાનો અંતર્ભાવ જુએ છે. ( ભા.-૩.૧૫.૩૩)"*

<u>પાણીના પરપોટા દ્વારા બીજી સમજુતી:</u>

જેમ પાણીમાંથી ઉત્પન્ન થયેલ પરપોટો પાણીથી જુદો  હોય તેમ દેખાય છે પણ પરપોટો ફૂટી જવાથી ફક્ત પાણી જ રહે છે. તેમ શરીરરૂપી પ્રપંચનો નાશ થવાથી આત્મા બ્રહ્મમાં વિલીન થઇ જાય છે.

<u>સૂર્યના પ્રકાશ દ્વારા ત્રીજી સમજુતી:</u>

સૂર્યનો પ્રકાશ એકજ છે. પરંતુ જો એ કોઈ કાણાવાળી જાળી માંથી પસાર થાય તો અનેક અલગ અલગ પ્રકાશબીમ્બ રૂપે દેખાય છે. તેમ સર્વવ્યાપી બ્રહ્મ એક જ છે પણ જુદા જુદા શરીરોમાં તે અનેક હોય તેવું લાગે છે.

<u>સૂર્યના પ્રતિબિંબ દ્વારા ચોથી સમજુતી.:</u>

સૂર્ય એક જ છે. પરંતુ પાણી ભરેલા જુદા જુદા વાસણોમાં અલગ અલગ પ્રતિબિંબ પડવાથી તે અનેક હોય તેવો જણાય છે. આમ બ્રહ્મ  એક જ છે પરંતુ અલગ અલગ શરીરમાં અલગ અલગ જણાય છે જેને આપણે આત્મા કહીએ છીએ. જો મૂળ સૂર્ય ન હોય તો પ્રતિબિંબ ક્યાંથી આવે?  વળી પાણીની સપાટીનું ચંચલપણું હોવાથી તે પ્રતિબિમ્બિત થયેલ સૂર્ય અસ્થિર દેખાય પરંતુ મૂળ સૂર્ય માં એવું અસ્થિર પણું  નથી.

<u>પાંચમી વિશેષ સમજુતી:</u>

એની વિશેષ સમજ ચાર પાદ વડે આપી શકાય જે "માંન્ડુક્ય ઉપનિષદ" શ્લોક ૪ થી ૭ માં આપવામાં આવી છે તે નીચે મુજબ છે.

"આ આત્મા ચાર પાદ (અવસ્થા) વાળો છે. જાગ્રત અવસ્થામાં રહેનારો, બહારના જ્ઞાનવાળો, સાત અંગ વાળો (માથું, આંખ, મોઢું, પ્રાણ, મધ્યભાગ, ગુહ્યભાગ અને પગ), ઓગણીસ મુખવાળો (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત, અહંકાર), અને સ્થૂળ વિષયોને ભોગવવાવાળો "વૈસ્વાતર" નામનો આત્મા એ પહેલો પાદ (અવસ્થા) છે.

સ્વપ્ન અવસ્થામાં રહેનારો, અંદરના જ્ઞાનવાળો, સાત અંગોવાળો, ઓગણીસ મુખવાળો અને વાસના રૂપી સુક્ષ્મ વિષયોને ભોગવવાવાળો "તૈજસ" નામનો આત્મા એ બીજો પાદ (અવસ્થા) છે.

સુષુપ્તિ અવસ્થા (ગાઢ નિંદ્રા) માં રહેનારો, એકરૂપ બનેલો, એકત્રિત બનેલા માનસિક જ્ઞાન (પ્રજ્ઞાન) વાળો, આનંદમય, ચિત રૂપી એક મુખવાળો, "પ્રાજ્ઞ" નામનો આત્મા એ ત્રીજો પાદ (અવસ્થા) છે.

જેને અંદરનું જ્ઞાન નથી, બહારનું જ્ઞાન નથી, પ્રજ્ઞાન પણ નથી, જ્ઞાનયુક્ત નથી તેમજ જ્ઞાનરહિત પણ નથી. જે અદ્રશ્ય છે, વાણીથી સમજાવી ન શકાય તેવું છે, મનથી ગ્રહણ ન કરી શકાય તેવું છે, નિશાનીથી પણ સમજાવી ન શકાય તેવું છે, ચિંતવી નહિ શકાય તેવું છે, બતાવી શકાય નહિ તેવું છે, જે એક આત્માનુભવના સારરૂપ છે, જેમાં સંસારરૂપ પ્રપંચ શમી જાય છે, જે શાંત, કલ્યાણ સ્વરૂપ અને દ્વૈત વિનાનું છે તે ચોથું તત્વ તે "આત્મા" છે."

*ગીતાજી માં કહ્યું છે:*

- *"જે આ જીવાત્માને હણનારો સમજે છે તથા જે હણાયેલ માને છે, તે બંને અજ્ઞાની છે, કારણકે આત્મા નથી હણતો કે નથી હણાતો. (૨/૧૯)"*
- *"આત્મા અજન્મા, સનાતન ચિરસ્થાયી તથા પુરાતન છે. જ્યારે શરીર હણાય છે ત્યારે પણ તે હણાતો નથી. (૨/૨૦)"*
- *"જેવી રીતે મનુષ્ય જુના વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે, તેવી રીતે આત્મા વૃદ્ધ તથા નકામા શરીરો ત્યજીને નવા શરીર ધારણ કરે છે.(૨/૨૨)"*
- *"આ આત્માને કોઈપણ શસ્ત્ર થી છેદી શકાતો નથી, અગ્નિથી બાળી શકાતો નથી, પાણીથી ભીંજવી શકાતો નથી કે પવનથી સુકવી શકાતો નથી. (૨/૨૩)"*
- *" જેવી રીતે એકલો સૂર્ય આ સમગ્ર બ્રહ્માંડને પ્રકાશિત કરે છે, તેવી રીતે શરીરમાં રહેલો એક આત્મા સમગ્ર શરીરને ચેતનાથી પ્રકાશિત કરે છે."*

૬.૨.૨ આ અવિનાશી આત્મા આપણા શરીરમાં ક્યાં રહે છે?

કલ્પના કરો કોઈ વ્યક્તિને અકસ્માત થાય છે. અને એ શરીરના કેટલાક અંગો ગુમાવે છે. માનો બંને પગ ગુમાવે છે, તો તે વ્યક્તિ જીવિત રહેશે. માનો બંને હાથ પણ ગુમાવે તો પણ તે વ્યક્તિ જીવિત રહેશે. પરંતુ માથું કપાય તો? છાતી કે પેટના ભાગે ગંભીર ઈજા થાય તો?

ઉપરની ચર્ચાથી એટલું તો સમજી શકાય કે આત્મા શરીરના આ ઉપરના ભાગોમાં ક્યાંક રહે છે. હવે ઉપનીષદો શું કહે છે તે સમજીએ.

- "આત્માના ત્રણ રહેઠાણો છે. જમણી આંખ, કંઠ અને હૃદય. અને ત્રણ અવસ્થાઓ છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત. જાગ્રત અવસ્થામાં આત્મા જમણી આંખમાં રહે છે. સ્વપ્ન અવસ્થામાં કંઠમાં રહે છે અને સુષુપ્ત અવસ્થામાં હૃદય માં રહે છે. (એતરેય ઉપનિષદ: પ્રથમ અધ્યાય, ત્રીજો ખંડ, શ્લોક:૧૨)"
- 'હૃદયમાં જે અંગુઠા જેવડો છે, જે સૂર્ય જેવો તેજસ્વી છે, સંકલ્પ અને અહંકારથી યુક્ત છે, તે જ જીવાત્મા બુદ્ધિના અને શરીરના ગુણો વડે આરાની અણી જેટલો નાનો બનેલો દેખાય છે. વાળના સો માં ભાગના પણ સો માં ભાગનો એ જીવ જ અનંત થવા સમર્થ છે. (શ્વે. ઉ.)"
- "એક નિયન્તા, સર્વ ભૂતોનો અંતરાત્મા, પોતાના એક સ્વરૂપને અનેક બનાવે છે. તેને જે બુદ્ધિમાન મનુષ્યો પોતાનામાં રહેલો જુવે છે તેને જ સનાતન સુખ મળે છે."

૬.૨.૩ : આત્મા શરીરનું સંચાલન કેવીરીતે કરે છે?

આ સવાલનો જવાબ સમજતા પહેલા ઉપનિષદોના કેટલાક શ્લોક સમજીએ.

- *"પ્રાણ અથવા શ્વાસ વડે જે જીવતું નથી પણ જેના વડે જ પ્રાણ પોતે હલનચલન કરી શકે છે તેને જ તુ આત્મા જાણ. (કેન ઉપનિષદ: ખંડ-૧, શ્લોક-૮)"*
- *"પ્રાણની ઉત્પત્તિ, આગમન અને સ્થિતિ તેમજ  પાંચ સ્વરૂપે વ્યાપકતા જાણીને અમરપણું મેળવે છે. (પ્રશ્ન ઉપ. પ્ર.-૩, શ્લોક-૧૧)"*
- *" જેમાં પ્રાણ પાંચ રૂપે રહેલો છે તે આ સુક્ષ્મ આત્મા ચિત વડે જણાય છે. લોકોનું આખું ચિત આ પાંચ પ્રાણ વડે ઓતપ્રોત થયું છે. એ ચિતની શુદ્ધિ થવાથી આત્મા પ્રગટ થાય છે. (મૂંડક ઉપ. , બીજી મૂંડક, ખંડ પહેલો, શ્લોક-૯) "*

ઉપરના શ્લોકથી એ સ્પષ્ટ છે કે આત્મા શરીરના સંચાલન માટે "પ્રાણ" નામના તત્વનો ઉપયોગ કરે છે. આ પ્રાણ એ વાયુ છે. જે શરીરમાં પાંચ રૂપે  રહેલો છે. "પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન". (ગોર મહારાજ ની કથા સાંભળી છે? )

પ્રાણ શરીરનું સંચાલન કેવી રીતે કરે છે તેની વિશેષ સમજુતી પ્રશ્ન ઉપ. પ્રશ્ન.૩, શ્લોક ૧ થી ૭ માં આપેલી છે તે મુજબ

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

"પ્રાણનું પાંચ સ્વરૂપે વ્યાપક પણું હોય છે, એટલે કે પાંચ ભાગમાં જુદી જુદી રીતે વહેચાઈને  પ્રાણ અલગ અલગ અધિકાર ભોગવે છે. આંખ, કાન, મુખ અને નાકમાં "પ્રાણ",  ગુદા અને ગુહ્યેન્દ્રિયમાં "અપાન", પ્રાણ અને અપાનની વચ્ચે "સમાન" નામનો પ્રાણ છે. એને સમાન કહેવાનું કારણ એ છે કે એ જ હોમેલું (ખાધેલું) અન્ન સમાન રીતે લઇ જાય  છે. "વ્યાન" નામનો પ્રાણ નાડીઓમાં રહે છે. હૃદયમાં એકસોએક નાડી  છે. તે દરેકની સો – સો શાખાઓ છે. એ દરેક શાખાની બોતેર હજાર પ્રતિશાખાઓ છે. આ બધામાં વ્યાન નામનો પ્રાણ રહે છે. "ઉદાન" નામનો પ્રાણ  "સુષુમ્ણ" નામની નાડી  વડે દરેક જીવને પુણ્યો વડે પુણ્યશાળીઓના લોકમાં, પાપ વડે પાપીઓના લોકમાં, અને બંને વડે મનુષ્ય લોકમાં લઇ જાય  છે"

૬.૨.૪  જીવાત્મા-પરમાત્મા વચ્ચે સંબંધ:

**ઉપદ્રસ્તાનુંમનતા ચ ભર્તા ભોક્તા મહેશ્વર!**

**પરમાત્મેતી ચાપ્યુંકતો દેહેડસ્મીન પુરુષ: !!**

જીવાત્મા – પરમાત્મા સાથે છ પ્રકારના સંબંધ થી બંધાયેલો છે.

૧. ઉપદ્રસ્તા : એટલે કે સાક્ષી ભાવથી બિરાજેલ પરમાત્માનો જીવાત્મા સાથે સંબંધ.

૨. અનુમન્તા: એટલે આપણે જે કામ કરીએ તેની અનુમતિ આપનાર. એટલે કે સાચો માર્ગ બતાવનાર કે તારાથી આ થાય અને આ ન થાય એ પ્રકારનો સંબંધ.

૩. ભર્તા: એટલે જીવાત્માનું ભરણ લેતો હોય. જીવાત્માની જવાબદારી પૂરી કરતા હોય.

૪. ભોક્તા: એટલે આપણે ભોગવવાનું નથી પણ ચિત્તને પરમાત્માને સમર્પિત કરી દેવાનું છે. ભોગ ધરનારા થવાનું છે. તેથી ભોક્તા પ્રભુ થશે.

૫. મહેશ્વર: આપણામાંના " હું" કારને, અહંકારને જો પ્રભુ સમર્પિત કરીએ તો પ્રભુ જીવાત્મા સાથે મહેશ્વરનો સંબંધ નિભાવે છે. જ્યાં સુધી આપણે એમ માનીએ કે હું સક્ષમ છું, ત્યાં સુધી પ્રભુ મહેશ્વરનો સંબંધ નિભાવતો નથી. પરમાત્મા સાથે આત્મ સમર્પણ કે આત્મ નિવેદનથી જ આ સંબંધ શક્ય છે.

૬. પરમાત્મા: ફક્ત જીવાત્મા કહી દે કે "પરમાત્મા હું તારો". અને આજ નિવેદનને વળગી રહે તો પરમાત્મા સંબંધ રાખી કહેશે " તુ મારો"

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

**<u>૬.૩. : શરીર (દેહ):</u>**

દેહની રચના અને દેહના પ્રકારો વિષે આપણે અગાઉ સમજ્યા. આ જ દેહને ગીતામાં ક્ષેત્ર તરીકે વર્ણવ્યો છે અને આત્માને ક્ષેત્રગ્ન તરીકે વર્ણવ્યો છે. પ્રકૃતિના પંચભૂતો થી બનેલો દેહ  "ક્ષણ ભંગુર" કહેવાય છે છતાં પણ  જ્ઞાન પ્રાપ્ત કરી પરમાત્મા પ્રાપ્તિ માટે આ દેહ જ સમર્થ છે.

શ્વેતાશ્વતર ઉપનિષદમાં દેહની જુદી જુદી અવસ્થા નીચે મુજબ બતાવી છે,

૧. જાયતે (જન્મવું જોઈએ), ૨. અસ્તિ (જન્મીને) ૩. વર્ધતે (વૃદ્ધિ પામે તે), ૪. વીપરીનમતે (યૌવન અવસ્થા પામે તે) ૫. અપક્ષીયતે (નાશ થવાની તૈયારી) ૬. નશ્યતિ (નાશ પામે તે)

આ દેહ પચીસ તત્વોનો બનેલો છે, જે આપણે અગાઉ સમજ્યા.  હવે શરીરના જુદા જુદા ભાગો પાંચ સુક્ષ્મ મહાભૂતોના પંચીકરણ થી કેવીરીતે બને છે તે ટૂંકમાં સમજીએ. પંચીકરણ નો અર્થ થાય છે પાંચ સુક્ષ્મ ભૂતોનું વિશેષ પ્રકારે મિશ્રણ.

અગાઉ આપણે  સમજ્યા તેમ અહંકારમાંથી પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે. શરૂઆતમાં આ પાંચ મહાભૂતો સુક્ષ્મ તન્માત્રા રૂપે હોય છે ત્યારબાદ આ પાંચ મહાભૂતોનું પંચીકરણ થાય છે. અને આ તન્માત્રા સહીત તત્વો "સુક્ષ્મમાંથી સ્થૂળ" થાય છે. ગુણો અનુસાર આ સ્થૂળ પંચભૂતોની સ્થૂળતાની માત્રામાં ફરક હોય છે. જેટલા ગુણ વધુ તે તત્વ તેટલુંજ  સ્થૂળ હોય છે.

પંચીકરણની વિશેષ પ્રક્રિયામાં દરેક ભૂતોનો સ્વયમ નો ૫૦ % (૧/૨) ભાગ જેમનો તેમ રહે છે. અને તેમાં બાકી ચાર ભૂતોના ૧૨.૫% (૧/૮) ભાગને ઉમેરવાથી સ્થૂળ ભૂત ઉત્પન્ન થાય છે.

આ રીતે જોતા

સ્થૂળ આકાશ તત્વ = ૫૦% સુક્ષ્મ આકાશ તત્વ + સુક્ષ્મ (વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી) દરેકના ૧૨.૫%

આ જ રીતે સ્થૂળ વાયુ તત્વ, સ્થૂળ અગ્નિ તત્વ, સ્થૂળ જળ તત્વ અને સ્થૂળ પૃથ્વી તત્વ ઉત્પન્ન થાય છે.

પૃથ્વી પર જે જીવોની ઉત્પત્તિ થાય છે તેના શરીર બંધારણમાં ઉપર દર્શાવેલ ૨૫ સ્થૂળતત્વો ભાગ ભજવે છે.

## પ્રકરણ – ૭

# વિવિધ સમજુતી દ્વારા પરમાત્મા નિરૂપણ:

***નોંધ: આ સાથે પાના નંબર ૪૦ પર આપેલ કોષ્ટક સમજવું ખુબ જરૂરી છે.***

પરમાત્માને સમજવા માટે જુદા જુદા માધ્યમો નો ઉપયોગ કરી એક કોષ્ટક બનાવ્યું છે, જેમાં ઉભા ખાનામાં વિવિધ સમજૂતીઓ અને આડા  ખાનામાં ૧ થી ૭ નંબર આપ્યા છે. દરેક સમજુતી વખતે કોષ્ટક ને ૭ નંબર થી જોતા ઉપરની તરફ જવાનું છે. ૧ નંબર પર પરમાત્માનું સ્થાન છે. અહિ એ સમજવું ખુબ અગત્યનું છે કે નંબર ૭ થી ૧ એ સ્થાનભેદ નથી પણ ગુણ ભેદ છે એટલે કે ગુણોની અથવા કળાની વૃદ્ધી દર્શાવે છે. કોષ્ટક આ સાથે બીડેલ છે. આ કોષ્ટક દ્વારા પરમાત્માને

૧. ॐ અક્ષર દ્વારા

૨. ગીતાજી માં દર્શાવેલ ક્ષર, અક્ષર અને અક્ષરાતીતના ભેદ દ્વારા

૩. ભાગવત માં જણાવેલ ષડાત્મા ની સમજણ દ્વારા

૪. વિવિધ કોટિની સમજ દ્વારા

૫. જીવ થી પરમેશ્વર સુધી ની સમજણ દ્વારા

૬. પુરુષ આધિપત્ય દ્વારા

૭. ગીતાજી ના ૧૮ માં અધ્યાય માં દર્શાવેલ વ્યક્ત, અવ્યક્ત ની સમજ દ્વારા

૮. જુદાજુદા દેહની સમજ દ્વારા

૯. મુક્તિ/મોક્ષ ની સમજ દ્વારા

૧૦. સૃષ્ટી ની સમજ દ્વારા

૧૧. ગુણોની સમજ દ્વારા

૧૨. ગીતા અધ્યાય ૧૫ માં દર્શાવેલ અશ્વથવૃક્ષ ની સમજ દ્વારા

૧૩. પ્રલયો ની સમજ દ્વારા

૧૪. વિવિધ અવસ્થાની સમજ દ્વારા પરમાત્માનું નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રથમ આ કોષ્ટકને સમજવાનો પ્રયત્ન કરવો. ત્યારબાદ હવે પછીના વિભાગમાં દરેક માધ્યમોની સમજુતી આપવામાં આવી છે તેને આ કોષ્ટકમાં જોતા જઈ સમજવાનો પ્રયત્ન કરવો.

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

| | ખાનું ૧ | ખાનું ૨ | ખાનું ૩ | ખાનું ૪ | ખાનું ૫ | ખાનું ૬ | ખાનું ૭ | ખાનું ૮ | ખાનું ૯ | ખાનું ૧૦ | ખાનું ૧૧ | ખાનું ૧૨ | ખાનું ૧૩ | ખાનું ૧૪ | ખાનું ૧૫ | ખાનું ૧૬ | ખાનું ૧૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ॐ માં પરમાત્માનું નિરૂપણ | વેદો ની સમજ | બ્રહ્મની સમજ | ક્ષર/અક્ષર ની સમજ (ગીતા ૧૫.૧૬, ૧૭ મુજબ) | ભાગવત મુજબ ષડાતમાં ની સમજ | જીવ શૃષ્ટિ ની સમજ | વિવિધ કોટિની સમજ | જીવ થી પરમેશ્વર સુધી ની સમજ | પુરુષ નું આધિપત્ય | (ગીતા ૮.૧૮,૧૯,૨૦ મુજબ) વ્યક્તિ / વ્યક્ત / અવ્યક્ત ની સમજ | જુદા જુદા દેહ ની સમજ | મુક્તિ / મોક્ષ ની સમજ | વિવિધ લોક ની સમજ | ગીતા અધ્યાય ૧૫.૧ થી ૪ મુજબ અશ્વથ વૃક્ષ ની સમજ | અવસ્થા ની સમજ | પ્રલય ની સમજ | ગીતા ના ત્રીજા અધ્યાય (૧૦ થી ૧૫) મુજબ |
| ૧ | બિંદુ | સુક્ષ્મવેદ (તત્વવેદ) | પરમબ્રહ્મ (નિર્ગુણ) | અક્ષરાતીત | પરમાત્મા | પરમાત્મા | પરમબ્રહ્મ | પરમેશ્વર (સર્વેશ્વર) | સર્વોત્તમ | અવ્યક્ત | દેહ નો મોક્ષ | મોક્ષ | મોક્ષ (સાયુજ્ય મુક્તિ) | પરમબ્રહ્મ | તુર્યાતીત | આત્યંતિક (પરમ્બ્રહ્મમાં પરબ્રહ્મ સમાય) | પરમાત્મા નુ "એકોહમ બહુશ્યામી" |
| ૨ | માત્રા | યજુર્વેદ | પરબ્રહ્મ (સગુણ) | અક્ષર (વૃક્ષ નો નાશ, બીજ નો નહિ) | પરાત્મા | પુરુષ + મૂળ પ્રકૃતિ (આધ્ય) ઉભય સ્વરૂપ | બ્રહ્મ કોટિ | વીશ્વેશ્વર | વિશ્વોત્તમ | અવ્યક્ત પ્રકૃતિ | મહાકારણ દેહ (વાસના દેહ, માયાદેહ) | મુક્તિ | મુક્તિ (સામીપ્ય મુક્તિ) | થડ (સગુણ પરબ્રહ્મ) | તુર્યાવસ્થા | મહાપ્રલય | વેદનારાયણે વેદ ઉચ્ચાર્યો |
| ૩ | અકાર | ઋગ્વેદ | બ્રહ્મ (સગુણ) | ક્ષર | અંશાત્માં | બ્રહ્મા, વિષ્ણુ અને શિવશક્તિ ના અવતારો | ઈશ્વર કોટિ | ઈશ્વર | પુરુષોત્તમ | વ્યક્ત પ્રકૃતિ | કારણ દેહ | મુક્તિ | મુક્તિ (સારુપ્ય મુક્તિ) | ડાળી, શાખા (ઈશ્વરો) | જાગ્રત અવસ્થા | પૃથ્વી પ્રલય | બ્રહ્માજી એ સાંભળ્યો, જ્ઞાન મેળવી પાંચમુખે પાંચ વેદ બોલ્યા, શિવે એક મુખ કાપી નાખ્યું. |
| ૪ | મકાર | સામવેદ | બ્રહ્મના અંશ | ક્ષર | દેવાત્મા/ મહાત્મા/ હન્સાતમાં | સૂર્ય, ચંદ્ર, ઇન્દ્ર,દેવી, દેવતા વગેરે | દેવ કોટિ | ઈશ | પુરુષ | વ્યક્ત | સુક્ષ્મ દેહ | મુક્તિ | સ્વર્ગ (સાલોક્ય મુક્તિ) | પાંખડા, ડાળખા (દેવો) | સ્વપ્ન અવસ્થા | નિમિત પ્રલય | પ્રજાપતિ ચાર વેદ સમ જ્યા અને જીવ લોકમાં પ્રસરાવ્યા |
| ૫ | ઉકાર | અથર્વેદ | બ્રહ્મના ચેતન અંશ | ક્ષર | આત્મા | જ્ઞાની મનુષ્ય | જીવ કોટિ | જીવ | પુરુષ | વ્યક્તિ | સ્થૂળ દેહ | સદેહ | પૃથ્વી | ફળ (મનુષ્ય) | સુષુપ્ત અવસ્થા | નિત્ય પ્રલય | પ્રજાપતિ ચાર વેદ સમ જ્યા અને જીવ લોકમાં પ્રસરાવ્યા |
| ૬ | ઉકાર | અથર્વેદ | બ્રહ્મના ચેતન અંશ | ક્ષર | જીવાત્મા | અજ્ઞાનીઓ પશુ, પંખી, વગેરે | જીવ કોટિ | જીવ | પુરુશાર્થી | વ્યક્તિ | સ્થૂળ દેહ | સદેહ | નર્ક | પુષ્પ (પશુ, પંખી, જીવો) | સુષુપ્ત અવસ્થા | નિત્ય પ્રલય | |
| ૭ | ઉકાર | અથર્વેદ | બ્રહ્મના ચેતન અંશ | ક્ષર | જડાતમાં/સુક્ષ્મઆત્મા | ઝાડ, વનસ્પતિ, સુક્ષ્મ જંતુ વગેરે | જીવ કોટિ | જીવ | પુરુશાર્થી | વ્યક્તિ | સ્થૂળ દેહ | સદેહ | નર્ક | પાંદડા (સુક્ષ્મ જીવો) | સુષુપ્ત અવસ્થા | નિત્ય પ્રલય | |

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

પ્રકરણ-૭.૧ (કોષ્ટક ના ઉભા ખાના -૧, ૨, ૩, ૮ અને ૧૭ જોવા )

ॐ અક્ષર દ્વારા અને વેદ દ્વારા પરમાત્માનું નિરૂપણ :

ॐકાર ને પ્રણવ કહેવામાં આવે છે. તેને એકાક્ષર મંત્ર પણ કહેવામાં આવે છે. પરમાત્મા અને આ સૃષ્ટીને સમજવા માટેનો સંપૂર્ણ સાર આ ॐ અક્ષરમાં છે. વેદાધ્યાનમાં પ્રણવનો પહેલો ઉચ્ચાર ॐ એ જ મંગલ છે. અને એનાથી જ મંગલાચરણ થાય છે. ॐ ને વેદોનું મૂળ, ખુદ નારાયણે ઉચ્ચારેલ અક્ષર, ગાયત્રીનું મૂળ, અને વાણીનું મૂળ પણ કહેવામાં આવે છે. વેદ, ઉપનિષદ, દરેક પુરાણ અને ગીતામાં પણ ॐ ની ગાથા ગાવામાં આવી છે. ॐ ને ધ્યાન ધરવામાં શ્રેષ્ઠ અને વૈદિક જ્ઞાન પ્રાપ્ત કરવામાટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

ॐકાર શું છે? ॐ અક્ષરમાં શું શું સમાયેલ છે? તે દરેક રહસ્યને સાચી રીતે જાણવું જોઈએ, તો જ આપણે ॐ અક્ષરથી થતા મંત્ર-જાપ ને સફળ બનાવી શકીએ.

ॐ અક્ષર કુલ પાંચ ભાગમાં વહેચાયેલો છે. ( સાથે કોષ્ટક જોતા જવું) આ ભાગો છે બિંદુ, માત્રા, "અ " કાર, "ઉ" કાર અને "મ" કાર. અહીં અ + ઉ+ મ આ ત્રણ અક્ષરોથી ॐ થયો છે, તેને અડક્યા વગર ઉપર માત્રા છે અને તેને અડક્યા વગર ઉપર બિંદુ છે. આ જે બિંદુ છે તે જ પરમેશ્વર ( વિશ્વેશ્વર, પરમાત્મા, પરમબ્રહ્મ) નું સ્થાન છે. તેની નીચે જે માત્રા છે તે અવિનાશી બ્રહ્મ ( પરબ્રહ્મ, બ્રહ્મનિષ્ઠ, વિશ્વાધાર, નારાયણ, પુરુષ+ પ્રકૃતિ નું યુગ્મ સ્વરૂપ, શિવ જે આપણે અગાઉ સમજ્યા તે) છે. માત્રાની નીચે જેॐ છે તેમાં જે "અ" કાર છે તે ઈશ્વરો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈશ્વરના અવતારો, શિવ-શક્તિના અવતારો વગેરે) નું સ્થાન છે. જે "ઉ" કાર અને "મ" કાર થી ઊંચું પણ તેમની સાથે જોડાયેલ છે. સામાન્ય માણસો આ જ સ્થાનની ભક્તિ અને પૂજા કરે છે. આ જ સ્થાન અવિકારી કહેવાય છે કારણકે "અ" અક્ષર બોલવા માટે હોઠ, દાંત, જીભ, કે કંઠ નો આધાર લેવો પડતો નથી. આ જ સ્થાન "ઈશકોટી" પણ કહેવાય છે.

"મ" કારમાં પૃથ્વી થી ઉપરનું સ્થાન જેમાં તેજ, વાયુ, આકાશ અને તેની ઉપર સ્વર્ગલોક, દેવલોક, વગેરે સમાયેલા છે. આ સ્થાન "દેવકોટી" પણ કહેવાય છે.

"ઉ" કારમાં આત્મા, મહાત્મા, હંસાત્માં, ઝાડ, પશુ, પક્ષીથી ભરેલું આ જગત સમાયેલું છે જેને "જીવકોટી" પણ કહેવામાં આવે છે.

આ જ ॐ અક્ષરમાં પાંચ વેદ સમાયેલા છે તેમ કહેવાય છે. વેદ નારાયણના મુખેથી બોલાયેલ વેદ ને બ્રહ્માજીએ ગ્રહણ કર્યા પછી બ્રહ્માજીના પાંચ મુખ વડે જે પાંચ વેદ પ્રચલિત થયા તેમાં, પૂર્વ તરફના મુખે થી બોલાયેલ અને "અ" કારમાં રહેલ ઋગ્વેદ (અગ્નિ તત્વ), પશ્ચિમ તરફના મુખે બોલાયેલ અને "મ"

કારમાં રહેલ સામવેદ (જળ તત્વ), દક્ષિણ તરફના મુખેથી અને "ઉ" કારમાં રહેલ અથર્વવેદ(પૃથ્વી તત્વ), વેદ નારાયણ દ્વારા ઉચ્ચારાયેલ વેદ એજ "માત્રા"માં રહેલ યજુર્વેદ , અને "બિંદુ"માં ચારેય વેદોના સારરૂપ "સુક્ષ્મ વેદ" સમાયેલો છે. આ સુક્ષ્મ વેદ એટલેજ ચારે વેદોનું તત્વ. જેમ દૂધનું તત્વ દહીં, દહીનું તત્વ માખણ અને માખણનું તત્વ ઘી છે તેમ ચારે વેદ નું તત્વ "જ્ઞાન" છે. **આ સુક્ષ્મ વેદ જ પરમાત્માને સમજવા માટેનું જ્ઞાન છે.**

**બીજી રીતે સમજીએ તો "ઉ" કાર અજ્ઞાન છે, "મ" કાર જ્ઞાન+અજ્ઞાન છે, "અ" કાર શુદ્ધ જ્ઞાન છે, માત્રામાં વિશિષ્ઠ જ્ઞાન છે અને બિંદુમાં તત્વ જ્ઞાન છે.**

*ગીતામાં કહ્યું છે:*

- *"અક્ષરોના પરમ સંયોજન ૐકાર નું ઉચ્ચારણ કરતા રહી, જો કોઈ મનુષ્ય, પરમેશ્વરનું ચિંતન કરે છે અને દેહત્યાગ કરે છે તો તેની પરમગતિ થાય છે. (૮/૧૩)"*
- *"હું આ બ્રહ્માંડનો પિતા, માતા, આશ્રયદાતા, તથા પિતામહ છું. હું જ્ઞાનનો વિષય, વિશુદ્ધ કર્તા તથા ૐકાર છું. ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું છું. (૯/૧૭)*
- *"જેઓ વેદોના જાણકાર છે, જેઓ ૐકારનું ઉચ્ચારણ કરે છે તેવા વિતરાગીઓ બ્રહ્મમાં પ્રવેશ કરે છે. (૮/૧૧)"*
- *"બ્રહ્મની પ્રાપ્તિ માટે યોગીજનો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યજ્ઞ, દાન તથા તપની સર્વ ક્રિયાઓનો શુભારંભ હંમેશ ૐ થી કરે છે. "*

*ઉપનીષદો અને પુરાણોમાં કહ્યું છે:*

- *"જે પદનું સર્વ વેદો વર્ણન કરે છે, જે બધી તપશ્ચયાઓ નું ધ્યેય છે, અને જેની ઈચ્છા રાખીને લોકો જ્ઞાનની પ્રાપ્તિ પાછળ મંડ્યા રહે છે તે પદ ૐ છે. આ ૐ અક્ષર જ બ્રહ્મ છે. આ ૐ અક્ષર જ પરમ તત્વ છે. આ ૐ અક્ષરને જાણીને જેની ઈચ્છા કરે છે તે તેને મળે છે. આ ૐના આધાર જાણીને મનુષ્ય બ્રહ્મલોકમાં પૂજાય છે. (કઠ ઉપ. પહેલો અધ્યાય, બીજી વલ્લી, શ્લોક ૧૫ -૧૭)"*
- *"જે આ ૐકાર છે, તે જ પરબ્રહ્મ અને પરમ બ્રહ્મ છે. આથી જ્ઞાની પુરૂષ એ ૐકારના આશ્રય વડે બેમાંથી એક ને મેળવે છે. તે જો "અ" એવી એકમાત્રા વાળા ૐ ની ઉપાસના કરે છે તો તે તેના વડે જ્ઞાન મેળવીને જલ્દી આ પૃથ્વી પર જન્મે છે. "અ" અને "ઉ" એવી બે માત્ર વાળા ૐકારની જે ઉપાસના કરે છે તે અંતરીક્ષ માં રહેલ ચંદ્રલોક માં ઉંચો ચઢે છે. ચંદ્રલોકમાં વૈભવ ભોગવીને પાછો આવે છે. જે મનુષ્ય "અ", "ઉ" અને "મ" એવી ત્રણ માત્રાવાળા ૐ અક્ષર વડે પરમ પુરૂષનું ધ્યાન કરે છે તે તેજોમય સૂર્યલોક ને પ્રાપ્ત કરે છે. પાપથી છૂટી બ્રહ્મલોક તરફ ઉંચો ચઢે છે. અને પરાત્પર (પર થી પણ પર) પુરૂષનો સક્ષાત્કાર કરે છે. (પ્રશ્ન ઉપ. પાંચમો પ્રશ્ન. શ્લોક ૨-૫)"*
- *"ૐકારની ત્રણ "અ", "ઉ" અને "મ" માત્રાઓ મૃત્યુ લક્ષણ (એટલે કે વિનાશી) છે, અને તેઓ અમૃત લક્ષણ (એટલે કે અવિનાશી) અર્ધ માત્રામાં એટલે જે પર બ્રહ્મ આદ્ય સ્વરૂપ છે તેમાં જોડાયેલી છે. (શ્લોક-૬)"*
- *" આ બધું ૐ અક્ષર રૂપ જ છે. ભૂત, વર્તમાન ભવિષ્ય બધું ૐકાર રૂપ જ છે. જે કઈ આ કાળથી પર છે તે પણ ૐકાર રૂપ જ છે.(માંન્ડુક્ય ઉપ. શ્લોક ૧)"*

- *"જાગ્રત અવસ્થાનો વૈશ્વનાર આત્મા "અ"કાર રૂપ પહેલી માત્રા છે. સ્વપ્ન અવસ્થાનો તૈજસ આત્મા "ઉ" કાર રૂપ બીજી માત્રા છે. પ્રાજ્ઞ આત્મા "મ" કાર રૂપ ત્રીજી માત્રા છે. માત્રા વિનાનો ચોથો આત્મા વાણીના વ્યવહારથી પર અને દ્વૈત વિનાનો છે. આ પ્રમાણે ૐકાર જ આત્મા છે. (ઐતેરય ઉપ. પ્રથમ અધ્યાય. ત્રીજો ખંડ, શ્લોક-૧૨)"*
- *"આ શરીરમાં ૐકાર વડે આત્માને જોઈ શકાય છે. જેમ નીચલી અને ઉપલી અરણી (અગ્નિ પ્રકટાવવા ની લાકડી) ના ઘર્ષણ વડે અગ્નિ પ્રકટ થાય છે તેમ પોતાનું શરીર અને ૐકાર એ બે ના ધ્યાનરૂપ ઘર્ષણના અભ્યાસ વડે ગુઢ રહેલા પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો.(શ્લોક ૧૩-૧૪)"*
- *"આ સર્વ ભૂતોનો સાર પૃથ્વી છે. પૃથ્વીનો સાર પાણી છે. પાણીનો સાર અન્ન છે. અન્નનો સાર માણસ છે. માણસનો સાર તેની વાણી છે. વાણીનો સાર ઋક (ઋગ્વેદના મંત્રો) છે, અને ઋકનો સાર સામ (સામવેદના મંત્રો, સામ એટલે પ્રાણ), અને સામનો સાર ઉદગીથ (ૐ મંત્ર) છે. આ જે આઠમો સાર ૐ મંત્ર છે તે દરેક સાર નો પણ સાર છે. તેથી પરમાત્માની જેમ તેની પણ પૂજા કરવી જોઈએ (છા. ઉપ. પહેલો અધ્યાય, પહેલો ખંડ, શ્લોક-૨,૩)"*
- *"પ્રણવમાં "અ" કાર, "ઉ"કાર, "મ"કાર અને અર્ધ માત્રા એવા જે ચાર વિભાગો છે તેમાં "અ" કાર ભગવાન બ્રહ્મા છે, "ઉ" કાર વિષ્ણુ છે, "મ" કાર ભગવાન શંકર છે અને અર્ધ માત્રા મહેશ્વરી દેવી છે.(દે. ભા. ૫.૧.૨૪)"*

## પ્રકરણ ૭.૨ (કોષ્ટક નું ઉભું ખાનું -૪)

### ગીતાજી માં દર્શાવેલ "ક્ષર" – "અક્ષર" થી સમજુતી:

ગીતાજી ૧૫.૧૬ માં દર્શાવેલ છે કે જીવના બે પ્રકાર છે. ક્ષર અને અક્ષર.

આ સંસારમાં બે જ જીવ છે. ક્ષર અને અક્ષર. ભૌતિક જગતમાં પ્રત્યેક જીવ ક્ષર (પતનશીલ, નાશ પામે તેવા) હોય છે કે જેને શરીર છે. આ શરીર પચ્ચીસ તત્વોનું બનેલુ છે અને તે છ રીતે પરિવર્તન પામે છે. જન્મ, વૃદ્ધિ, ઉપસ્થિતિ, પ્રજોત્પાદન, ક્ષય અને વિનાશ જે આપણે અગાઉ વિગતવાર સમજ્યા. આ ગુણધર્મો પૃથ્વીલોક, દેવલોક, ઈશ્વર્લોક તમામને લાગુ પડે છે. ફરક એટલો છે કે દેવલોક અને ઈશ્વરલોક માં શરીર જલ્દી પરિવર્તન પામતું નથી. કેટલાય મન્વન્તરો કે યુગો સુધી દેવો, મહર્ષિઓ, મનુ, ઈશ્વરો નું અસ્તિત્વ પુરાણોમાં બતાવ્યું છે ( જુઓ કાળની સમજ પ્રકરણ). આથી તેઓ મનુષ્યની જેમ જલ્દી ક્ષય નથી પામતા પણ તેમનો પણ લય નિશ્ચિત છે. આથી આ બધા જ ક્ષર કહેવાય છે. અને તેના બીજરૂપ એટલે કે "ક્ષર" ની ઉત્પત્તિના કારણરૂપ શુદ્ધ પુરુષ+ મૂળ પ્રકૃતિ (પરબ્રહ્મ) તે અક્ષર (અવિનાશી) કહેવાય છે એટલે કે "વૃક્ષ નો નાશ - બીજ નો નહિ" એમ કહેવાય છે. પરબ્રહ્મ, પરમબ્રહ્મ માં બીજ રૂપે સમાય છે અને ફરી પ્રગટ થાય છે આથી પરબ્રહ્મ અક્ષર કહેવાય છે.

વળી ગીતાજી ૧૫.૧૭ માં સમજાવ્યા મુજબ "આ બંને ઉપરાંત એક પરમ પુરુષ પરમાત્મા છે. જેઓ સાક્ષાત અવિનાશી ભગવાન છે અને જેઓ ત્રણે લોકમાં પ્રવેશ કરીને સર્વનું પાલન કરી રહ્યા છે. તે જ જન્મ, મરણ આદિ વિકારોથી રહિત સૌના ઈશ્વર છે."

**આમ સગુણ રૂપથી તેઓ આ જગતના પિતા છે, અપરા પ્રકૃતિ રૂપથી આ જગતની માતા છે. અને નિર્ગુણ રૂપથી આ જગતના પિતામહ, પરમેશ્વર કે પરમાત્મા છે.**

કઠ. ઉપ. ૨.૨.૧૩ અને  સ્વે. ઉપ. ૬.૧૩ માં જણાવ્યા મુજબ "બદ્ધ અને મુક્ત એવા બંને પ્રકારના જીવોમાં એક પરમ પુરુષ ભગવાન હોય છે જે સર્વ નું પાલન કરે છે. તે ભગવાન પરમાત્મા ચેતના રૂપે સર્વના હ્રદય માં સ્થિત છે."

આજ સમજુતી અહિ ઉભા ખાના -૪  માં દર્શાવી છે. જેને સમજતા સ્પષ્ટ માલુમ પડશે કે જે "અ"કાર થી "મ"કાર સુધી ॐ છે તે સ્થાનો ક્ષર છે, "માત્રા" અક્ષર છે   , અને "બિંદુ" છે તે ક્ષર અને અક્ષર થી ઉપર પરમાત્મા (પરમ પુરુષ) છે જે "અક્ષરાતીત" થી ઓળખાય છે.

- *( એજ પરમાત્મા દિવ્ય, નિરાકાર, બહાર-અંદર બધે રહેલો, અજન્મા, પ્રાણ રહિત, મન રહિત, શુદ્ધ અને સર્વ થી શ્રેષ્ઠ તથા અક્ષર થી પણ પર છે. -મુ. ઉપ., બીજી મૂંડક, ખંડ પહેલો, શ્લોક-૨)*
- *( વિદ્યા અને અવિદ્યારૂપ એ બંને, હિરણ્ય ગર્ભ થી પર, અનંત અને અત્યંત ગુઢ એવા અક્ષર પરબ્રહ્મ માં રહ્યા છે. તેમની અવિદ્યા ક્ષર છે અને વિદ્યા અક્ષર છે. જે વિદ્યા અને અવિદ્યા બંનેને નિયમમાં રાખે છે તે તો તેમનાથી જુદો  છે.-સ્વે. ઉપ. ૫.૧)*
- *(અક્ષર પુરુષ,  સૃષ્ટિ રચવા રૂપ કર્મ કરીને તેમાંથી નિવૃત થઇ જાય  છે. અને ફરીથી પોતાના અવ્યય (અક્ષરાતીત) તત્વ માં ભળી જાય  છે. -સ્વે. ઉપ. ૬.૩ )*

<u>પ્રકરણ ૭.૩ ( કોષ્ટક નું ઉભા ખાના -૫ અને ૬ )</u>

<u>ભાગવત માં સમજાવેલ ષડાતમા દ્વારા અને જીવ સૃષ્ટિ દ્વારા પરમાત્માનું નિરૂપણ</u> :

શ્રીમદ ભાગવતમાં જુદાજુદા છ આત્મા વિષેની સમજુતી આપવામાં આવી છે. આ સમજુતીને વિશેષ અર્થપૂર્ણ રીતે કોષ્ટકના ઉભા ખાના -૫ અને ૬  માં સમજાવી છે. ભાગવતમાં જડાતમાં, જીવાત્મા, આત્મા, અંશાતમાં, પરાતમાં અને પરમાત્મા ની સમજુતી આપી છે. અહિ આડા ખાના ૭ માં જડાતમાં નું સ્થાન છે. જેમાં વનસ્પતિ, ઝાડ, પર્વતો વગેરે જડ જીવો નો સમાવેશ થાય છે. આ ઉપરાંત અહિ સુક્ષ્મતમ જીવો જેવા કે બેક્ટેરિયા વગેરેનો પણ સમાવેશ કરેલ છે. એનાથી ઉપર ખાના-૬ માં જીવાત્મા નો સમાવેશ થાય છે. જેમાં "અજ્ઞાની" મનુષ્ય ( અથવા આપણા જેવા તામસી મનુષ્ય), પશુ, પંખી, જળચર પ્રાણીઓ વગેરેનો સમાવેશ થાય છે. એનાથી ઉપર ખાના-૫ માં આત્માનો સમાવેશ છે. જેમાં "જ્ઞાની" મનુષ્યનો સમાવેશ થાય છે. એનાથી ઉપર ખાના-૪ માં, મહાત્મા અને હંસાત્માંનો સમાવેશ થાય છે. જેમાં પૃથ્વી પર દેવની જેમ પૂજાતા અને વ્યક્તિ તરીકે જન્મ લીધેલા આત્માઓ ઉપરાંત દેવો, ઇન્દ્ર, અશ્વિનીકુમાર, નારદ, સપ્તર્ષિ

વગેરેનો સમાવેશ થાય છે. એનાથી ઉપર ખાના -૩ માં અન્શાતમાં  નો સમાવેશ થાય છે. અંશાતમાં એટલે વેદનારાયણ (પરાત્મા) નો અમુક અંશો સાથેનો અવતાર. સામાન્ય દેવોથી વધુ કળાઓ લઈને જન્મેલા ઈશ્વર કે ભગવાન કહેવાતા સગુણ, સરૂપ અવતારો. જેવા કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, વિષ્ણુના ચોવીસ અવતાર, શિવ-શક્તિ ના જુદા જુદા અવતારો.

(નોંધ : ઈશ્વર ની વિવિધ કળાઓ વિષે પછી સમજશું)

એનાથી ઉપર ખાના- ૨ માં પરાત્મા (પરબ્રહ્મ) નું સ્થાન છે. આ પરાત્મા એટલે જ સૃષ્ટી ઉત્પન્ન થતી વખતે “વેદનારાયણ”, અવિનાશી બ્રહ્મ,  પુરુષ+પ્રકૃતિ, સૃષ્ટીના પ્રલય વખતે “શિવ” અથવા ઘણા વિવેચકો જેને “બ્રહ્મનિષ્ઠ” કહે છે, જે શ્રુષ્ટિ ઉત્પન્ન થતી વખતે પરમાત્માની નાભીમાંથી બીજરૂપે પ્રગટ થાય છે અને સૃષ્ટી સમેટાય ત્યારે બીજરૂપે પરમાત્માની નાભિમાં સમાય છે. આજ પરમાત્માનું સાકાર અને સગુણ  સ્વરૂપ છે. અને સૌથી ઉપર ખાના-૧ માં પરમાત્માનું સ્થાન છે.

<u>પ્રકરણ : ૭.૪ (ઉભા ખાના ૭  અને ૮ )</u>

<u>વિવિધ કોટિ અને જીવ થી પરમેશ્વર સુધીની સમજ</u>:

ઉભા ખાના -૭  અને ૮ માં વિવિધ કોટિ ની સમજ આપવામાં આવી છે. જેમાં આડા ખાના ૭, ૬ અને ૫ કે જે પૃથ્વી પરનું જીવન છે એટલે કે વિવિધ જીવોનું જે સ્થાન છે તે “જીવકોટી” કહેવાય છે. આડા ખાના-૪ ને “દેવકોટી” કહેવાય છે, જ્યાં દેવો, મહાત્મા અને હંસાત્માંનું સ્થાન છે. આડા ખાના-૩ ને “ઈશકોટી” અથવા “ઈશ્વર કોટિ” કહેવાય છે જ્યાં ઈશ્વરોનું (ઇશ+વર) સ્થાન છે. આડા ખાના -૨ ને “બ્રહ્મ કોટિ” કહેવાય છે જે અવિનાશી બ્રહ્મનું, ઈશ્વરોના અને વિશ્વના ઈશ્વર એટલે કે “વિશ્વેશ્વર” નું સ્થાન છે. અને સૌથી ઉપર ના ખાનામાં બધાના ઈશ્વર એટલે કે “સર્વેશ્વર” અથવા “પરમેશ્વર” નું સ્થાન છે.

<u>પ્રકરણ: ૭.૫ (ઉભું ખાનું ૯ )</u>

<u>પુરુષ નું આધિપત્ય:</u>

અહિ આડા ખાના ૭ અને ૬ ના જે જીવ છે, તે તેઓની સ્થિતિથી ઉપર આવી ઉચ્ચ મનુષ્ય અને પછી દેવકોટીમાં આવવા પુરુષાર્થ કરે છે માટે તેઓ “પુરૂષાર્થી“ કહેવાય છે. પુરુષ એટલે મનુષ્યમાં જન્મેલ જીવ જે વધુ ગુણ અને કળા મેળવી મહાત્મા, હંસાત્માં કે દેવલોક એટલે કે સ્વર્ગ વગેરે પામવાની ખેવના રાખે છે. માટે આડા ખાના ૫ અને ૪ “પુરુષ” કહેવાય છે. ખાના ૩ માં પુરુષની ઉપર ઉત્તમ પુરુષ અથવા “પુરુષોત્તમ”

નું સ્થાન છે, જેને ઈશ્વરકોટિ  અથવા પરબ્રહ્મના વિવિધ અવતાર કહેવાય છે. જેમની પુરુષોત્તમ તરીકેની લાક્ષણિકતા વિવિધ અંશાવ્તારોની કળા પર આધારિત છે. ખાના ૨ માં આખા વિશ્વનો ઉત્તમ પુરુષ "વિશ્વોત્તમ" કહેવાય છે જેને  પરબ્રહ્મ કહેવાય  અથવા પરમબ્રહ્મનું સગુણ   – સાકાર રૂપ કહેવાય છે. અને સૌથી ઉપર "સર્વોત્તમ" એટલે કે પરમાત્માનું સ્થાન છે.

<u>પ્રકરણ ૭.૬ (ઉભું ખાનું ૧૦ )</u>

<u>ગીતાજી ના અધ્યાય ૮ (શ્લોક ૧૮,૧૯,૨૦) માં દર્શાવેલ "વ્યક્તિ", "વ્યક્ત", "અવ્યક્ત" ની સમજ</u>:

ગીતાજી ના આઠમાં અધ્યાયના શ્લોક ૧૮ થી ૨૦ માં સમજાવ્યું છે કે

" બ્રહ્મા ના દિવસના આરંભ સમયે બધા જીવો (વ્યક્તિ), "અવ્યક્ત" દશા માંથી "વ્યક્ત" થાય છે. અને પાછી જયારે બ્રહ્માની રાત પડે ત્યારે તેઓ પુન: "અવ્યક્ત" દશાને પામે છે. આ સિવાય તેનાથી પર એક અવ્યક્ત પ્રકૃતિ છે જે શાશ્વત (સનાતન) છે, અને આ વ્યક્ત અને અવ્યક્ત થી પર છે. તે સર્વોપરી અને કદાપી નષ્ટ ન થનારી છે. જયારે આ જગતમાનું બધુ જ નાશ પામે છે, ત્યારે પણ તે તેમજ રહે છે."

આજ સમજુતી અહિ કોષ્ટક ના ઉભા ખાના ૧૦ માં દર્શાવેલ છે.  ખાના  ૭ થી ૪  ના સ્થાન માં રહેલ જીવો અને દેવો બ્રહ્માના કાળ દરમિયાન વારંવાર જન્મે છે અને મૃત્યુ પામે છે માટે તેમને  "વ્યક્તિ" કહેવાય છે. જે ઈશ્વરો છે તે "નારાયણના અંશાવતાર" છે તેથી તેઓ "વ્યક્ત" કહેવાય છે અને તેમનુ અસ્તિત્વ બ્રહ્માથી અનેકગણા સમય સુધી રહે છે જે આપણે  અગાઉ સમજ્યા. પરબ્રહ્મ માં ગ્રંથિ પડ્યા બાદ જે ત્રિગુણાત્મક "ભૌતિક પ્રકૃતિ"  અથવા "નીકૃસ્ત પ્રકૃતિ" હોય છે તે  "વ્યક્ત પ્રકૃતિ" કહેવાય છે.  ઉભય રૂપે રહેલ "મૂળ પ્રકૃતિ"  બીજરૂપે સમાય છે. આથી તે "અવ્યક્ત પ્રકૃતિ " કહેવાય છે. આ બધાથી ઉપર પરમાત્માનું નિર્ગુણ-નિરાકાર સ્વરૂપ છે જે સનાતન છે તેને જ "અવ્યક્ત" કહેવાય.

<u>પ્રકરણ ૭.૭ ( ઉભું ખાનું ૧૧ )</u>

<u>જુદા જુદા દેહો ની સમજ વડે પરમાત્માનું નિરૂપણ</u>:

અગાઉ આપણે જુદા જુદા દેહો કેવી રીતે બને છે, વિવિધ દેહોમાં કયા તત્વો સમાયા છે,  ક્યારે કયો દેહ છુટે છે, વગેરે સમજ્યા. આ સમજુતીને પરમાત્માના સંદર્ભમાં કોષ્ટકમાં ઉભા ખાના ૧૧  માં રજુ કરી છે. અહિ આડા ખાના ૭ થી ૫ સુધી ૨૫ તત્વોનો બનેલો દેહ હોય છે. જેમાંથી ૧૫ તત્વોનો સ્થૂળ દેહ છુટે પછી નો દેહ

સ્વર્ગલોક અથવા દેવલોક (અથવા કર્મ અનુસાર નરક) માં જાય છે. અને પછી જેમ તત્વો છુટતા જાય તેમ ઉર્ધ્વ ગતિ પામે છે અને અંતે દેહ નો મોક્ષ થાય છે. ખાના ૭ થી ૧ સમજવાથી આ સમજુતી દઢ થશે.

પ્રકરણ ૭. ૮ (ઉભા ખાના ૧૨ અને ૧૩)

વિવિધ લોક, વિવિધ મુક્તિ અને મોક્ષ વડે પરમાત્માનું નિરૂપણ:

અહિ ઉભા ખાના ૧૨  અને ૧૩  માં આડા ખાના ૭ થી ૪ જે "વ્યક્તિ" ના સ્થાન છે તે સદેહ છે. અહી જ નર્ક, પૃથ્વીલોક, મૃત્યુલોક, સ્વર્ગલોક વગેરેનું સ્થાન છે. મનુષ્ય મૃત્યુ પછી જો સ્વર્ગલોકમાં જાય, તો તેની "સાલોક્ય મુક્તિ" ( એટલે કે ભગવાનના નીત્યધામ માં નિવાસ) કહેવાય છે. અહિ તે તેના દ્વારા કરાયેલ સારા કર્મોના ફળ ભોગવે છે. સારા કર્મો વપરાયા પછી પાછો પૃથ્વી પર આવે છે. આડા ખાના ૩ ને "સારુપ્ય મુક્તિ" કહેવાય છે ( એટલે કે ભગવાન ના જેવું રૂપ). જો સુક્ષ્મદેહ છુટે તો આ મુક્તિ શક્ય છે. હજી પણ કારણદેહ અને મહાકારણ દેહ બાકી રહે છે. અહીંથી જો કારણદેહ છુટે (મન, બુદ્ધિ, ચિત, અહંકાર) તો "સામીપ્ય મુક્તિ" મળે છે (એટલે કે બ્રહ્મના સાનિધ્યમાં રહેવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે). હજુ પણ વાસનાદેહ (મહાકારણ દેહ, માયા દેહ) બાકી રહે છે. માટે સામીપ્ય મુક્તિ એ મોક્ષ નથી. જો વાસના દેહ છુટે તો તેને "સાયુજ્ય મુક્તિ" કહેવાય છે, અહિ પરમાત્માના વિગ્રહ માં સમાવેશ થાય છે  જેને "મોક્ષ" કહેવાય છે.

- *(મુક્તિ પામેલો મનુષ્ય પણ પ્રારબ્ધના ભોગ ભોગવતો રહીને ભગવાનની ઈચ્છા અનુસાર પોતાના શરીરને ધારણ કરે છે. -ભા. ૫.૧.૧૬)*
- *(ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં પણ શ્રેષ્ઠ મોક્ષ જ માનવામાં આવે છે. કારણકે અન્ય ત્રણ પુરુષાર્થોમાં હમેશા કાળનો ભય રહે છે.  -ભા. ૪.૨૨.૩૫)*

પ્રકરણ ૭.૯ (ઉભું ખાનું ૧૪)

ગીતાજીના અધ્યાય ૧૫ માં દર્શાવેલ "અશ્વત્થ વૃક્ષ" થી પરમાત્માની સમજ:

ગીતાજી ના અધ્યાય-૧૫ શ્લોક ૧ થી ૪ માં જે સમજ આપવામાં આવી છે તે મુજબ

"એમ કહેવાય છે કે એક સાશ્વત અશ્વત્થ વૃક્ષ છે, જેના મૂળ ઉપરની તરફ અને શાખાઓ નીચેની તરફ છે તથા તેના પાંદડા વેદમંત્રો છે. જે મનુષ્ય આ વૃક્ષને જાણે છે તે વેદોનો જ્ઞાતા છે."

“આ વૃક્ષની શાખાઓ ઉપર તથા નીચે પ્રસરેલી છે. અને પ્રકૃતિના ત્રણ ગુણો દ્વારા પોષણ પામે છે. તેની ડાળખીઓ ઇન્દ્રિયોના વિષયો છે. આ વૃક્ષના મૂળ નીચે પણ વિસ્તરે છે જે મનુષ્યલોકના કર્મોથી બંધાયેલા છે.”

“આ વૃક્ષના વાસ્તવિક સ્વરૂપની અનુભૂતિ આ જગતમાં કરી શકાતી નથી. કોઈ પણ  કદી સમજી શકતું નથી કે આનો આદિ ક્યાં છે, અંત ક્યાં છે અને આધાર ક્યાં છે ? મનુષ્યે આ વૃક્ષને વિરક્તિ ના શસ્ત્ર વડે દઢતા થી કાપી નાખવું જોઈએ અને એવા સ્થાનની શોધ કરવી જોઈએ કે જ્યાં ગયા પછી પાછા આવવાનું રહે નહિ. “

અહિ ઉભા ખાના ૧૪ માં દર્શાવ્યા  મુજબ આડા ખાના ૭ અને ૬ માં શરીર રચનાનો સુક્ષ્મ કોષ, પુષ્પ અને પાંદડા રૂપ જીવો. ખાના ૫ માં બતાવ્યા મુજબ વૃક્ષના ફળ રૂપ માનવી, ખાના ૪ માં દર્શાવ્યા મુજબ પાંખડા (ડાળ ની શાખા) એટલે કે દેવો, ખાના-૩ માં ડાળો (ઈશ્વરો), ખાના ૨ માં વૃક્ષ નું થડ (એટલે કે સગુણ બ્રહ્મ અથવા પર બ્રહ્મ), જેને વિરક્તિના શસ્ત્રો વડે દઢતાથી કાપી નાખ્યા પછી ( એટલે કે જેની સંપૂર્ણ સમજણ પછી ) પરમાત્માની પ્રાપ્તિ થાય.

<u>પ્રકરણ ૭.૧૦ ( ઉભું ખાનું ૧૫ )</u>

<u>વિવિધ અવસ્થાઓ વડે પરમાત્માનું નિરૂપણ</u>:

અગાઉ પ્રકરણ-૫ માં આપણે આત્માની વિવિધ ત્રણ અવસ્થાઓ વિષે સમજ્યા. સુષુપ્ત, સ્વપ્ન અને જાગ્રત અવસ્થા. આત્માની આ અવસ્થાઓ જે જીવકોટીનું સ્થાન છે તેમાં એટલે કે ઉભા ખાના ૧૫ ના આડા ખાના ૭ થી ૩  માં બતાવ્યા છે. અહિ ખાના ૭, ૬ અને ૫ એટલે કે માનવી સુધીમાં સુષુપ્ત અવસ્થા. દેવોની સ્વપ્નાવસ્થા ખાના ૪ માં બતાવી છે. ઈશ્વરો જાગ્રત અવસ્થા કહેવાય છે. જે ખાના ૩ માં બતાવી છે. આત્મા ની ત્રણ અવસ્થાથી ઉપર પરબ્રહ્મની અવસ્થાને તુરીયાવસ્થા અને સૌથી ઉપર પરમાત્માને તુરીયાતીત કહેવાય છે.

<u>પ્રકરણ ૭ .૧૧ (ઉભું ખાનું ૧૬)</u>

<u>વિવિધ પ્રલયની સમજુતી વડે પરમાત્માનું નિરૂપણ</u>:

અગાઉ કાળ ની સમજણ વિભાગમાં વિવિધ પ્રલયોની આપણે જાણકારી મેળવી. તેમાં સમજ્યા તેમ માનવી ના લય સ્થાન સુધીનો પ્રલય “નિત્ય” પ્રલય ( મન્વન્તર નો અંત) કહેવાય છે જે આડા ખાના ૭ થી ૫  માં

દર્શાવેલ છે. દેવોના લય સ્થાન  ને "નિમિત પ્રલય" અથવા "નૈમૈતિક પ્રલય" કહેવાય છે જે આડા ખાના ૪ માં દર્શાવેલ છે. ઈશ્વરોનું આધિપત્ય "પૃથ્વી પ્રલય" સુધી હોય છે. જ્યાં બ્રહ્માનો લય થાય છે. જે આડા ખાના ૩ માં દર્શાવેલ છે. નારાયણનું (પરબ્રહ્મ) આધિપત્ય "મહાપ્રલય" સુધી હોય છે જે ખાના ૨  માં દર્શાવ્યું છે. ખાના ૧  માં "આત્યંતિક" પ્રલયનું સ્થાન છે. આત્યંતિક પ્રલય વખતે પરબ્રહ્મ, પરમબ્રહ્મ  માં સમાય છે.

## પ્રકરણ – ૮

## ઈશ્વરના અવતારોની વિવિધ કળાઓ વિષે સમજણ:

અગાઉ સમજુતી કેળવી તેમ પરમાત્માનો સગુણ વિગ્રહ (સગુણ રૂપ), પરબ્રહ્મ (નારાયણ, શિવ, યુગ્મ સ્વરૂપ, આદ્ય શક્તિ વગેરે) થી ઓળખાય છે. આમાંથી કોઈમાં પણ આપણી શ્રદ્ધા એ પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા છે. ઘણા સંપ્રદાય આ બાબતમાં અસ્પષ્ટ છે. આથી વધુ સ્પષ્ટતા  સમજવા ઈશ્વરોની વિવિધ કળાઓ અને કાર્યો વિષે સમજણ પ્રાપ્ત કરવી જોઈએ.

વિષ્ણુના અને શિવ-શક્તિના વિવિધ અવતારો વિષે મોટાભાગના વ્યક્તિઓને આછી પાતળી પણ સમજ તો હોય જ છે. આપણે વિષ્ણુના વિવિધ અવતાર સમજવાનો પ્રયત્ન કરીએ તો વિષ્ણુના દસ મુખ્ય અવતારો માંથી આપણે સાતમાં અવતાર “શ્રી રામ”ની  અને આઠમાં અવતાર “શ્રી કૃષ્ણ”ની કથા અને ગાથા વધુ સાંભળીયે છીએ, કારણકે શ્રી કૃષ્ણે દ્વાપર યુગમાં ( હાલના કલિયુગ થી પહેલા) અને શ્રી રામે ત્રેતાયુગમાં (દ્વાપર થી પહેલા) જન્મ લીધો. આ કારણથી  આ બંને અવતારોનું પ્રભુત્વ સવિશેષ રહ્યું છે. અન્ય ૧ થી ૬ અવતારોની સમય અવધી વધારે હોવાથી હાલમાં મહાત્મય પણ ઓછું છે. છતાં એક વાત ચોક્કસ યાદ રાખવી જોઈએ કે આ દરેક અવતારો પરમાત્માના સગુણ વિગ્રહના (પરબ્રહ્મના) આંશિક અથવા પૂર્ણ અવતારો છે.

અહિ અંશાવતાર  એટલા માટે કહેવાય કે દરેક અવતાર, તેઓના અવતારના હેતુ માટેના ચોક્કસ ધ્યેય થી અમુક પ્રકારના વિશિષ્ઠ ગુણો લઈને વિગ્રહ પામ્યા છે. આ વિશિષ્ઠ ગુણો સામાન્ય માનવી કરતા અલગ પ્રકારના છે જે  **“કળા”** તરીકે ઓળખાય છે. ભાગવતના પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં વ્યાસજીએ શ્રી કૃષ્ણને પૂર્ણ અવતાર કહ્યા છે.  શ્રી કૃષ્ણ પૂર્ણ અવતાર થયા એટલે પૂર્ણ પુરુષોત્તમ કહેવાયા. આજ સંદર્ભથી શ્રી રામ મર્યાદા પુરુષોત્તમ કહેવાયા.

શ્રી કૃષ્ણ પૂર્ણ અવતાર કહેવાયા કારણકે તેઓ ૧૬ વિશિષ્ટ કળા લઈને વિગ્રહ પામ્યા. શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ ચંદ્ર વંશમાં થયો આથી ચંદ્રની સોળ કળાઓ (અમાસ થી પૂનમ) નો પ્રભાવ શ્રી કૃષ્ણના વિગ્રહમાં છે. આજ રીતે શ્રી રામ સુર્યવંશમાં જનમ્યા આથી સુર્યની (આદિત્યની) બાર મહિનાની ૧૨ કળાઓનો પ્રભાવ શ્રી રામ ના વિગ્રહમાં છે. આવી જ રીતે અન્ય અવતારો જુદી જુદી વિશિષ્ટ કળાઓ લઈને જન્મ પામ્યા.

<u>શ્રી કૃષ્ણ ની વિવિધ કળા:</u>

શ્રી કૃષ્ણ ની વિવિધ સોળ કળાઓને બે રીતે સમજાવી શકાય.

પહેલી રીત છે. ગુણોની વૃદ્ધી ની રીત.

આ રીત પ્રમાણે સમજતા પહેલી પાંચ કળા જેવી કે

૧. અન્નમાયા (ખોરાક). ૨. પ્રાણ માયા (શ્વાસ). ૩. મનો માયા (મન). ૪. વિજ્ઞાન માયા (જ્ઞાન). ૫. આનંદ માયા (આનંદ). આ પાંચ કળા દરેક મનુષ્યમાં હોય છે.

થોડા વધુ પ્રયત્નથી મનુષ્ય વધુ ત્રણ કળા પ્રાપ્ત કરી શકે છે. ૬. અતિશાયીની (શાંતિ). ૭. વિપરીનાભીમી (પ્રેમ).  ૮. સંક્રમીની (પરમાત્મા સાથે આત્મીયતા). વધુ ત્રણ કળા એટલે કે જેને કુલ આઠ કળા પ્રાપ્ત થાય તેઓ મહાત્મા કે હંસાત્માં તરીકે ઓળખાય છે. (અહિ સમજવાનું છે કે પરમાત્માની બધી શક્તિઓ સ્વાભાવિક સિદ્ધ જ હોય છે. જયારે મનુષ્યે સિદ્ધિ વડે પ્રાપ્ત કરેલ કળા આંશિક સફળતાવાળી અને આંશિક વિફળતાવાળી  હોય છે)

બાકીની આઠ કળાઓ છે તેમાં

૯. પ્રભવી. ૧૦. કુંથીની. ૧૧. વિકાસીની. ૧૨. મર્યાદીની. ૧૩. સન્હલાદીની. ૧૪. અહલાદીની. ૧૫. પરિપૂર્ણ. ૧૬. સ્વરૂપ વસિષ્ઠ

( નવમી પ્રભવી કલાનો અર્થ છે કર્તમ- અકર્તમ, એટલે કે કોઈ પણ અશક્ય કામ કરવાની શક્તિ. નરસિંહ ભગવાન પાસે આ કળા હતી. આજ રીતે બારમી મર્યાદીની સુધીની કળા લઈને થયેલા અવતાર ને આપણે મર્યાદા પુરુષોત્તમ કહીએ છીએ.)

બીજી રીત:

<u>શ્રીમદ ભાગવત પુરાણમાં સમજાવવામાં આવેલ શ્રી કૃષ્ણ ના સામર્થ્યની સોળ કળાઓ</u>.

૧. શ્રી: (એટલે કે ધન સંપદા). પહેલી કળામાં ધનસંપત્તિને સ્થાન આપવામાં આવ્યું છે. જેની પાસે અપાર સંપતિ હોય અને અધ્યાત્મિક રૂપથી પણ જે ધનવાન હોય, જેના બારણેથી કોઈ યાચક ખાલી હાથે પાછો ન જાય તેવી કળા.

૨. ભૂ:  (એટલે અચલ સંપતિ). બીજી કળા ભૂ સંપતિ. જેની પાસે પૃથ્વી પર રાજ ભોગવવાની ક્ષમતા છે. પૃથ્વીના મોટા ભાગ પર જે અધિકાર ભોગવી શકે છે, અને જેની આજ્ઞાનું પાલન બધા કરે છે તેમનામાં આ કળા મોજુદ હોય છે.

૩. કીર્તિ: (એટલે યશ પ્રસિદ્ધિ). જેના માન સન્માન અને યશની કીર્તિ ચારે બાજુ ફેલાયેલી હોય છે અને જેમના માટે લોકોને પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ હોય છે.

૪. ઈલા: (એટલે વાણી નું સંમોહન). બધાને મોહી લે તેવી મોહક વાણી.

૫. લીલા: (એટલે આનંદ-ઉત્સવ). જે કાર્યોથી આનંદ થાય.

૬. કાંતિ: (એટલે સૌંદર્ય, આભા ). જેમનું રૂપ જોઇને મન આકર્ષાય જાય અને જેમને વારંવાર જોવાનું મન થાય.

૭. વિદ્યા: (એટલે મેધા બુદ્ધિ). વેદ, વેદાંત, સંગીત, યુદ્ધ કળા, રાજનીતિ, ફૂટ નીતિ વગેરે તમામ વિદ્યા જેની પાસે હોય.

૮. વિમલા: (એટલે પારદર્શિતા). જેના મનમાં છલ કપટ ન હોય અને બધા પ્રત્યે સમાન વ્યવહાર હોય.

૯. ઉત્કર્ષની: (એટલે પ્રેરણા અને નિયોજન). જેની પ્રેરણામાં એવું સામર્થ્ય હોય કે જેની વાતોથી પ્રેરણા લઇ માનવી પોતાનું લક્ષ્ય સીધ્ધ કરી શકે.

૧૦. જ્ઞાન: (એટલે નીર ક્ષિર વિવેક). પોતાના જ્ઞાન વિવેકથી સમાજને નવી દિશા બતાવી શકે.

૧૧. ક્રિયા: (એટલે કર્મણ્યતા). જેની ઈચ્છા માત્રથી દરેક કામ થઇ શકે.

૧૨. યોગ: (એટલે ચિતલય). જેનું મન કેન્દ્રિત છે, જેણે પોતાના મનને આત્મામાં લીન કરી દીધું છે.

૧૩. પ્રહવી: (એટલે અત્યન્તિક વિનય). બધું કામ જાતે કરવા છતાં જશ બીજાને આપવો.

૧૪. સત્ય: (એટલે યથાર્થ): ધર્મના રક્ષણ માટે કડવું પણ બોલી શકે અને સત્યને પરિભાષિત કરીને પણ બોલી શકે.

૧૫. ઈસના: (એટલે આધિપત્ય). લોકો પર પ્રભાવ પાડી આધિપત્ય બતાવી શકે.

૧૬. અનુગ્રહ: (એટલે ઉપકાર). કોઈપણ જાતની અપેક્ષા વગર ઉપકાર કરી શકે તેવી ભાવના.

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

## પ્રકરણ – ૯

# મૂર્તિ પૂજા વિષે વિચાર

વેદોમાં દર્શાવેલા પરમાત્માના નિરાકાર, નિરંજન જેવા અનેક વિશેષણો, તેમજ પરમાત્મા અને પરાતમાં નો ભેદ સમજ્યા પછી હવે સ્વાભાવિકપણે પ્રશ્ન ઉપસ્થિત થાય કે "તો પછી આપણે મૂર્તિપૂજા કરીએ છીએ તે યોગ્ય છે?" વેદોમાં જણાવ્યા મુજબ જો પરમાત્માનું કોઈ નામ અને રૂપ ન હોય તો કયા નામ અને રૂપમાં મનને જોડવું?

સમસ્ત જગતમાં બે પ્રકારના પદાર્થ જોવામાં આવે છે. એક મૂર્ત અને બીજો અમૂર્ત. જે વસ્તુની લંબાઈ, પહોળાઈ વગેરે માપ થઇ શકે એવા સ્થૂળ પદાર્થને મૂર્ત, અને જેનું એવી રીતે રૂપ, રંગ કે માપ ન બની શકે તે અમૂર્ત.

*બૃહદારણ ઉપનિષદપ્રમાણે*

- *"આકાશ અને વાયુથી અન્ય પદાર્થ તે મૂર્ત. ફક્ત આકાશ અને વાયુ અમૂર્ત છે". મૂર્તિમાં આકાર, રૂપ, રંગ વગેરે સંભવી શકે પરંતુ ચેતન કદી સંભવી ન શકે. મૂર્તિ કોઈના શરીરની પ્રતિકૃતિ બની શકે પણ તેમના શરીરમાં રહેલા ચેતન આત્માની પ્રતિમા કેવી રીતે બની શકે?*

*મૈત્રેય ઉપનિષદ પ્રમાણે*

- *"પત્થર, સોનું કે માટીમાંથી બનાવેલી મૂર્તિઓની પૂજા મોક્ષની ઈચ્છાવાળાને ફરી જન્મ અને ભોગ આપવાવાળી થાય છે. આથી ફરી જન્મ ન આવે તેવું ઇચ્છનારે બહારની પૂજા છોડી પોતાના હ્રદયમાં જ પૂજા કરવી"*

*ભાગવત પ્રમાણે,*

- *"હું આત્મારૂપે  બધા જ જીવોમાં સદેવ સ્થિત છું. તેથી જે મનુષ્યો મુજ સર્વભૂત- સ્થિત પરમાત્માનો અનાદર કરીને કેવળ મુર્તિમા જ મારું પૂજન કરે છે તેનું તે પૂજન આડંબર માત્ર છે. (ભા. ૩.૨૯.૨૧)"*

*યજુર્વેદ ના ૩૨ માં અધ્યાય પ્રમાણે,*

- *"પરમેશ્વરનો પ્રસિદ્ધપણે યશ છે તે પરમેશ્વરની પ્રતિમાઓમાં નથી. જો મૂર્તિમાં પરમેશ્વર હોય તો મૂર્તિ તો બહુ સ્થળે છે"*

વેદમાં કોઈ જગ્યાએ પ્રતિમા પૂજનનું વર્ણન નથી.

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

***<u>ભાગવતમાં સમજાવ્યા મુજબ,</u>***

- *"ભક્તિયોગી ઉપાસકો કહે છે કે અમારા ભગવાન હાથ પગ વગેરે અંગોવાળા સાકાર વિગ્રહ છે અને સાંખ્યવાદીઓ કહે છે કે ભગવાન હાથ પગ વગેરે અંગ વગરના નિરાકાર છે. જો કે આ પ્રમાણે તેઓ બધા એકજ વસ્તુના બે પરસ્પર વિરોધી ધર્મનું વર્ણન કરે છે, તેમ છતાં પણ એમાં વિરોધ નથી કારણકે તે બંનેમાં રહેવાવાળું એક જ તત્વ પરમાત્મા છે. આમ બંનેમાં સામ્ય છે.(ભા. ૬.૪.૩૩-૩૪)"*
- *યોગશાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે " અનાત્મા શરીર આદિમાં આત્મ બુદ્ધિ કરવી એ અવિધ્યાનું લક્ષણ છે."*

આમ છતાં પણ રામાયણ, મહાભારત, ભાગવત વગેરેમાં મૂર્તિપૂજા થી ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય તેવું સમજાવ્યું છે. વળી શ્રીકૃષ્ણ, રામજી વગેરે પણ મૂર્તિ પૂજતા. આનું કારણ શું તે સમજીએ.

આનું કારણ એ છે કે જો પરમાત્મા નિરાકાર, નિર્ગુણ વગેરે હોય તો આપણે પરમાત્મામાં મન વાળવું કઈ રીતે? માટે જ કોઈ દિવ્ય રૂપધારી ઇષ્ટનો આશ્રય કરવો જોઈએ. કારણકે જે પોતાનો ઉપાસ્ય દેવ છે તે દિવ્ય હોવો જોઈએ, નહી તો આ વિકારી મન બીજા બધા ઘણા વિકારો ગ્રહણ કરવાની ક્ષમતા ધરાવે છે.

**આપણે જે દેવની ઉપાસના કરીએ તે દેવની કલ્પના કરી તેમાં આપણું સંપૂર્ણ મન પરોવવું જોઈએ. આના માટે જ મૂર્તિ પૂજાનું મહત્વ છે. શ્રીકૃષ્ણ, રામચંદ્રજી, શંકર વગેરે જેને આપણે ભગવાન માન્યા  છે તેમને પુરાણોમાં વર્ણન પ્રમાણેના સગુણ સ્વરૂપમાં પામીને,  તેમનામાં મન લગાડીને કૃતાર્થ થવાય છે. આનાથી વિશ્વાસ દઢ થાય છે. અને જેમ વિશ્વાસ દઢ થાય તેમ નિર્ગુણ બ્રહ્મનો અનુભવ કરી શકાય છે. સગુણ માંથી નિર્ગુણ બ્રહ્મને વિચારવાની બુદ્ધિશક્તિ ખીલવવાનો શ્રેષ્ઠ માર્ગ મૂર્તિપૂજા છે.**

**<u>છતાંપણ અહિ સભાનતા રાખવી જરૂરી છે કે મૂર્તિપૂજા એ પરમાત્માની સમીપ જવાનો એક આધાર અથવા એક પગથિયુ છે.</u>**

<u>આપણું અંતિમ લક્ષ્ય માત્ર અને માત્ર નિર્ગુણ પરમાત્મા હોવું જોઈએ</u>.

- *("ભગવાનના સ્થૂળ અને સુક્ષ્મ બંને પ્રકારના રૂપોનું શ્રવણ કરીને પહેલા ચિતને સ્થૂળ રૂપમાં સ્થિર કરવું જોઈએ. અને પછી ધીરે ધીરે ચિતને ત્યાંથી હટાવીને સુક્ષ્મ રૂપમાં જોડી દેવું જોઈએ."  -"ભા. ૫.૨૬.૩૯)*
- *("આપના સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું જ્ઞાન પ્રાપ્ત થવું મુશ્કેલ હોવા છતાં પણ નિર્ગુણ સ્વરૂપનો મહિમા ઇન્દ્રિયોને વશ કરીને શુદ્ધ અંતકરણથી જાણી શકાય છે."  -ભા.૧૦.૧૪.૬)*

સંપ્રદાયોનો દાખલો લઈએ તો પુષ્ટિમાર્ગીય આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીએ ભાગવતના દશમાં સ્કંધ ની ટીકા લખી છે જે "સુબોધિની" તરીકે ઓળખાય છે. દશમાં સ્કંધમાં ભગવાનની લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ બધી લીલાના પરિણામે ભક્તોને પ્રપંચની વિસ્મૃતિ થઇ ભગવાનમાં આસક્તિ થાય છે એટલે આખા

દશમાં સ્કંધ નો અર્થ " નિરોધ" છે. આ દશમાં સ્કંધના કુલ ૮૭ અધ્યાય છે. જેને બે વિભાગમાં વહેચવામાં આવ્યા છે. પ્રકરણ ૧-૪૬ પૂર્વાર્ધ કહેવાય છે અને પ્રકરણ ૪૭-૮૭ ઉત્તરાર્ધ કહેવાય છે.

આ અધ્યાયોના કુલ પાંચ પ્રકરણ પાડવામાં આવ્યા છે. આમાં બીજું પ્રકરણ (અધ્યાય ૫ થી ૩૨) "તામસ પ્રકરણ" તરીકે ઓળખાય છે. આ પ્રકરણના અંતર્ગત અધ્યાય ૨૬-૩૨ ને "ફલ પ્રકરણ" કહેવાય છે.

તામસ લોકો (એટલે કે આપણા જેવા સામાન્ય મનુષ્યો) મુગ્ધ હોય છે અને તેથી દઢ આગ્રહી હોય છે. પરિણામે તે લોકો જે પદાર્થનો આગ્રહ કરે છે તેને છોડતા નથી. (સાત્વિક અને રાજસિક લોકોને તો જ્ઞાનમાર્ગ વગેરેમાં રૂચી હોય છે.) આથી "તામસ" લોકોનો "નિરોધ" સરળ રીતે સિદ્ધ થાય છે. તામસ મનુષ્યોમાં ભગવાનનું બહાર પ્રગટ થતું સ્વરૂપ જ તેમની દ્રષ્ટીએ મુખ્ય છે. માટે આ ફલ પ્રકરણમાં ભગવાને તામસ ભક્તોને "સ્વરૂપાનંદ" નું દાન કરીને તેમનો નિરોધ સિદ્ધ કર્યો છે. પુષ્ટિમાર્ગમાં આને જ પરમ ફલ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. માટે જ શ્રી મહાપ્રભુજીએ દરેક ને પોતાના ઘરમાં બિરાજેલા સેવ્ય સ્વરૂપની સેવા સીધ્ધ કરવાની આજ્ઞા આપી છે, વળી બાલ્યાવસ્થામાં ભગવાને અનેક લીલા કરી ને  નિ:સાધન જીવોનો ઉદ્ધાર કરેલો છે. તેથી પુષ્ટિમાર્ગમાં અગિયાર વર્ષ અને બાવન દિવસની ઉંમર  સુધીના બાલકૃષ્ણની જ સેવા કરવાની આજ્ઞા આપી છે.

આજ રીતે સ્વામીનારાયણ અને અન્ય પંથો પણ મૂર્તિ પૂજા નું મહત્વ બતાવે છે.

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

## પ્રકરણ – ૧૦

# પરમાત્મા સાથે આત્મીયતા:

અત્યાર સુધી આપણે વિવિધ માધ્યમો દ્વારા મનુષ્ય, દેવ, ઈશ્વર, પરાત્મા, પરમાત્મા વગેરેનું નિરૂપણ સમજ્યા. બ્રહ્મ અને આત્માના સંબંધ વિષે સમજ્યા. મનુષ્યની દેહ રચનામાં કયા ૨૫ તત્વો ભાગ ભજવે છે તે વિષે અગત્યની જાણકારી પ્રાપ્ત કરી. મનુષ્ય દેહ નશ્વર છે પણ તેમાં રહેલ દેહી ( આત્મા) અમર છે તેની પણ સમજણ પ્રાપ્ત કરી. ૨૫ તત્વોથી બનેલા આ દેહ ને જ પરમાત્મા સાથે આત્મીયતા કેળવવા સાધ્ય બનાવી શકાય. કારણકે પરમાત્માએ આપણને આપેલા આ તત્વો જ તેમાં સહાયભૂત થાય છે.

*ભાગવતમાં કહ્યું છે કે*

- *"પરમાત્માને પ્રસન્ન કરવા માટે કઈ ઝાઝો પ્રયત્ન નથી કરવો પડતો, કારણકે તેઓ સમસ્ત પ્રાણીઓના આત્મા છે, અને સર્વત્ર સૌની સત્તા (અસ્તિત્વ) રૂપે સ્વયં સિદ્ધ વસ્તુ છે. (૭.૬.૧૯)"*

પરમાત્માને સમજવાની, તેમની સાથે આત્મીયતા કેળવવાની, પરમાત્મા સુધી પહોચવાની અને તેમને શરણાગત થવાની  યાત્રા વિશે વેદો, ઉપનીષદો, પુરાણોમાં અઢળક માહિતી આપી છે. ગીતાજીમાં પણ ખુબ વિસ્તૃત સમજ આપી છે. ખુબ વિશાળ વિષય છે. જેની છણાવટ માટે મારું જ્ઞાન "નહિ" બરાબર છે. આથી આ બાબતમાં હું વધુ નહિ લખું.

મારે ફક્ત આ યાત્રા માટેનું પહેલું કદમ ભરવાનું સાહસ બતાવવું છે.

આ પહેલું કદમ છે,

" પરમાત્મા વિષેનું અને તેમણે શરણાગત થવા વિષેનું જ્ઞાન સૌ પ્રથમ પ્રાપ્ત કરો."

મારા કહેવાનો મતલબ છે પરમાત્મા વિશેનું "સાચું" જ્ઞાન પ્રાપ્ત કરો અને જ્ઞાની બનો. (વિદ્વાન નહિ)

જ્ઞાની અને વિદ્વાન આ બંને અલગ શબ્દો છે અને સ્પષ્ટ રીતે સાશ્ત્રોમાં સમજાવ્યા છે. સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જરૂરી નથી કે વિદ્વાન હોવું. એ પણ જરૂરી નથી કે બધા શ્લોક, મંત્રો, ભજનો વગેરે કડકડાટ ગોખવા. સેવા, શણગાર અને ભોગની રીતોનું જડ રીતે પાલન કરવું અને કરાવવું. કારણકે સાચું જ્ઞાન ત્રણ પ્રકારે પ્રાપ્ત થાય છે.

૧. પહેલા પ્રકારમાં તે સહજ માં પ્રાપ્ત થાય છે.

૨. બીજું જ્ઞાની પુરુષના સમાગમથી અને

૩. ત્રીજું વેદ, વેદાંગ, પુરાણ અને જ્ઞાનીઓના વચનોનો "ભાવાર્થ" સમજવાથી. એટલે કે વેદ, વેદાંગ, પુરાણ વગેરેમાં આપેલા શ્લોકોના ફક્ત અર્થ નહિ પણ તેમાં છુપાયેલા ભાવને સમજીને તેનો અર્થ કરવાથી. ( જુઓ આ પુસ્તકની પ્રસ્તાવનાનું પહેલું સુભાષિત).

- **શાસ્ત્રો ના વચનોનો ફક્ત અર્થ સમજીને સમજાવી શકે તે "વિદ્વાન" કહેવાય, પણ વચનોને યથાર્થ રૂપે સમજીને સમજાવી શકે તે "જ્ઞાની" કહેવાય.**
- **વેદ શાસ્ત્રોમાં, ઉપનિષદોમાં, ગીતાજીમાં પરમાત્માના સ્વરૂપને "જ્ઞાનથી" સમજવા સિવાયની બીજી વાતો શોધવા જનારને કઈ લાભ મળે નહિ.**

એક સરસ સુભાષિત છે.

દ્વિ દ્વિ લોચનમ સર્વનાં, વિદ્યા નામ ત્રિલોચનમ !
ચતુર્થ લોચન ધર્માન, જ્ઞાની અનંત  લોચનમ !!

- *અર્થાત "બે આંખો બધાને હોય છે. જે સામાન્ય માનવી છે તે બે આંખો સહીત છે પણ અધ્યાત્મ દ્રષ્ટીએ અંધ છે. પરંતુ વિદ્યા પ્રાપ્ત કરેલ મનુષ્ય ( વિદ્વાન) ત્રીજી આંખવાળો હોય છે. જયારે ધર્મને સમજનારો ચાર આંખવાળો કહેવાય છે. પરંતુ "જ્ઞાની" તો અનંત લોચનવાળો કહેવાય છે".*

વળી અન્ય એક સુભાષિતમાં પણ કહ્યું છે:

ભાવેન દેવં કલયા નરેન્દ્ર, ધનેન કાન્તા કપતેન શત્રુમ!
સત્યેન મિત્રમ કૃપયા ચ પુત્રમ, જ્ઞાનેન મોક્ષ વશમાંનવેત !!

*અર્થાત " ભાવ વડે દેવ, કલાથી રાજા, ધનથી સ્ત્રી, કપટથી શત્રુ, સત્યથી મિત્ર, કૃપાથી પુત્ર અને 'જ્ઞાન'થી મોક્ષ વશ થાય છે."*
*ઉપનિષદમાં પણ આ જ વાત કરી છે:*

- *" જેઓ માત્ર અવિદ્યારૂપ કર્મ ની ઉપાસના કરે છે અથવા  જેમને માત્ર વિદ્યા માં જ રસ છે તેઓ ગાઢ અંધારામાં ઉતરે છે (વિદ્વાન). પરમ તત્વ તો વિદ્યા અને અવિદ્યા કર્મ થી જુદું છે. અવિદ્યા રૂપ કર્મ અને વિધ્યારૂપ જ્ઞાન એ બંનેને જે એકીસાથે જાણે છે તે 'જ્ઞાન' વડે અમરપણું મેળવે છે. (ઈશ: ઉપ.-૯.૧૩)"*
- *" જેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદો, તેમજ શિક્ષા, કલા, વ્યાકરણ, નિરુકત, છંદ અને જ્યોતિષ એ છ વેદાન્ગો સમાયેલા છે તેને "અપરાવિદ્યા" કહે છે. અને જેના વડે અક્ષર બ્રહ્મ નું 'જ્ઞાન' થાય છે તે "પરા વિદ્યા" છે. (મુ. ઉપ. પહેલું મૂંડક, ખંડ-૧, શ્લોક-૫)"*
- *" એક વખત અંદરના અનુભવ વડે જણાયા પછી જ તે મન વડે સમજી શકાય છે. આત્મા દ્વારા એ બ્રહ્મને મેળવવાની શક્તિ તેને મળે છે. અને 'જ્ઞાન' વડે તેને અમરપણું મળે છે. ( કેન ઉપ. ખંડ-૨, શ્લોક-૪)"*

- " આત્મ કલ્યાણ ( શ્રેય) જુદી વસ્તુ છે અને જે પ્રિય લાગે તે ( પ્રેય) જુદી વસ્તુ છે. એ બંનેના હેતુ જુદા જુદા છે. તેમાંથી જે આત્મકલ્યાણ ને પસંદ કરે છે તે ચીર સ્થાયી થાય છે. પરંતુ જે પ્રિય વસ્તુને પસંદ કરે છે તે પોતાના જીવનનું ધ્યેય ચુકી જાય છે. (કઠ ઉપ. પહેલો અધ્યાય-બીજી વલ્લી, શ્લોક ૧)"
- "જે સદા અપવિત્ર, મનની એકાગ્રતા વિનાનો અને અજ્ઞાની છે તે આત્મ તત્વ ને પામતો નથી અને  સંસારને પામે છે. પરંતુ જે સદા પવિત્ર, મનની એકાગ્રતાવાળો અને 'જ્ઞાની' છે તે આત્મ પદ ને મેળવે છે અને ત્યાંથી પાછો જન્મતો નથી. ( કઠ ઉપ. પહેલો અધ્યાય ત્રીજી વલ્લી, શ્લોક-૭-૮ )"
- " જે તત્વ જ્ઞાનેન્દ્રિય થી સમજી શકાતું નથી, કર્મેન્દ્રીયથી ગ્રહણ કરી શકાતું નથી, ઉત્પત્તિ રહિત, રંગરૂપ રહિત, આંખ -કાન વિનાનું, હાથ પગ વિનાનું, નિત્ય, વ્યાપક, સર્વમાં રહેલું અને અત્યંત સુક્ષ્મ છે તે અવિનાશી તત્વને 'જ્ઞાની' મનુષ્યો બરાબર જુએ છે. (મૂંડક ઉપ. પહેલું મૂંડક ખંડ-૧, શ્લોક-૫)"

<u>ગીતાજીમાં પણ આ જ વાત કહી છે</u>.

- " આ શરીર છોડીને જવાવાળાને, શરીરમાં સ્થિત થવાવાળાને, વિષયો ભોગવવાવાળાને, ત્રણ ગુણથી મુક્ત થવાવાળાને અજ્ઞાની લોકો નથી જાણતા પરંતુ જ્ઞાનરૂપી નેત્રવાળા 'જ્ઞાની' લોકો જ તત્વથી જાણે છે (૧૫.૧૦) "
- " તે વિષેનું 'જ્ઞાન' તુ તે જ્ઞાનીઓ પાસે વિનય પૂર્વક પ્રશ્નો પૂછીને પ્રાપ્ત કર જેમણે તત્વ દર્શન કર્યું છે. (૪.૩૪) "
- "પરમાત્મા પ્રકાશના સ્રોત્ર, અંધકારથી પર છે. તેઓ 'જ્ઞાન' છે. જ્ઞાનના વિષય છે. તેઓ સૌના હૃદયમાં સ્થિત છે. (૧૩.૧૮)"
- "દ્રવ્યમય યજ્ઞથી 'જ્ઞાન'યજ્ઞ શ્રેષ્ઠ છે. અંતે તો યજ્ઞ રૂપે કરેલા સર્વ કર્મો દિવ્ય જ્ઞાનમાં જ પરિણમે છે. (૪.૩૩)"
- "પાપીમાં પાપી હોય તે પણ જો  'જ્ઞાન'રૂપી નૌકામાં સ્થિત થશે તો દુઃખોના સાગરને પાર કરી શકશે. (૪.૩૬)"
- " આ જગતમાં જ્ઞાનથી પવિત્ર બીજું કઈ નથી. 'જ્ઞાન' તમામ યોગવિદ્યા નું પરિપક્વ ફળ છે. (૪.૩૮)"
- " જે મનુષ્ય જ્ઞાન પ્રતિ સમર્પિત છે અને જેણે પોતાની  ઇન્દ્રિયોને સયમિત કરી લીધી છે તે શ્રદ્ધાળુ વ્યક્તિ આવું 'જ્ઞાન' પ્રાપ્ત કરે છે અને પરમ શાંતિ મેળવે છે. (૪.૩૯)"
- " 'જ્ઞાન'રૂપી અગ્નિ ભૌતિક કર્મોના સર્વ ફળોને બાળીને ભસ્મ કરી દે છે. (૪.૩૭)"
- " જેના સંશયો 'જ્ઞાન' દ્વારા નષ્ટ થયા છે તે સ્વરૂપમાં સ્થિત હોય છે , તેઓને કર્મ બંધન કરતા નથી. (૪.૪૧)"
- જેઓ મોહ રહિત થઇ પરમાત્માને શરણાગત કેવી રીતે થવું તેનું 'જ્ઞાન' પ્રાપ્ત કરે છે તે અવિનાશી પદ ને પ્રાપ્ત કરે છે.(૧૫.૫)"

<u>ભાગવતમાં પણ આ જ વાત કહી છે</u>.

- "કાળ થી પૃથ્વી, સ્નાનથી શરીર, ધોવાથી વસ્ત્રો, તપસ્યાથી ઇન્દ્રિયો, સંસ્કારોથી ગર્ભ, દાન કરવાથી ધન-ધાન્ય, સંતોષથી મન શુદ્ધ થાય છે. પરંતુ આત્માની શુદ્ધિ તો "આત્મજ્ઞાન" થી જ થાય છે. (ભા. ૧૦.૪.૪)"
- "વાસ્તવમાં કર્મ વડે કર્મનો બીજ નાશ પામતો નથી. કારણકે કર્મનો અધિકારી અજ્ઞાની છે. અજ્ઞાન હોય તો પાપવાસના સર્વથા દૂર થઇ શક્તિ નથી. તેથી સાચું પ્રાયશ્ચિત્ત તો "તત્વજ્ઞાન" જ છે. ( ભા. ૬.૧.૧૧)"
- "બધી રીતે શરીર રહિત આત્માને શરીર સમજી લેવો એનું જ નામ અજ્ઞાન છે. એનાથી કર્મો સાથે સંબંધ થઇ જવાને કારણે સંસારમાં ભટકવું પડે છે. જન્મ-મરણ, અનેક પ્રકારના શોક, અવિવેક, ચિંતા આ બધાનું કારણ અજ્ઞાન જ છે. (ભા. ૭.૨.૨૫-૨૬)"

લેખક : અનુપ પી. શાહ  મો: ૯૯૯૮૯ ૬૮૫૩૩

- *"વૈદિક કર્મો બે પ્રકારના છે. વૃત્તિઓને તેના વિષયો તરફ લઇ જનારા પ્રવૃત્તિ પરક, અને વૃત્તિઓને તેમના વિષયોમાંથી પાછી વાળીને શાંત તેમજ આત્મસાત્સત્કાર ને પાત્ર બનાવનારા નિવૃત્તિ પરક. કર્મ માર્ગથી વારંવાર જન્મ મરણ મળે છે અને નિવૃત્તિ પરક ભક્તિમાર્ગ કે જ્ઞાનમાર્ગથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. (ભા. ૭.૧૫.૫૩)"*
- *"પરમાત્મા જ્ઞાન સ્વરૂપ છે. તેમનામાં લેશમાત્ર પણ અહંકાર નથી. તેઓ સર્વત્ર પરિપૂર્ણ છે, તેથી તેમને કોઈ વસ્તુની કામના નથી. તેઓ જ સઘળા ધર્મોના પ્રવર્તક અને પ્રાણદાતા છે.(ભા. ૮.૧.૧૬)"*

**વેદ, વેદાંગ, પુરાણો, ગીતા  વગેરે જે સાશ્ત્રો છે તે સરોવર રૂપે છે. તેમાં 'પરમાત્માના જ્ઞાન' સંબંધી વાતો નિર્મળ જળ રૂપી છે. પરમાત્માના જ્ઞાન સંબંધી તરસ છીપાવવા ખોબો ભરીને સરોવરના ઉપર ના શાંત પાણીનું આચમન કરવું યોગ્ય છે. વધારે ઊંડાણમાં જવાના પ્રયત્નથી સરોવરનું નિર્મળ જળ ડહોળાઈ જાય છે.**

આથી જ આપણું પહેલું કદમ હોવું જોઈએ પરમાત્માના વિષેનું 'સાચું જ્ઞાન' પ્રાપ્ત કરવાનું અને તેમની શરણાગતિ સ્વીકારવાનું..

માત્ર અને માત્ર તો જ પરમાત્મા તરફનું આત્મીય બંધન, ગતિ, મુક્તિ અને મોક્ષ શક્ય છે.

માટે જ હું ફરી કહેવાનું સાહસ કરીશ.

**"પરમાત્મા વિશેનું જ્ઞાન સૌ પ્રથમ પ્રાપ્ત કરો."**

પરમાત્માનું નિત્ય સ્મરણ અને માનસિક પૂજા કરો. મન અને વાણીની પ્રત્યેક ક્રિયાઓમાં પરમાત્માની હાજરી અનુભવો. બાકીની બધી "**સહાય પરમાત્મા જ કરશે**" તેવો દઢ વિશ્વાસ રાખી "**આત્મસમર્પણ**" કરો. અને પરમાત્માને સાચા હૃદયથી "**આત્મ નિવેદન**" કરો કે "**હું જેવો પણ છું તારો છું**" , તો જ પરમાત્મા કહેશે "**તુ મારો છે**".

અંતે એક સુંદર સુભાષિત થી મારા વિચારોને વિરામ આપીશ.(ભાગવત ૭.૬.૫ માં પણ આ સુભાષિતની વાત જ વાત લખી છે)

**" મહતા પુણ્યપન્યને ક્રીતેયમ કાયનૌસ્ત્વયા !**
**પારંદુઃખોદધેયગણતું તરયાપન્ન  મિધ્યતે  !!**

અર્થાત "દુઃખ રૂપ આ સંસાર સમુદ્રનો પાર  પામવાને માટે તે મોટા પુણ્યરૂપ આ શરીરરૂપી નૌકા વેચાતી લીધી છે. માટે તે ભાંગી ગઈ નથી ત્યાં સુધીમાં તુ આ સંસાર સમુદ્રને તરી જા".

||અસ્તુ||